# સળગાતી હવાઓ



સરૂપ ધ્રુવ

संवेदन सांस्कृतिक मंचः 'आपणुं साहित्य' प्रकाशन श्रेणीः पुस्तक-३

# સળગતી હવાઓ

સરૂપ ધ્રુવ

સંવેદન સાંસ્કૃતિક મંચ દ્વારા પ્રકાશિત
૧૯૯૫

*SALAGTI HAWAO*
*Collection of Poems*
*by Saroop Dhruv*
*April 1995*

© સરૂપ ધ્રુવ
૪, લલિતકુંજ, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯

૧૦૦૦ નકલ

મૂલ્ય : રૂપિયા પંચોતેર

આવરણ: જી. કે. પ્રજાપતિ

કૉમ્પ્યૂટર ટાઈપ સેટિંગ: સિમેટ્રી કૉમ્પ્યૂટેક,
અમદાવાદ-૩૮૦ ૦૫૪

મુદ્રક : ચંદ્રિકા પ્રિન્ટરી,
મિરઝાપુર, અમદાવાદ

પ્રકાશક : સંવેદન સાંસ્કૃતિક મંચ,
'દિગંત' ૯, રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર સ્ટેશન રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૫૧

વિતરક : ૧. સંવેદન સાંસ્કૃતિક મંચ,
અમદાવાદ-૩૮૦ ૦૫૧
દ્વારા હિરેન ગાંધી, Phone 435078
૨. સાહિત્ય સંકુલ, ચૌટાબજાર,
સુરત-૩૯૫ ૦૦૩

આ
'સળગતી હવાઓ'
દેશનાં કરોડો શોષિતો-પીડિતો-વંચિતો માટે
પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર
તેમ જ
મારા જેવાં સેંકડો કર્મશીલો, કલાકારોને
પ્રતિબદ્ધતા અને ક્રાંતિની દિશા ચિંધનાર
બિરાદર ગદ્દર
અને બિરાદર રવિ સિન્હાને
ક્રાંતિકારી સલામ સાથે.....

મારી સર્જનપ્રક્રિયા અને આ સંગ્રહનાં મારાં સહભાગીઓ જેવાં સામયિકો, સંસ્થાઓ, કર્મશીલો, વડીલો, મિત્રો અને સ્વજનો છે....

નયા માર્ગ, દિશા, ચિનગારી, અવાજ, લોક અધિકાર સંઘ, માહિતી, ઉત્થાન, સંચેતના, ઈસુસંઘ, પ્રેમલજ્યોતિ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, ગુજરાત વૉલન્ટરી હેલ્થ એસોસિયેશન, મેડિકો ફ્રેન્ડઝ, નવસર્જન-સુરત, ઉદગાર-સુરત,પરિવર્તન-વડોદરા, સહિયર-વડોદરા, વાચા-મુંબઈ, જાગ્રત-અમદાવાદ, આકાશવાણી-અમદાવાદ, ISRO, દૂરદર્શન-અમદાવાદ, ગુજરાતી લેખક મંડળ, નર્મદા બચાવો આંદોલન, હોટેલ પોએટસ ગ્રૂપ, આકંઠ સાબરમતી અને સંવેદન સાંસ્કૃતિક મંચ.

સર્વશ્રી કર્દમ ભટ્ટ, અશ્વિન દેસાઈ, દ્વારિકાનાથ રથ, વિસ્મય શાહ, ડૉ. વેલુ, ડૉ.સુબ્રત, ડૉ. મેથ્યૂ, ડૉ. ભાસ્કર, ઈશ્વરભાઈ પ્રજાપતિ, ગિરીશભાઈ પટેલ, મેધા પાટકર, મનીષી જાની, વી. એન. રૈના, દિનાઝ કલવાચવાલા, મધુસૂદન મિસ્ત્રી, ઈન્દુકુમાર જાની, રેનાના ઝાબવાલા, ધીરૂબહેન પટેલ, પ્રકાશ ન. શાહ, સોનલ શુક્લ, નાનુભાઈ નાયક, જનક નાયક, મોહનભાઈ શં. પટેલ, મૌન બલોલી, મયંક ઓઝા, હિમાંશુ ત્રિવેદી, હિરેન ત્રિવેદી, રણજીત ગઢવી, રાજુ બારોટ, સિગા જેરોમ, લેસ્ટર કુટિન્હો, ગીતાબહેન પરીખ, ગિરીશરાય, સુખદેવ,હર્ષદ દેસાઇ.

ભાઈ, અમી, અંગિરસમામા, પદ્માજા, જાનકી, હર્ષદેવ, જયશ્રી, નિર્મોહી, નાનકભાઈ, સહદેવ, દેવકી, લજ્જા, નિખિલ, વર્ષા, રમેશભાઈ, ભારતીબહેન, પ્રાચિ, ડૉ. કંચન સિન્હા, નિયતિ અને હિરેન ગાંધી.

સિમેટ્રી કોમ્પ્યુટેકના મિત્રો અને ચંદ્રિકા પ્રિન્ટરીનાં સાથીઓ.

# અગનપંખી

હું-

સરૂપ.

એક સ્ત્રી.

ઉંમર વરસ સુડતાલીસ.

આઝાદી મળ્યાને બરાબર એક વરસ પછી જનમી. જન્મ, ઉછેર, શિક્ષણ, શહેર અમદાવાદમાંઃ નાગરવાડો, આકાશેઠ કૂવાની પોળની સામે, આંબલીની પોળ સામે,....એટલે કે, તળ રાયપુર ચકલું. કુટુંબ વડનગરા નાગર ગૃહસ્થ. મા-બાપ બંનેનાં કુટુંબોમાં દાદા-દાદી, કાકાઓ, ફોઈ, નાનાજી અને મામાઓની આંખનું હું રતન. એમની આંગળી પકડીને કંઈ કેટલું ફરી, કેટલુંય શીખી. પ્રેમાભાઈ હૉલના ગૉખલામાં બેઠેલાં કબૂતરોની ગટરગૂં વચ્ચે 'મેના ગુર્જરી' અને 'મિથ્યાભિમાન' નાટકો આજેય ઝાંખાપાંખાં સાંભરણમાં છે અને પરિષદ-પ્રમુખોનાં પ્રવચનો કે ઓમકારનાથજીના જલસા આછાં આછાં પડઘાય છે - આજે પણ. માતા -પિતા પોતે સુશિક્ષિત-ગુજરાત કૉલેજનાં ઑનર્સ ગ્રેજ્યુએટ અને અમદાવાદની તમામ સંસ્કાર પ્રવૃત્તિઓમાં સક્રિય. બૅરોનેટ અને સારાભાઈ કુટુંબોમાં બે પેઢીનો સંબંધ. ઘસાતાં જતાં મહાજનોની જાહોજલાલીની છેલ્લી ઝલકની જાણે હું સાક્ષી.

મોસાળનું તો લગભગ વળગણ. એ આલિશાન હવેલીના ત્રીજા માળે, ઊંધાં પડયાં પડયાં, કલ્લાકો સુધી 'કુમાર'ના પાછલા અંકો પેટ ભરીને વાંચતી હોઉં કે 'લાઈફ'ને 'નેશનલ જ્યોગ્રોફિક'ને પાનાં ભરીને પીતી હોઉં ત્યાં નીચેથી જમવાની બૂમાબૂમ થાય તેની કોને પરવા હતી ? ઠેઠ સાતમે વર્ષે નિશાળે બેઠી એ પહેલાં તો ખાસ્સું વાંચતાં લખતાં શીખી ગઈ હતી અને ભણેશરી તો એવી કે વડીલોએ મારા હાથમાંથી ચોપડી ઝૂંટવીને સૂઈ જવાનો આદેશ આપવો પડે. પુસ્તકો અને ચિત્રપોથીઓનો પાર ન મળે. પૂર્વ-પશ્ચિમની ચિત્રકલા ને શિલ્પકલા જોવા માણવાનો ચસ્કો એવો પડયો કે મોટી થઈને પેરિસ-રોમ જઈશ. ને જાતે બધાં ચિત્રો-શિલ્પો જોઈ આવીશ એવો સંકલ્પ ઠેઠ ત્યારથી લઈ લીધેલો.ફિલ્મોનાં દ્વાર પણ એટલાં જ ખુલ્લાં-કુટુંબમાં આ બધાંને 'શોખપૂર્વક' નહિ, ગંભીરતાપૂર્વક, સંસ્કાર-શિક્ષણ લેખે સ્વીકારવામાં આવતું.

.....અને હા, વારતહેવારની ઉજવણીઓમાં અમદાવાદી તહેવારો ઉતરાણ ને રથયાત્રાનો રોમાંચ તો જાણે तेहिनो दिवसा: गता:...... દરેક વર્ષગાંઠે થતી સત્યનારાયણની કથામાં રસ તો પ્રસાદમાં જ વધારે પણ વારતારસ પણ ઓછોઅદકો નહિ....પેલો ગરીબ બ્રાહ્મણ સાધુવાણિયો ને લીલાવતી-કલાવતી, કઠિયારો ને તુંગધ્વજ રાજા પણ એટલાં જ રસપ્રદ લાગે. મોટાં માશીબાને ઘેર બેસાડાતાં ભાગવત ને રામાયણમાં સદંતર સક્રિય. આરતીના સમયે જાતજાતના વેશ કાઢીને આરતી તો મારે જ ઉતારવાની. ધ્રુવ-પ્રહલાદ-સુધન્વા ને ચન્દ્રહાસ 'કલ્યાણ'નાં પાનાંમાંથી ઊતરીને સપનામાં પણ આવે. વળી સૌથી મોટી દીકરી, એટલે પાંચે પાંચ વરસ ગોર્યોનો ઠાઠમાઠ તો જોવા જેવો. અંબોડાના ફોટા લેવાય અને રોજ સાંજે બહેનપણીઓ ને પિત્રાઈ બહેનો સાથે ભાતભાતના ફરાળ જમાય. જો કે આનાં દેવસ્થાનમાં ન જવાય ને પેલાને ઘેર ન જમાય એવી શિખામણ કદી ચુસ્ત પુષ્ટિમાર્ગી દાદીમાએ પણ આપેલી નહિ. એ જ હવેલીની પછીતે પીર સાહેબનું થાનક ને રોજ સાંજે ધૂપદીપનું કરોઠુંયે ખરું જ.

-તો આ હતી હું. જનમતાંવેંત સાંપડેલા આ રાજમાર્ગ ઉપર ચાલતાં, વરસોવરસ પહેલા નંબરે પાસ થવામાં કંઈ ઝાઝી મહેનત કરવાની નહોતી. આટલું ઓછું હોય તેમ, અગિયારમા વર્ષે રાયપુર છોડીને નવરંગપુરામાં રહેવા મળ્યું....જો કે રાયપુર તો આજની તારીખમાંયે છૂટયું નથી, એ વાત જુદી. સહશિક્ષણ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, લેખન વાંચનનો શોખ.....આ બધું વગર મહેનતે વિદુષી થવામાં સહાયરૂપ હતું એમ નિઃસંકોચ કહી શકાય. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં સામાજિક સંબંધોની ક્ષિતિજો વિસ્તરી. પારસી, મુસ્લિમ, ખ્રિસ્તી મિત્રમંડળ બહોળું થયું, ખાનપાનના આચારવિચાર મુક્ત બન્યા અને પ્રવાસ-પર્યટનો પણ થયાં. ગુજરાતી સાહિત્ય પરનો અનુરાગ હવે ઝનૂનમાં પલટાતો જતો હતો. સાહિત્યનો અભ્યાસ કરવો, ભાષાઓ શીખવી, અધ્યાપક થવું, થવાય તો લેખિકા થવું, પ્રતિષ્ઠા મેળવવી, અનોખું વ્યક્તિત્વ હાંસલ કરવું એ જ જાણે જીવનમંત્ર અને જીવવું-'સ્વસ્થ' બનીને રહેવું અને 'સ્વનામ' ને 'સ્વમાન' પામવું એ જ જાણે જીવનસૂત્ર.

કૉલેજ કાળ દરમ્યાન ભારત-પાક. યુદ્ધ થયું. ૧૯૬૫. પણ એના વિષે તો વિચારવાનું જ નહિ ને....એમ તો આઠેકની હોઈશ ત્યારે મારા જ રાયપુર ચકલામાં મહાગુજરાત આંદોલનનો બૂંગિયો પિટાયો'તો, ઈંદુચાચાની સિંહગર્જનાઓ થતી હતી. ટીયરગેસ કરફ્યૂ, લાઠીચાર્જ જેવા શબ્દો બાળપણમાં જ સાંભળવા-શીખવા મળેલા, પણ એમાં તો ઊંડાં જ ના ઊતરાયને...... રાજકારણ માત્ર ગંદુ ! સમાજ તો કાદવિયું ખાબોચિયું ! !



એટલે જ કૉલેજકાળમાં કરેલા ઈતરવાંચનમાં, ગુજરાતના તત્કાલીન સાહિત્યકારોએ પોતાની રીતે અવતારેલો 'અસ્તિત્વવાદ' અને 'યુદ્ધ-વિરોધ' ગમી ગયેલાં. ભોગીલાલ ગાંધી અને સુરેશ જોષીની આંગળી પકડીને વિશ્વસાહિત્યમાં પ્રવેશ કરેલો. એબ્સર્ડ, મોડર્ન અને અસ્તિત્વવાદ, સુરરિયાલિઝમ ને દાદાવાદ, બીટલ્સ અને એલન ગિન્ઝબર્ગ તરફ આકર્ષાણ થયેલું......દોસ્તોયવ્સ્કી અને ટૉલ્સ્ટૉય પણ પેટ ભરીને પચાવેલા. પણ પાબ્લો નેરૂદા, મુક્તિબોધ કે મહાશ્વેતાદેવીનાં ત્યારે નામ પણ નહોતી જાણતી......નેરૂદાના પેલા ગધેડાને ઓળખતી થઈ ત્યારે પણ ગદ્ધાવેતરું કરનારા એનાં જ દેશબાંધવો વિશે કંઈ જ નહોતી જાણતી. ગુજરાતના પશ્ચિમ-પ્રેમીઓની બલિહારી, બીજું શું ?

......ને આ જ રાજમાર્ગ લઈ આવ્યો મને ગૂજરાત વિદ્યાપીઠ સંશોધન વિભાગમાં. Ph.D. ના અભ્યાસનાં એ વર્ષો દરમ્યાન વિશ્વના સમરાંગણમાં તો કેટકેટલું બની રહ્યું હતું. કટોકટી અને નવનિર્માણ, અમદાવાદનાં વરવાં કોમી રમખાણો અને સાબરમતીની ભીષણ રેલ......પણ હું તો મારે ગૂજરાત વિદ્યાપીઠના ટાઢાબોળ ભોંયરામાં બેઠીબેઠી લદાદા લદાદા ઘૂંટતી'તી અને દિવસની બે લેખે ગઝલો બહાર પાડતી'તી..... હા, આસપાસની આબોહવા નહિ પણ સાથે બેસતાં મિત્રો-સહાધ્યાયીઓનો સંગ જ મને એક જ ધક્કે ઉપાડીને લઈ આવેલો કવિતાની દુનિયામાં. કલમ ઉપાડીને કવિતાનો ક ઘૂંટયો એટલામાં તો કવિતા બની ગઈ મારું હરતું ફરતું કવૉરન્ટાઈન.

પેલી તરફ નવનિર્માણ આંદોલન જોર પકડતું હતું, ગુજરાતનાં અને દેશભરનાં યુવાનો-યુવતીઓ જે.પી.આંદોલનમાં ઝંપલાવતા હતાં, સાહિત્યક્ષેત્રે આધુનિકતાવાદના અતિરેક સામે બંડ પોકારતું 'હું' ગ્રૂપ અવનવા કાર્યક્રમો આપી રહ્યું હતું પણ એ વખતે હું તો 'રે મઠ'ના આધુનિકતાવાદીઓની નિશ્રા હેઠળ આત્મલક્ષી સંવેદનોમાં રાચતાં કાવ્યોમાં ગળાબૂડ હતી. મારી કાવ્યપ્રવૃત્તિ ધમધોકાર ચાલતી હતી. મારા સિવાયના તમામ પરિવેશથી બેખબર, બેપરવા. પ્રેમચંદ, ગોર્કી, મન્ટોને નહોતા વાંચ્યા એવું નહોતું પણ એવું સાદુંસીધું, વાસ્તવક્ષી 'મારે' નહોતું 'લખવું'. વિદ્યાપીઠના એ વિશાળ ગ્રંથાગારમાં ઘણું બધું જીવનલક્ષી સાહિત્ય વાંચ્યું પણ મારી કલમને એ દિશાથી દૂર જ રાખી અને એ પ્રતાપ હતા મારા તત્કાલીન પૂર્વજ કવિઓને પગલે પગલે ચાલવાની મારી પ્રતિજ્ઞાના. મને બરાબર યાદ છે, એ કવિ-લેખકો 'નવનિર્માણ' દરમ્યાન તત્કાલીન મુખ્યમંત્રીના નામનું નહાવા ગયેલા, મરસિયા રચેલા, છાજિયાં લીધેલાં.....પણ આ આખી બિના વિશે મને સમી સાંજે, એ લોકો પાછા ફરેલા ત્યારે જ જાણવા મળેલું. જો કે એમાં ભાગ ન લેવાયાનો તો મને પણ કોઈ અફસોસ

નહોતો થયો, કેમ કે એ લોકો માટે પણ એ માત્ર એક થ્રીલ હતી-છમકલું હતું-ઉદ્દંડ અભિવ્યક્તિ હતી. વિચારશીલ પોલિટિકલ એક્શન નહોતું. ગંભીર સાહસ નહોતું. એવી કોઈ પ્રવૃત્તિનું સાતત્ય નહોતું. જો કે આ બધું તો પછી સમજાયું. એ વખતે તો હું જ મારી દુનિયામાં રાચતી'તી ને....શબ્દોમાં રમતી'તી ને શબ્દોને રમાડતી'તી. છાક હતો, તાજગી હતી....એટલે તો એ લોકોએ હથેલીમાં ને હથેલીમાં રાખેલીં. એ રીતે કહેવા જાઉં તો એ વડીલ પેઢીએ મને અન્યાય કયારેય નહોતો કર્યો, બલ્કે સમોવડિયા મિત્રની જેમ જોઈ હતી......કેમ કે હું એમની ભાષા બોલતી હતી, એમની જ નજરે જોતી હતી. છતાંય મારી પોતાની સર્જકતાનેય એમણે ઊંચકી લીધી હતી અને એ કારણે જ એ સ્થાપિત થતી જતી પેઢીમાં મારોય એક ખૂણો નિશ્ચિત થતો જતો હતો. આધુનિક સાહિત્યના એકદંડિયા મહેલમાં ઈચ્છાકુંવરીનું અંતઃપુર કંડારાયે જતું હતું.

જો કે '૭૮માં એ લોકોથી છૂટાં પડયા પછી તાગ આવેલો કે સાહિત્યની અને જીવનની સમજણની કઈ ગતિ મેં પકડી રાખેલી. એ સર્જકોએ ગાંધીયુગની ચાવળાઈ અને મંગલ-મંગલની પોકળ રટણા સામે માથું ઉંચકેલું એ સાચું પરંતુ એ વિદ્રોહ બાહ્ય કલેવરો પૂરતો જ સીમિત રહેલો. એ પછી સાહિત્યનાં 'ફોર્મ્સ'માં કરેલા આત્યંતિક પ્રયોગો હોય, વિવેચનની ભાષા બદલવાની ચળવળ હોય કે સમાજના પરંપરાગત ઢાંચાને પોતાનાં વર્તન-લેખનથી આઘાત આપવાના તોફાનો હોય-એ ઉપલકિયાં છબછબિયાં હતાં. એની સાથે કોઈ જીવનદર્શન નહોતું જોડાયું. જીવાતા જીવન કે આ સમાજના આમ આદમી સાથે એમનાં છમકલાંનો કોઈ અનુબંધ નહોતો જોડાયો. એમાંના ૯૯ ટકા સર્જકો ગામડેથી કે નાનાં નગરોમાંથી શહેરીજીવન ભણી આવેલા પણ એક-બેને બાદ કરતાં એ અલગાવ, મૂંઝવણ કે તનાવ કે અન્ય પ્રશ્નો એમના સાહિત્યના એકે ખૂણામાં નહોતા જણાતા. ઉલ્ટું આયાતી સાહિત્ય-ભાવના-વિભાવનાઓને પણ એમણે પોતાની આવડત પ્રમાણે ને પોતાને ફાવતા ઘાટઘૂટમાં ઊતારી. એ બનાવટી વાઘા સ્વાભાવિક રીતે જ સમય જતાં સડવા લાગ્યા ને ખર્‌ખર્ ખરી પડયા. આમ તો 'રે મઠ'ના એ સર્જકો અમુક સમય પછી પામી જ ગયા હશે આ આયાતી વિભાવનાઓના આભાસીપણાને.....ને એટલે જ 'આકંઠ સાબરમતી'નાં લીલાનાટકોમાં કયાંક ચીલો ચાતરવાના પ્રયત્નો હતા, કે 'હોટલ પોએટસ ગ્રૂપ'માં કાવ્યના પ્રત્યાયન માટે નૃત્ય, સંગીત કે નાટ્યની સહાયથી કમ્યૂનિકેશનના ઈન્કારવાળી જિદ્દને છોડવાના પ્રયત્નો જોવા મળતા હતા. પણ એ બધાંનેય કોઈ ઊંડાણ નહોતું, વિચારસરણી કે સ્પષ્ટ ફિલસૂફી નહોતી બલ્કે ઠરીઠામ થતાં જવાની, આવનારી પેઢીનાં પિતૃપદ શોભાવવાની ઘખના જ હોઈ શકે. એટલેસ્તો આજે બે જ દાયકામાં જોઈ શકાય છે કે એના એ જ લોકો સુસ્થાપિત ભાષામાં



બોલતા થઈ ગયા છે, માનપાનસન્માનમાં ગડીબદ્ધ ગોઠવાતા થઈ ગયા છે, સરકારી સલામોમાં રાચતા થઈ ગયા છે. પેલી બિન્ધાસ્ત બંડખોરીની તો ભઠિયારગલીમાં ચોંપ ખાવામાં, ગાળો બોલવાલખવામાં કે ધૂમ્રપાન-મદ્યપાનના છોછ છોડવામાં જ ઈતિશ્રી આવી ગઈ છે.

અલબત્ત, મારાં એ વર્ષો સાવ એળે ગયાં એમ તો નહિ જ કહું. સૌથી પહેલાં તો કવિતાની શિસ્ત મળી, આત્મવિશ્વાસ મળ્યો, રંગભૂમિની ભાષા સુધી પહોંચવાનો મોકો મળ્યો અને ભલભલાની ઐસીતૈસી કરી શકાય એવો મિજાજ મળ્યો.

જો કે છૂટાં પડવાનું થયું ત્યારે આ હકારાત્મક પાસાં પણ ધૂંધળાં બની જાય એવું બનેલું. શબ્દમાંથી જન્મીને શબ્દમાં જ વિલીન થતી કવિતા અને લીલાનાટ્યોની ઘણી ખરી ક્ષમતા તાગી ચૂકેલા એ લેખકો ત્યાંથી આગળ જવાને બદલે ગોળગોળ ફરી રહેલા. એમને સફળતાનો ખુમાર ચડેલો જ હતો ત્યાં સેચ્યુરેટીંગ પોઈન્ટ આવી ગયું. એમણે મૂલ્યોની ભેળસેળ કરી મૂકી. જો રંગભૂમિ સાથે કામ પાર પાડવું હોય તો ટીમવર્ક, નટ-લેખક-દિગ્દર્શક વચ્ચેનો આંતર્‌સંબંધ વગેરે મુદ્દા ગંભીરપણે લેવાવા જોઈએ તેને બદલે લેખકોના અહમે માથું ઊંચકયું અને સાથે કામ કરતાં નવી પેઢીનાં લેખકો, નટોની નિષ્ઠા, ઉત્સુકતા કે તરવરાટની તમા કર્યા વગર એ લોકોથી છેડો ફાડવાના ઠરાવો પસાર કરવામાં આવ્યા. કંઈક અંગત અને કંઈક વિભાવનાગત સમજણના આધારે 'આકંઠ સાબરમતી' અને 'હોટલ પોએટ્સ ગ્રૂપ'માંથી હું અને કેટલાક જુનિયર સભ્યો અલગ થયાં. જેમાં આજે પણ જેમની સાથે કાર્યરત છું તેવા ભાઈ હિરેન ગાંધી પણ ખરા જ.

છૂટાં પડવાનું થયું. એક કોચલું ફૂટયું. એક કોશેટો તૂટયો. એક ભ્રમ ભાંગ્યો. ત્યારે જ સમજાયું કે હું એમના ઘરાણાંની નહોતી. માત્ર હું જ શા માટે, લુપ્ત સરસ્વતી જેવા મારાં સૌ એચ.પી. મિત્રો-ખાસ કરીને નવોદિતો પણ એ ઘરાણાંનાં નહોતાં. કેમ કે અમે જે સમયમાં જીવતાં હતાં એ સમય-એ ભૂમિકા અમારાં સર્જનમાં પ્રતિબિંબિત ભાગ્યે જ થતાં હતાં. અમે 'પેલા લોકોની' નજરે કવિ કહેવાઈએ 'એવું' અથવા તો વધારે સાચી રીતે કહું તો 'એવી રીતે' લખવા વળ્યાં હતાં. એક તબક્કે 'રીત' જ કવિકર્મ બની ગઈ હતી ને એટલે જ કદાચ એચ.પી.નો અવાજ ખોવાયેલો છે. પણ સર્જકતાને તો જ્યાં ને જેની આંગળી પકડવા મળી તેની સાથે ગઈ. માહૌલના ખેંચાણને આ રીતે તપાસવું બહુ જરૂરી હતું પણ એ તો એમાંથી બહાર આવ્યા પછી જ દેખાયું. સમજાયું. એ વખતે તો ખાસ્સો આઘાત લાગેલો. ગુમાવ્યું'તું પણ ખરું- કવિ થયાનો આનંદ, એ જ દિશામાં કારકિર્દીની તકો, અંગત અને ઘનિષ્ટ મિત્રો અને પેલો 'માહૌલ'. આમ તો કવિતા આપણા જીવનનો એકાદ હિસ્સો હોવો

જોઈએ પણ મારે માટે તો આખુંમાખું જીવન જ એ હતું- જીવનપદ્ધતિ જ કહોને...... અઘરું હતું એ હવા વિના જીવવાનું પણ ત્યારે જ ખ્યાલ આવ્યો કે જીવવાનું છે -એમના વિના, લખવાનું છે - એ સિવાય; દુનિયા છે-ઘણી મોટી છે અને એ દુનિયામાં, દુનિયા વિશે, દુનિયા માટે કશુંક કરવાનું છે....જો કે આ ધ્રુવપદ પામતાં પહેલાં કંઈ ઓછી નથી વિતી.

શરૂશરૂમાં તો નાળ વિચ્છેદ નહિ થયાની જ હાલત રહેલી. એ જ અરસામાં ઉમાશંકરભાઈ, ભાયાણી સાહેબ, રઘુવીરભાઈ, ચંદ્રકાંતભાઈ શેઠ જેવા અનેક સર્જક વડીલોની સંસ્થા 'નક્ષત્ર'નું આમંત્રણ મળ્યું - પ્રથમ કાવ્યસંગ્રહ માટે. '૭૪ થી '૭૯ દરમ્યાન લખેલાં કાવ્યો પસંદ કરીને '૮૨માં 'મારા હાથની વાત' બહાર પાડી. વિચિત્ર અનુભવ હતો એ-જાણે કે અવૈધ સંતાનનો જાહેરમાં સ્વીકાર કરતી હોઉં એવી લાગણી થતી હતી. કશી ખાસ નોંધપાત્ર 'ઘટના' ન બની. એક પ્રકારનો નિર્વેદ હતો. અલબત્ત. 'સાહિત્ય પરિષદ'નો પુરસ્કાર જરૂર મળ્યો પણ એ તબક્કાનાં ભૂતપૂર્વ સાથીમિત્રો વગર કશોય આનંદ પડવો અશક્ય હતો. જે ભોંયમાંથી આ રચનાઓ ઊગેલી એ ભોંય તો પગ નીચેથી સરી ગઈ હતીને..... કપરા હતા એ દિવસો.

આજે આટલે વર્ષે આ બધું લાંબી લેખણે લખવા જાણી જોઈને બેઠી છું. સમજું છું કે આનાથી શું શું બહાર આવશે. પણ મારે જ્યાં આંગળી મૂકવી છે તે સંવેદનશીલ સર્જકને લાગેલો અંગત આઘાત નથી. એક વળાંકની વાત કહેવી છે મારે-જે કાંતો તમને સાવ ખતમ કરી નાખે, કાં તો તમને મૂળસોતાં પલટી નાખે. મારા કિસ્સામાં મારે લગભગ ખતમ થયા પછી બદલાવાનું થયું છે અને એની જ વાત કરવી છે મારે.

એમ બદલાતાં જે પામી છું એની વાત કરવી છે મારે. માત્ર કવિતા કે માત્ર સાહિત્યની વાત નથી, જીવન સમસ્તની વાત છે. 'એ લોકો' જેને 'સાહિત્યેતર', 'કવિતા સિવાય બીજું બધું' કહે છે એ પામી છું-એના દ્વારા પામી છું. એ 'ઈતર'ની વાત કરવી છે મારે. એ 'ઈતર'ને કવિતામાં આણ્યું છે અને એને જ કવિતા-સાહિત્ય તરીકે સ્થાપવું છે મારે.

પહેલવહેલી આ 'ઈતર' દુનિયામાં પગ ઠેરવવા ભોંય મળી તે 'ઈસુસંઘ'. જેસુઈટ સોસાયટીમાં વ્યવસાયે હું ભાષાશિક્ષક. આ સંસ્થામાં છેલ્લાં વીસ વર્ષથી ધર્મસંઘી સાધુ-સાધ્વીઓને (ફાધરો, બ્રધરો, સિસ્ટરો) અને અન્ય બિનગુજરાતીભાષી વિદ્યાર્થીઓ, સંશોધકો, કલાકારોને ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિનું શિક્ષણ આપું છું. આપણા આખાયે સાંસ્કૃતિક પરિવેશને જુદા સંદર્ભમાં જોવાની તક મળી



છે. ગુજરાતનાં ગ્રામીણ તેમ જ શહેરી ગરીબ-પછાત વિસ્તારોમાં કામ કરતા ઈસુસંઘીઓને ભાષાકીય સહાય આપવાના પ્રયોજનથી લગભગ '૭૮થી આરોગ્યલક્ષી નાટકો, કઠપૂતળી ખેલ વગેરેની સ્ક્રીપ્ટો લખવાનું મેં શરૂ કરેલું. એ જ સંદર્ભમાં આદિવાસીઓ, દલિતો, મજદૂરો, પછાત-ગરીબ નાગરિકોના પરિચયમાં આવતી ગઈ. એમની વાસ્તવિક પરિસ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ થયો. એમને માટે લખાનારી સ્ક્રીપ્ટો માટેની મુખ્ય શરત એ હતી કે એ સહેલી, સુબોધ અને રસપ્રદ હોવી જોઈએ- અને હું તો હતી દુર્બોધ, સંકુલ, એબ્સર્ડની લેખિકા. લોકલક્ષી અને લોકગમ્ય લેખન કરવા માટે મારી સજ્જતા કેટલી ? છતાંય ફાધરો વિશેના અંગત અહોભાવથી અને મોટે ભાગે તો 'સમાજકલ્યાણ'ની શુભભાવનાથી આ સાહસમાં ઝંપલાવ્યું. લખ-છેક-ભૂંસ-લખના ધોરણે લોકોને સમજાય એવું લખવાના મનોયત્નો કર્યે રાખ્યા. આ મનોયત્નોએ મને સરળતા તરફ વાળી. લોકજીવન અંગે ચિંતા કરતી કરી મૂકી. ગામડું, ગરીબી, અનારોગ્ય, શહેરીકરણની સમસ્યાઓ...કેં કેટલી નવી દુનિયા નજર સમક્ષ ખૂલતી ગઈ. જો કે આ લેખનને હું 'સાહિત્ય'ની કોટિમાં નહોતી મૂકતી. મારી સાહિત્ય વિશેની ચોક્કસ પારંપરિક, બુર્ઝવા વ્યાખ્યાઓ હજી બદલાઈ નહોતી. પેલી સામાજિક સમસ્યાઓને પણ 'ઈસુસંઘ'ની નજરે જોતી હતી- કરૂણા, અનુકંપા, સેવા, બલિદાન.... ત્યાં પરિવર્તન કે પડકારની પરિભાષા તો આવે જ ક્યાંથી ? પણ એટલું નક્કી કે આ સમય દરમિયાન વિસરાઈ ગયેલા કે ક્યારેય નહિ જોયેલા -જાણેલા જનસમુદાયની નજીક જવાની શરૂઆત થઈ.

એ જ વ્યવસાયના ભાગરૂપે, '૭૮માં જ- અમદાવાદની સ્વૈચ્છિક સંસ્થા 'સેવા'ની કેટલીક નિરક્ષર બહેનોને ભણાવવાનું કામ મળ્યું. શાહપુર-દરિયાપુરવાસી એ મુસ્લિમ બહેનો રજાઈની ખોળો સિવવાનું કામ કરે. સાંજે પાંચેક વાગે કામથી પરવારીને ભણશે એવું ઠરાવેલું. હું તો સમયસર ત્યાં પહોંચી જતી, પણ બહેનોનું કામ તો ખૂટે જ નહિ. દુકાનના ખૂણે પડેલી પાટલી પર બેઠી બેઠી હું એમનો ચિંદીના વેપારીઓ સાથેનો વહેવાર જોયા કરું, એ બહેનોનાં કુટુંબજીવનના પ્રશ્નોમાં રસ લઉં....જોઉં ને મૂંઝાઉં કે શું છે મારું આ ભાષા શિક્ષણ ? શું છે પ્રત્યાયનનું પ્રયોજન ? આ શ્રમજીવી બહેનોને સ્પષ્ટ, શિષ્ટ ભાષાની કેમ ને કેટલી જરૂર છે ? ભાષાના અભાવની શી વેદના હોઈ શકે ? ભાષા અને શિક્ષણ જો આત્મવિશ્વાસ અને સત્તા આપી શકતાં હોય તો આ લોકોનું શું જેમની પાસે એ નથી ? ધીરે ધીરે એ પ્રશ્નચિહ્ન મોટું ને મોટું થતું ગયું. આ બહેનો, પેલાં ઝૂંપડાવાસીઓ, પેલા ગ્રામીણ ગરીબો, પેલા આદિવાસીઓ પાસે 'આપણી ભાષા'નું પીઠબળ નથી. કેમ ? કોણે આ ભાષા સુધી એમને પહોંચવા નથી દીધાં ? શું છે આ સાંસ્કૃતિક કાવતરું ?.....અને સામે પક્ષે હું ને પેલા કવિઓ ? ભાષાબાજીમાં રાચતાં ને અર્થને અન-અર્થ સુધી ખેંચી

જતાં અમે......અમારે મન ભાષા તો 'છપ્પનછૂરી', 'છિનાળ'ને 'છાકટી વેશ્યા' ! આ તે કેવા વિરોધાભાસ ? કેમ ? મારી અને મારાં આ લાખ્ખો માનવબાંધવો વચ્ચે આટલું ભાષાકીય અંતર કેમ ? મારી ભાષા દ્વારા, મારી આવડત દ્વારા મેં આ લોકો માટે શું કર્યું ? ઉલ્ટું એ શક્તિના જોરે તો મારી પેઢાનપેઢીથી આમના ઉપર તાગડધિન્ના કરી ... શું છે મારી કવિતા ? કોને માટે ? શા માટે ? ચપટીક આત્મસંતોષ કે આભ જેવડા અહમ્‌ને પોષવા માટે ?......ત્યારે જ, ત્યારે જ મને મારી વિશિષ્ટ ભાષાશક્તિનાં કવચ-કુંડળ ઊતરડી ફેંકવાની ઇચ્છા થઈ ગઈ....ત્યારે જ.

કહી શકો, આને તમે એક જાતનું આત્યંતિક વલણ કહી શકો. પણ એ હતું. આ બધો જ ધમધમાટ મારી અંદર ચાલતો હતો. પણ કવિ તરીકે, સર્જક તરીકે મારી શી ભૂમિકા હોઈ શકે ? મારે ખરેખર શું કરવું જોઈએ ? કવિતા દ્વારા આ પ્રશ્નોને કયાં-કેવી રીતે મૂકવા જોઈએ એવું કશું કળાય એવું ને એટલું અજવાળું હજી પામી નહોતી. ને એટલે કાવ્યસર્જન બહુ મંદ પડી ગયું.....ને જે કાંઈ લખાયું તેમાં આ તરફડાટ, આ અધૂરપ ને આ મથામણ જ ડોકાતાં રહ્યાં.

'૮૧થી શરૂ થયેલો નવમો દાયકો ઘણું બધું સાથે લઈને આવ્યો. અનામત વિરોધી આંદોલન, દલિતજાગૃતિ, દલિત સાહિત્યનું આંદોલન અને પેલી બાજુ ત્રીજા વિશ્વના દેશોના મુક્તિ સંગ્રામો અને નારીવાદી ચેતના પણ જોર પકડતા જતાં હતાં. દેશ અને દુનિયાનાં પડળો ખસતાં જતાં હતા....પડો સળવળતાં થયાં હતાં. સમસ્ત વંચિતો પ્રત્યેની સભાનતાનો ઉદય ચોમેર થઈ રહ્યો હતો. ક્ષિતિજો વિસ્તરતી જતી હોય એવું લાગતું હતું. મારું મિત્રવર્તુળ બદલાયું હતું. જેમાં કર્મશીલો હતા, દલિત સાહિત્યકારો હતા, પ્રતિબદ્ધ યુવાનો હતા, નારીવાદી કાર્યકર્તાઓ હતાં ને યુવાન તરવરિયા ઈસુસંઘીઓ પણ હતા. જ્ઞાતિવાદ, સામાજિક અન્યાય, ધાર્મિક કટ્ટરવાદ, લોકશાહી મૂલ્યોનું પતન....જેવા નવા વિષયો મારા કાને પડતા ગયા. શબ્દભંડોળ બદલાતું ગયું, વિસ્તરતું ગયું. અંદરોઅંદર કંઈક ખળભળવા લાગ્યું, કોઈક અદીઠ વડવાનલ મારી અંદર ભભૂકી ઊઠયો....કશાકની તાવણી શરૂ થઈ ગઈ હતી.

'૮૪માં હિરેન ગાંધી અને અમે કેટલાંક મિત્રોએ 'સંવેદન નાટ્ય સંકુલ' શરૂ કર્યું તે પહેલાં, '૮૧થી ૮૩'ના ગાળામાં 'ધૂર્જટિ'નાં મિત્રો સાથે પણ કામ કર્યું. આ મિત્રો નવમા દાયકાની રંગભૂમિની ખોજમાં કાર્યરત હતાં. મુકતાંગન મંચ, પુઅર થિયેટર, ગ્રોતોવ્સ્કી, બાદલ સરકાર...અમારા કોડ વર્ડ હતા. પણ નાટક સીધી રીતે સમાજ પરિવર્તનનું વાહન બની શકે એ વાત તો '૮૪માં જ સમજાઈ.....આ દિશામાં આંગળી ચિંધી ક્રાંતિકારી વડીલ બિરાદર દ્વારિકાનાથ રથે. હું તો જો કે શરૂઆતમાં નેપથ્યમાં હતી.... પણ એક જ સપાટે સરકારના હાથમાં સપડાવાનું થયું. રાજકીય



સંદર્ભ ધરાવતા નાટક સામે પક્ષીલ રાજકારણ, બુર્ઝવા બુદ્ધિજીવીવર્ગ અને કલાવાદી કલાકારો-સાહિત્યકારોનું વલણ કેવું હોઈ શકે એનો પરચો લાગલો જ થઈ ગયો. હિરેને શહીદ ભગતસિંહના જીવન-કાર્ય ઉપર આધારિત નાટક 'ઈતિહાસની બીજી બાજુ' લખ્યું. ગુજરાતનાં ૭૦ જેટલાં નવલોહિયા યુવાનયુવતીઓની સહાયથી તૈયાર થયું. પણ ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડે (સેન્સર બોર્ડ) એની ભજવણી અટકાવી. કલા ઉપર સત્તાની તરાપ ! વિચારસ્વાતંત્ર્ય ઉપર સેન્સરશીપનો અમારો આ પહેલો અનુભવ. ટૂંકમાં કહું તો મારા અને હિરેનના પોલિટિસાઈઝેશની શરૂઆત.

એ ઓગસ્ટ '૮૪થી શરૂ થયેલો અમારો અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો સંઘર્ષ આજે પણ ચાલુ જ છે. એ પછી નાટક હોય, કવિતા હોય, ટી.વી. કે રેડિયો કાર્યક્રમ હોય. અમારી સામે પ્રમાદી, મૂર્ખ, સત્તાખોર અમલદારશાહી ઉઘાડી પડતી ગઈ છે. પુરાતનપંથી વડીલશાહી મૂલ્યો ધરાવતાં, મૂડીવાદી જમણેરી સામાજિક વલણો ધરાવતા સાહિત્યકારો અને બુદ્ધિજીવીઓ પણ ખુલ્લા પડી ગયા છે. અમારે આની સામે સતત પડકાર ફેંકતા રહેવું પડે છે.

'૮૪માં શરૂ થયેલી સેન્સરબોર્ડ સામેની લડાઈમાં કેટલાંય નવા જનવાદી ક્રાંતિકારી, નાગરિક અધિકારો માટે કાર્યરત કર્મશીલો, બુદ્ધિજીવીઓ અને પત્રકારો, સાહિત્યકારોના નાના પણ જીવંત સમુદાયનો પરિચય થયો. ટેકો મળ્યો. મુરબ્બી ગિરીશભાઈ પટેલ જેવા પારકી છઠ્ઠીના જાગતલ ધારાશાસ્ત્રીની મૈત્રીભરી હૂંફ મળી. સ્થાનિક તેમ જ રાષ્ટ્રીય સ્તરે અમારાં જેવા સમદુઃખિયાં અને સમોવડિયાં સાથીઓ સાંપડયાં. માત્ર અભિવ્યક્તિ-સ્વાતંત્ર્યના મુદ્દાથી શરૂ થયેલું અમારું રાજનૈતિક શિક્ષણ પછી તો વિસ્તરતું ગયું. જનવાદી ક્રાંતિકારી આંદોલનોની કિતાબો ઊઘડતી ગઈ, વંચાતી ગઈ. સમજાવા માંડયું કે પેલાં ઝૂંપડાવાસીઓ, દલિતો, આદિવાસીઓ, બેકાર મિલમજૂરો, બાળમજૂરો, શોષિત લઘુમતી કોમો, દિશાહીન વિદ્યાર્થી સમુદાય, પોકળ ધ્યેયોમાં રાચતો મધ્યમ વર્ગ....બધું જ કેમ- શા માટે - શા કારણથી અસ્તિત્વ ધરાવે છે ? અસંખ્ય પડદા ચિરાતા ગયા, પાટા ઉખેળાતા ગયા. સમજાતું ગયું કે સઘળા સવાલોનો જવાબ એક જ છે- ક્રાંતિ. સ્પષ્ટ થતું ગયું કે આ આખાય સંઘર્ષમાં સર્જકની ભૂમિકા-મારી ભૂમિકા શી હોઈ શકે, મારું કર્તવ્ય શું હોઈ શકે, મારી પ્રતિબદ્ધતા કયાં ને કોની સાથે હોઈ શકે. માત્ર સાહિત્યમાં જ શા માટે, જીવનની નવી નિશાળમાં પલોટાયેલી પેલી કવયિત્રીને હવે દિશાસૂઝ થઈ હતી. કલમને આંખો આવી હતી. પાંખો ફૂટી હતી અને એણે લખ્યું, લલકાર્યું : આ તે કેવી છે જંજીર !

અને પછી તો ઘણી બધી જંજીરો તૂટતી ગઈ. સાહિત્યની પરંપરાગત વિભાવનાઓ, કહેવાતા ઈતિહાસ અને સંસ્કૃતિના પઢેલાપઢાવેલા પોપટ-પાઠો, ધર્મ

અને લોકજીવન વિશેના ભ્રામક ખ્યાલો.....જૂની પુરાણી, કટાયેલી સેંકડો સાંકળોના અંકોડા તૂટતા ગયા. મારા જીવનમાં અને લેખનમાં લોકાભિમુખતા આવતી ગઈ. ISRO ના વિકાસલક્ષી કાર્યક્રમો લખવાની તક મળી. 'કાકાની ડેલી'ના પાછલા ભાગો લખ્યા. તે સંદર્ભમાં ખેડાના ગ્રામ વિસ્તારમાં ફરવા મળ્યું. પ્રશ્નો જાણવા-સમજવા મળ્યા. એ જ સંદર્ભમાં ગુજરાતના ઘણાખરા ગ્રામવિસ્તારને જોયો-જાણ્યો અને ટી.વી. કાર્યક્રમોની સાથે સાથે કવિતામાં પણ એની છૂટી છવાઈ રજૂઆત થતી ગઈ.

બીજી બાજુએ વારંવાર છેડાતાં કોમી રમખાણો, અનામતવિરોધી આંદોલનો, ગુજરાતમાં સત્તા-પરિવર્તન, ભોપાલ દુર્ઘટના, દલિતો અને લઘુમતીઓની જાગૃતિ, મોટા પાયા પર ગ્રામવિકાસને માટે શરૂ થતાં જતાં સ્વૈચ્છિક સંગઠનો, ગુજરાતનો ત્રિવર્ષીય દુષ્કાળ......આ બધું પણ સંવેદનાને હલબલાવી રહ્યું હતું. અમે અમારી રીતે આમાં ભાગ લેવો શરૂ કર્યો. પત્રિકાઓ લખી, સૂત્રો લખ્યાં, ભીંતો ચિતરી, ધરણાં, મોરચા, સભાસરઘસોમાં ભાગ લીધો, શેરીનાટકો તૈયાર કર્યાં-કરાવ્યાં, ભજવ્યાં-ગજવ્યાં......સર્વહારા આંદોલનમાં સંડોવાતી ગઈ, જબાન ખુલતી ગઈ, કલમ ખિલતી ગઈ.

મારે શું લખવું એ તો સ્પષ્ટ હતું, પણ કેવી રીતે લખવું એનું 'ફોર્મ' - એનો ઘાટ હજુ પકડાતો નહોતો. આ કીમિયો ચિંધ્યો તે બિરાદર ગદ્દરે. આંધ્રપ્રદેશના બિરાદર ગદ્દરના સંપર્કમાં ('૮૬માં) આવવાનું બન્યું. એમની કાર્યશાળાઓ, શો અને અંગત બેઠકોને પરિણામે એમની કાર્યપદ્ધતિ જોવા-જાણવા મળી. જનવાદી સાહિત્યની રંગભૂમિની એમની વ્યાખ્યા છે From the People-to the People - લોકો પાસેથી લઈને લોકોને આપવું. તેલંગણાનાં લોકગીત, સંગીત, લોકનાટ્ય, લોકગાથાઓનાં સ્વરૂપોના માળખામાં રચેલાં ક્રાંતિગીતો-ગાથાઓ અને જનપક્ષી નાટકો રજૂ કરવાની એમની ફિલસૂફી અને શૈલી અપનાવવા જેવી લાગી. આપણી લોકકલાઓના સંદર્ભને આ રીતે પ્રયોજવા જેવો લાગ્યો અને છેવટે મારી પ્રતિબદ્ધતાને પ્રતીકો મળ્યાં, આકાર મળ્યો, વાહન મળ્યું.

પૂર્વે મેઘાણીભાઈએ પણ આમ લોક પ્રતિરૂપોને સમાજલક્ષી કવિતામાં પ્રયોજયાં જ હતાં. પણ મેં વળી ભૂલાયેલી ભાષાને નવેસરથી સંભારી. '૮૪માં જ માં સ્ત્રીઓ અને કાયદાને લગતી શ્રેણી 'ન્યાય-અન્યાય'ના શીર્ષકગીતથી મારા નારીવાદી લેખનની શરૂઆત થઈ. '૮૧ પહેલાંના ગાળામાં હું સર્જકની કોઈ જાતિ નથી- એવી સમજણમાં રાચતી અને તટસ્થતાનો પ્રચાર કરતી. સ્ત્રીપુરુષ ભેદભાવ ભ્રમ છે અને સ્ત્રીઓનાં દુઃખ એમણે હાથે ઊભી કરેલી 'બબાલ' છે એમ માનતી. અધિકારની માંગને સંકુચિત ધમપછાડા કહેતી.....પણ પછી તો નરી આંખે જોયું કે સ્ત્રી-પુરુષ ભેદભાવ શું છે.



જન્મથી માંડીને, અરે મરણ સુધી-સ્ત્રી કેવા કેવા અન્યાયો ને અત્યાચારો વેઠે છે, ને વળી માથું ઉંચકે છે-લડે છે. અવાજ ઉઠાવે છે ને આંદોલનો જગાડે છે.....ને ત્યારે સર્જક તરીકે 'સ્ત્રી'ને સમજતી થઈ......સમજાવતી થઈ. વિશ્વભરની નારીવાદી ઝૂંબેશમાં મારો શબ્દ પણ સામેલ થયો.

આ દાયકામાં ગુજરાતની હવામાં શ્વસતી કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિ હચમચ્યા વિના રહી શકે એવું નહોતું. પણ ગુજરાતના સ્થાપિત સાહિત્યકારોમાં કૈંક જુદું જ રંધાઈ રહ્યું હતું. આ અરાજકતાના ગાળા દરમ્યાન સાહિત્યકારો પાસે અપેક્ષા તો એ હોય કે સમાજને એ લોકો કૈંક સૂઝાડે.....જીવનદૃષ્ટિ આપે......ઓછામાં ઓછું, ગેરમાર્ગે જતો રોકે. પરંતુ તત્કાલીન પરિષદ પ્રમુખથી માંડીને આજ સુધી જેમના શબ્દોને પૂજેલા, જેમની કૃતિને માથે મૂકીને નાચેલાં એવા સાહિત્યકારોએ પોતાનું કટ્ટર કોમવાદી, જાતિવાદી, સાંપ્રદાયિક, જમણેરી પોત પ્રકાશ્યું. '૮૬ના ઓગસ્ટની કોમી હિંસાના સંદર્ભમાં કોઈ નક્કર પગલું ભરવાની વેળાએ સાહિત્ય અને સાહિત્યકારની વ્યાખ્યાઓ મારે મન ભૂંડી, રાંકડી ને સાંકડી બની ગઈ. શરમ અને ક્રોધથી હૈયું તો ફાટફાટ થતું હતું. કલમ ભડકે બળતી હતી......ત્યારે લખી 'સાબરમતી પૂછે છે'....અને એની સાથે જ મારું-અમારું મુઠ્ઠીભર સાહિત્યકર્મીઓ અને ભાવકોનું સાહિત્યિક આંદોલન છેડાયું. અમે 'આપણું સાહિત્ય' પત્રિકાનો પરચમ લહેરાવ્યો. પ્રતિબદ્ધતા વજ્જર સમી બની. સાહિત્ય, ધર્મ, સંપ્રદાયો અને સંસ્કૃતિનાં મૂળમાં જઈને સાહિત્યની સામાજિક ભૂમિકા તપાસવાનું અમે સાહિત્યના જ હથિયાર વડે શરૂ કર્યું. એમાં અનેક જનવાદી સાહિત્યકારોનો, ભાવકોનો, શુભેચ્છકોનો યત્કીંચિત ટેકો મળ્યો. દોઢેક વર્ષ નિયમિત રીતે ધમધમેલી આ પ્રવૃત્તિને આર્થિક કારણોસર સંકેલવી ભલે પડી હોય, એનો રણકો નવો અને નકકોર તો ચોક્કસ હતો.

કવિ તરીકેની મારી આ ઉદ્દામ પ્રતિબદ્ધતા સાહિત્યક્ષેત્રના મારા હિતચ્છુઓને, વડીલોને ગળે ન ઊતરી. એ લોકો મારી દૃષ્ટિથી જોવા તૈયાર નહોતા- કદાચ એમના હાથપગ બંધાયેલા હતા.....કે પછી ખરડાયેલા ?....ન જાણે ! 'આપણું સાહિત્ય' પ્રવૃત્તિ પાછળનો અમારો સૂર સ્પષ્ટ રીતે ડાબેરી હતો. ગુજરાતમાં ડાબેરી આંદોલનની અવદશા તો પાંચ દાયકાથી થતી આવી છે. મુઠ્ઠીભર માથાફરેલ, ફાટલ પિયાલાના મરજીવાઓને કોઈએ ગણ્યા-ગણકાર્યા નથી...ને છેવટે મરજીવાયે ઢાંકણીભર પાણીમાં ડૂબ્યા છે. દલિત આંદોલન આંબેડકરવાદી એટલે દલિત સાહિત્યકારોએ પણ સંપૂર્ણ રીતે 'આપણું સાહિત્ય'ને ટેકો ન આપ્યો; બલકે જાહેરમાં માછલાં ધોયાં છે. કટ્ટર નારીવાદીઓની આંખે પણ અંધારી તો ખરી જ...એટલે સરૂપબહેન નારીવાદી ગરબા લખી આપે તે માથે ચડાવીને ઘૂમીએ પણ ધર્મ-સંપ્રદાયનું ખંડન કરે તો વાંધો પડી

જાય ! ઓછામાં ઓછું, એ ગાળામાં તો એવું જ રહ્યું પણ શૂરાના મારગે ચાલવામાં આયે પડાવ આવવાના જ હતા.

એમ તો ઘરમોરચે પણ કયાં શાંતિ હતી ? કે.કા.શાસ્ત્રીજીની સામે બાંહ્યો ચડાવી ત્યારે એમની સાથેના ત્રણ પેઢીના કૌટુંબિક સંબંધને પણ આઘો મેલેલો. મારા વિકાસમાં સતત રસ લેનાર મારાં માતા પિતાને મન પણ આ બધું સાહિત્યથી 'ઇતર' હતું-પોલિટિકલ હતું-ગંદુ હતું. એમને મન તો એમની પાટવી કુંવરી ડાહીડમરી રહે, પરિષદો શોભાવે, ખાય-પીએ ને મજા કરે- તો જ કેરિયર બની કહેવાય.....પણ શું થાય, એમની આ આપકમાઉ દીકરી પહેલેથી જ ઊફરી ચાલની નીકળી ! માતા પિતા સાથે સૈદ્ધાંતિક મુદ્દાઓમાં મારી લવ-હેટ રિલેશનશીપ એ બંનેનાં અવસાન સુધી ચાલી. ને ભાઈ-બહેનો સાથેય એ જ મુદ્દાની સાઠમારી આજેય ચાલુ છે.....અલબત્ત, સપ્રેમ.

આ તો જરાક અંગત ઉધમાત-પણ આખી પ્રવૃત્તિના સંબંધમાં કહું તો સ્થાપિત સાહિત્યકારો, વિવેચકોએ ભાગ્યે જ કશો પ્રતિભાવ બતાવ્યો હશે. બલકે આંખ આડા કાન જ કર્યા. એ રચનાઓને "પ્રાસંગિક"નું લેબલ મારીને આઘી મૂકાઈ...ને ત્યારથી જ મેં આ કહેવાતી પ્રાસંગિકતાને કવિતામાં તાગવાની પ્રતિજ્ઞા લીધી. કાવ્યત્વ કવિની સંવેદના અને રચનાકલા ઉપર આધારિત છે. પ્રાસંગિકતા કે સનાતનતા ઉપર નહિ, ને પ્રસંગોમાં સત્વ કે ઊંડાણ હોઈ જ ન શકે એવું થોડું છે ? સેંકડો વર્ષોથી લખાતું વસંતોત્સવ, શરદપૂનમ, વર્ષાઋતુ, દિવાળી, મહિયર ને સાસરિયું, માખણચોરી ને ગોપિકાસ્ત્રહરણનું સાહિત્ય પ્રાસંગિક નથી તો બીજું શું છે ? ને કોણ કહેશે કે ગોલાણાના હત્યાકાંડમાં માનવજાતની ભીષણ કારુણિકા નથી છૂપાઈ ? ભોપાલ ગેસકાંડમાં માનવસંસ્કૃતિના વિકાસની મૃગમરિચિકા નથી છતી થતી ?

મારા વાંચન, સંપર્કને આધારે એટલું તો વર્ષોથી જોતી આવી છું કે ભારતની કે વિશ્વની લગભગ તમામ ભાષાઓમાં રાજકીય-સામાજિક નિસ્બત કવિતામાં ઝિલાતી હોય છે. ગુજરાતી કવિતા પણ છઠ્ઠા દાયકા સુધી સમયની સાથે ચાલી પણ પછી 'કાલાતીત' બની. અને એમ ચાલવામાં રાચતી રહી. અલબત્ત, એક પ્રાયોગિક પડાવ તરીકે ઠીક હતું, પરંતુ "મુખ્ય પ્રવાહ"ના કવિઓ પ્રવાહોના અદલાવ-બદલાવની વચ્ચે કઈ રીતે અળગા અલિપ્ત રહી શકે ? ગણ્યાગાંઠયાયે નહિ-એક બે સિવાય લગભગ તમામ કવિઓ વાહવાહ મળે એવી લોકપ્રિયતામાં જ રાચવા માટે ગીત-ગઝલોની ગળચટ્ટી ગુલબાંગો ફેંકતા રહે કે જાતની ખોજમાં પ્રલાપો છાપતા રહે એ કયાં સુધી ચાલે ? પરિણામ એ આવ્યું કે ભારતની ભાષાઓનાં પ્રતિનિધિ કવિઓમાં આપણા કવિનું ને કવિતાનું સ્થાન કયાં હશે એ ચિન્ત્ય વિષય થઈ ગયો છે.



કદાચ "મુખ્ય" પ્રવાહના આ સાહિત્યકારો માને છે કે સમાજ વિશેની વાતો છાપાંનાં કોલમોમાં લખાય, નવલકથાઓમાં કહેવાય, કયારેક વળી ટૂંકીવાર્તામાંયે આવી જાય....પણ આ બધુંયે 'કયારેક'ને તેમ લખનારાને એક જુદા ચોકઠામાં મૂકી દેવાય. નાટકમાં આ બધું ના આવે- એને માટે તો શેરીનાટકો છે જ...પણ કવિતા ? શાન્તમ્ પાપમ્-અબ્રહ્મણ્યમ્ ! એક યુવાન અગ્રગણ્ય કવિ આવું જ કંઈક મને પૂછી બેઠા'તા.... "તમે આ જ પ્રકારની કવિતા લખો છો ?.....બીજું કંઈ નથી લખતાં ? શેરીનાટકમાં કે માહિતીચિત્રોમાં કે રેડિયો-કાર્યક્રમોમાં સામાજિક નિસ્બત હોઈ શકે પણ કવિતા તો આપણી નોળવેલ કહેવાય" હું પણ એ જ કહું છું કવિતા તો આપણી નોળવેલ છે....અને વિશ્વભરનાં વિષધરોની સામે વિગ્રહ તો કયારનો છેડાઈ ચૂકયો છે...સૂંઘવી હશે તો વાવવી નહિ પડે ? ઉછેરવી નહિ પડે ? સિંચવી નહિ પડે એ નોળવેલને ?

'આપણું સાહિત્ય' પ્રવૃત્તિ દરમ્યાન અન-એક બાબતો સમજાતી ગઈ. પ્રસ્થાપિતો-એ પછી સાહિત્યક્ષેત્રના હોય કે સત્તાપક્ષના-વિદ્રોહના અવાજને ડામવા માટે સુકુમાર પ્રહરણો - મીઠા ઝેરના પ્રયોગો પણ કરતા હોય છે. એનો અનુભવ પણ થઈ જ ગયો. 'તમારી જરૂર છે', 'તમારાં જેવા અમારી સાથે હશે તો વાત કંઈક બદલાશે', 'તમારે મુખ્યપ્રવાહમાં સક્રિય થવું જોઈએ'.....કહીને નિમણૂંકો ધરનારા કે કરનારા વડીલો ઓછા નથી મળ્યા. પણ આપણે જાણીએ છીએ...એકલદોકલના અવાજની શી હાલત થાય છે ને હું એકલવીર છું પણ નહિ કે થવા-રહેવાયે નથી માગતી. સાચો રસ્તો તો એ છે કે અવાજ એકના અનેક થાય, કામ કરનારા-મુક્કી વિંઝનારા હાથ પણ એકમાંથી હજાર થાય....ને એ કેમ કરીને થાય એ રસ્તો મેં પકડયો છે અને ત્યારે પાઠયપુસ્તક મંડળો, સમૂહ માધ્યમો કે સાહિત્ય એકેડમીઓ કે નાટ્યવિદ્યાલયોને સ્વાયત્ત થવાની કે લોકની વાત કરવાની લડાઈ નહિ કરવી પડે. આજની લડાઈ છેડવી અને એમાં જોડાવું એનેય હું કવિકર્મ ગણું છું કેમ કે લડયા વગર, જીત્યા વગર લખીશું કેવી રીતે ? ખેર, 'આપણું સાહિત્ય' પ્રવૃત્તિ દ્વારા જ સાહિત્યફલક ઉપર નવા હસ્તાક્ષર પાડવાની મને હામ આવી.....પણ એ કંઈ સહેલો મારગ નહોતો. તમે જ્યાં સુધી 'એ લોકોને' ગમતી, આવડતી, ફાવતી ને થાબડતી ભાષામાં વાત કરો ત્યાં સુધી એ લોકો તમને મોતીડે વધાવશે પણ જ્યાં તમે એમનાં વલણોને વખોડો કે પોકળતાને પડકારો કે તરત એમનાં ચક્રો ગતિમાન થઈ જશે. મીંઢું મૌન, મૂંગાં કાવતરાં, નઘરોળ અવગણના તો એમનાં હાથવગાં શસ્ત્રો છે. એમની જમાત ઝાઝેરી છે, એમનાં વાજાં ઘોંઘાટિયાં છે, એમના હાથ લાંબા છે ને એ લાંબા હાથ તરત જ ઈતિહાસમાંથી તમારું નામ ભૂંસવા તત્પર થઈ જશે. પણ શી ફિકર છે ? મારી વાત મારા આગવા અવાજમાં કહેવી એ હંમેશાં મારા હાથની વાત રહી

છે ને હવે તો એ 'આપણા હાથની વાત' બનતી જાય છે. એ લોકોની આંધળી બહેરી કાળમીંઢ દીવાલો આપણી ઉગામેલી કલમોની ધારથી કયાં સુધી બચી શકવાની છે ? ને હવે એ અવસરને કયાં ઝાઝી વાર છે ? જમાનાનો તકાજો છે કે સાહિત્યે હવે લોકાભિમુખ થવું પડશે, લોકોની વાત કરવી પડશે, લોકોની વચ્ચે જઈને જવાબ આપવા પડશે. દસમા દાયકાનું અને ત્યાર પછીનું તમામ સાહિત્ય 'આપણું સાહિત્ય' હશે, બધા જ -બધ્ધા 'વાડા' તોડીને વહેતો ધસમસતો જનશક્તિના શબ્દોનો એ ઊર્જાસ્રોત હશે તે નક્કી.

નાતબહાર મુકાયાનો આ અનુભવ માત્ર સાહિત્યક્ષેત્ર પુરતો જ નથી રહ્યો. 'નર્મદા બચાવ આંદોલન'માં સક્રિય બન્યા પછી તો સામૂહિક રીતે અમે NBA વાળા સૌ ગુજરાતીઓ 'ગુજરાતદ્રોહી', 'વિકાસવિરોધી', 'પર્યાવરણવાદી' 'ગદ્દારો' છીએને ! અમને આ રીતે જોનારા-મૂલવનારામાં 'મામકા' પણ ઓછા નહિ હોય. '૮૮માં NBA માં જોડાવા મળ્યું. ત્યાર પછીના ત્રણ- ચાર વર્ષ દરમ્યાન વારંવાર ધરણાં, મોરચા અને આદિવાસી વિસ્તારોની સંવાદ-યાત્રાઓમાં સામેલ થવાનુંયે બન્યું. ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ, 'બંધ-વિસ્તાર'ની પદયાત્રાઓ કરી, અસરગ્રસ્તો વચ્ચે થોડું કામ પણ કર્યું. એમની પીડા જોઈ-અનુભવીને બેસી રહેવાયું નહિ. વિકાસની અન્યાયી, અસમતોલ તરાહો સામે મુક્કી વિંઝવી જ પડી છે અને કલમ પણ. સરકારી સંસાધનો કેવાં ગંજાવર હોઈ શકે, સંસદીય લોકશાહી કેટલી લાચાર, વિચારહીન ને નિર્જીવ હોઈ શકે તે સમજાયું. વિચાસ્વાતંત્ર્યની ઘોર ખોદાતી જોઈ. સરકારી તંત્રની વરવી હિંસકતા અનુભવી. ગુજરાતના વિશાળ, વંચિત, વિસ્થાપિત આદિવાસી સમુદાયને સમજવા અને એમના પક્ષે કંઈક વિચારવા-ઉચ્ચારવાને બદલે સારાયે ગુજરાતનાં બુદ્ધિજીવીઓ, નેતાઓ, સાહિત્યકારો, સમૂહ માધ્યમો, કલાકારો, કેળવણીકારો; અરે, કર્મશીલો અને સ્વૈચ્છિક સંગઠનોને પણ ગાંધીજીનાં ત્રણ વાંદરાં બની બેઠેલાં દીઠાં. નરી સરકારી જબાનમાં બોલતાં આ બધાંની સામે તોયે અમે તો અમારો અવાજ ઊઠાવીશું અને કેવડિયાના કાંટાના એ ડંખને ગાઈબજાવીને ગજવતાં જ રહીશું. કેમ કે હવે આ કલમ પાસે માત્ર ધાર નથી, આધાર પણ છે - વિચારધારાનો.

લગભગ એક દોઢ દાયકાથી સતત, એવા બિરાદરોનો સાથ સાંપડતો રહ્યો છે, જેમણે જનવાદી ક્રાંતિમાં સક્રિયપણે ઝંપલાવ્યું હોય. ઉચ્ચતમ કારકિર્દી, સંપત્તિ, કુટુંબજીવનની હૂંફ અને કહેવાતી ઉજ્જ્વળ ભાવી તકોની આહૂતિ આપીને, ભેખધારી બનીને એ લોકો નીકળી પડયા છે. એમનું જીવનદર્શન, જીવનપદ્ધતિ, કાર્યરીતિ



અને સંઘર્ષનીતિ જોઉ છું, જાણું છું ત્યારે લાગે છે કે મારું ધ્રુવપદ તો ત્યાં છે......જો કે હજી ત્યાં સુધી પહોંચતાં તો કંઈ કેટલું કરવાનું બાકી છે. એવા ઝૂઝારૂ બિરાદરોમાંના એક છે મારા ચિત્તમાં ક્રાંતિની ચિનગારી પેટાવનાર ડૉ. રવિ સિન્હા. આમ તો '૮૬માં, ભોપાલ ગેસ કાંડની વર્ષી નિમિત્તે 'લોક અધિકાર સંઘ'માં જોડાયાં ત્યારે તેમનો પરિચય થયો. 'લોક અધિકાર સંઘ'ની સાંધિક સંઘર્ષ-પ્રવૃત્તિઓમાં તેમની સાથે કામ કરવા મળ્યું. ચર્ચાસભાઓમાં તેમના વિચારોનો તિખારો સ્પર્શી ગયો. 'લોક અધિકાર સંઘ' સાથેનાં એ વર્ષોમાં યુનિવર્સિટીના વિજ્ઞાન વિભાગના વિજ્ઞાનીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો એક જીવંત અને લડાયક સમુદાય અનેક મોરચે સક્રિય હતો. ગિરીશભાઈ, ડૉ. વેલુ, ઈશ્વરભાઈ પ્રજાપતિ, ડૉ. સુબ્રત, ડૉ. ભાસ્કર, ડૉ. કંચનબેન, ડૉ.મુકુલ સિંહા, રમણભાઈ અને અનેક વિદ્યાર્થીમિત્રોએ દુષ્કાળના સતત હુમલા સામે કામ કરેલું ત્યારે રવિભાઈને અખૂટ લગની અને અડગ વિશ્વાસ સાથે કામ કરતાં જોતી. હું પણ એ વર્ષોમાં એ પ્રવૃત્તિઓ સાથે સંકળાઈ, ઘણું શીખી, ઘણું પામી. પછી તો રવિભાઈ અને અન્ય સાથીમિત્રો પેલા ક્રાંતિના 'કૉઝ' માટેની-અંતિમ ધ્યેય માટેની અમારી લડતના અગ્રેસર બન્યા. આ બિરાદરોની સાથે આજે માત્ર ગુજરાત જ નહિ, દેશ સમસ્તના, માનવજાતના મુક્તિ આંદોલનની હું પણ એક સૈનિક બની છું. સર્વહારા સંઘર્ષમાં મારી ભાગીદારી આમ તો કલમથી શરૂ થઈ છે પણ અસલ મંઝિલ તો એથીયે આગળની છે. અજંપો તો એ વાતનો છે કે મારી વ્યક્તિગત મર્યાદાઓ, કૌટુંબિક જવાબદારીઓથી મુક્ત થઈને પૂરેપૂરી સક્રિય કોણ જાણે કયારે થઈશ ?.......છતાંય આ ભવ્ય ભભકતી ક્રાંતિજ્યોતમાંથી હું યે મારી નાનકડી મશાલ પેટાવી શકી છું એનો મને ઉમંગ છે.

જાણું છું - ઘણા હસશે, હસે છેય ખરા. ઘણાને આ પ્રતિબદ્ધતા 'દુઃખદ' લાગી છે, ઘણાંને 'હાસ્યાસ્પદ', ઘણા તો આવેશપૂર્વક તાર્કિક દલીલો કરવાયે આવે છે કે, આ જુઓને - સિત્તેર વરસમાં તમારો સામ્યવાદ હતો ન હતો થઈ ગયો......પણ મને કહેવા દો, કે ક્રાંતિકારી આંદોલનો અને ક્રાંતિકારીઓ અગ્નિગર્ભ હોય છે, અગનપંખી હોય છે. આભને આંબવા એમની પાસે પાંખો છે ને સતત પ્રજ્વલિત રહેવા એમની પાસે અંતરની આગ છે- ધગધગતી આગ... ખાકમાંથી પણ બેઠી થાય છે આ અગનપંખીની જાત...વારંવાર.....અનેક વાર. વ્યવસ્થાઓ પડી ભાંગે છે, વિચારધારા નહિ. વ્યક્તિઓ નામશેષ થઈ જાય છે, વિચારો નહિ. વિચારો ને વિચારધારા છે ને હશે....ને સૌથી વધુ તો આ લોકો- જેમને માટે, જેમને વિશે, જેમને લીધે, આ વિચારો છે, વિચારધારા છે; એય છે, રહેશે ને હરહંમેશ રહેશે ને એટલે જ મારી આ કવિતા પણ છે ને રહેશે...હરહંમેશ.

આ સંગ્રહ આવી જ કોઈક અગનઝાળની સાક્ષી પુરવા તમારા હાથમાં મૂકું છું. જે હવાઓમાં હું જીવી છું, મરી છું, અને પુનઃ પુનઃ જીવિત થઈ છું એ સળગતી હવાઓનો આ દસ્તાવેજ છે. માનું છું કે આ કાવ્યો આવનારા સમયને કોઈ ને કોઈ રીતે કશુંક ચિંધતા રહેશે. પ્રત્યેક રચનાની તારીખ કે રચનાવર્ષ, વિગતવાર રચના સંદર્ભ જોડવાની તકેદારી પણ એ જ હેતુથી રાખી છે. તે ઉપરાંત પણ વિસ્તારપૂર્વક આ પુરોવચન લખ્યું તે આજના ઉંબરે ઊભાં રહીને, ગઈકાલને તાગવાના સંકલ્પથી. કેમ કે મારું દઢપણે માનવું છે કે આ આજ અને ગઈકાલ માત્ર મારી જ નહિ, મારી, અમારી અને આવનારી પેઢીની પણ છે જ. આજનો અજંપો, સમષ્ટિનો અસંતોષ મારો શબ્દ બનીને આવ્યો છે.

હું આ રચનાઓ ઉપર કોઈ લેબલ મારવા માગતી નથી. આ કવિતા છે. છેલ્લા બે દાયકાના સર્જકની કવિતા છે. હું મુખ્યપ્રવાહમાં હતી, છું અને રહીશ. કેમ કે હું માનું છું કે આ જ મુખ્યપ્રવાહ છે. પેલા "કહેવાતા મુખ્ય પ્રવાહ"માં કવિએ 'પ્રવાહ'ને સંકોડયો-રૂંધ્યો-બાંધ્યો-ગંધવ્યો છે...મારે એ વાત બદલવી છે. એ લોકોએ લગભગ એવું કરી મૂક્યું કે "દલિત-પીડિતની વાત કરવી છે ? એ તો દલિત સાહિત્યકારોનું કામ. સ્ત્રીના દરજ્જાની ચિંતા કરો છો ? પેલાં નારીવાદીઓ છે જ ને ? સામાજિક સમસ્યાઓ અને વિકાસના વહેરાવંચાને પડકારવો છે ? એ તો પેલા 'કંઠીબદ્ધ'કવિઓ કરે." પરિણામે એમની કવિતા ઓઝલ પડદામાં રહેતી પાળેલી સુંદરી બની ગઈ......મારે એને મુક્ત કરવી છે. દઢતાપૂર્વક માનું છું કે આજનો અને આવતી કાલનો કે આવનારા તમામ સમયનો આ જ "મુખ્ય પ્રવાહ" હોઈ શકે. કવિની પ્રતિબદ્ધતા અહીં જ છે અને અહીં જ હોઈ શકે

આખાય નવમા દાયકામાં લખેલાં લગભગ બધાં જ કાવ્યોને સંગ્રહમાં મૂકતી વખતે અનેક ચહેરા આંખો આગળથી પસાર થતા જોઉં છું. સેંકડો બહેનો વચ્ચે ઊભી ઊભી સ્મિત રેલાવતી પેલી બીબી આપા, પેલી મંજીબહેન, પેલી કદી નહિ મળેલી, કદી નહિ જોયેલી છતાં મારી સગ્ગી બહેન સમી તસલીમા.....કે ગોલાણાના પીટર માસ્તર, ગુલબાઈ ટેકરાના જગાભાઈ વાંસળીવાળા કે કેવડિયાના મુળજીકાકા ને અમારાં મીઠાં કાકી.....હજ્જારો બાળમજૂરો વચ્ચે ઊભો ઊભો દાંત કાઢતો અમારો નટ્ટુ - જે ચાની કિટલી પર જ નાનેથી આવડો મોટો થઈ ગયો છે....અમદાવાદની પોળો અને કાઠિયાવાડની શેરીઓ, સાબરકાંઠા-પંચમહાલના ડુંગરા અને નર્મદાઘાટીની ગૂંજ લઈને આવી છે આ રચનાઓ. જેતલપુરના શકરાની ચીસો, તણખલાની ગુણતાબહેનનાં આંસુ અને ભોપાલવાસીઓની આહમાંથી ઊભા થયા છે મારા શબ્દો. ગણ્યાગાંઠયા ને છૂટાછવાયા-મેઘાણીભાઈ કે હિંમતભાઈ ખાટસૂરિયાના ખભાથેલામાંથી



મળેલા વારસાસમા છે મારા શબ્દો. અસંખ્ય, અબોલ, ન્યાય ઝંખતાં સર્વહારાઓના પ્રતિનિધિ બનીને વંચાયા છે ને વિંઝાયા છે મારા શબ્દો. આ શબ્દો લઈને તમારી સામે આવીને ઊભી છું હું -સરૂપ....ના પેલ્લી નહિ પણ આ - પોતાના સ્વરૂપની શોધમાં નીકળેલી, વ્યક્તિ મટીને સમષ્ટિમાં સમાઈ જવા ઝંખતી સરૂપ......આપણાં સ્થળકાળને, આપણા પરિવેશને, આપણા ભાવિષ્યને કંઈ પૂછે છે, કંઈક કહે છે-કહેવા માગે છે આ સરૂપ અને તેના શબ્દો.....સતત સળગતી હવાઓ વચ્ચે.

એપ્રિલ, ૧૯૯૫

- સરૂપ ધ્રુવ

# અનુક્રમણિકા

**બંધ મુઠ્ઠી** : રાજ્ય, સત્તા, લોકશાહી અને હું ..... ૧

સળગતી હવાઓ ..... ૩
અહીં ..... ૪
ના ! ..... ૫
સવાલ ..... ૬
દિવાળીનું દાપું યાને વિસંવાદ ..... ૭
બિનસાંપ્રદાયિકતા .....૧૦
હવે ! .....૧૧
મોંસૂઝણું .....૧૨
ક્યારે ? .....૧૩
દોસ્તો ! .....૧૪
આપણા હાથની વાત .....૧૫

**પ્રાસંગિક** : ઘટનાઓ, દુર્ઘટનાઓ, રાજનૈતિક મુદ્દાઓ અને હું .....૧૯

સાબરમતી પૂછે છે .....૨૧
નહિ જન્મેલા ભગવાનની નહિ નીકળેલી શોભાયાત્રા .....૨૬
હિંદુ મરો કે....; સાહિત્ય - ગોરનું તરભાણું ભરો ! .....૩૦
એકલવ્યના વારસદારને .....૩૩
છઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨ .....૩૭
સંવત ૨૦૪૨નું સરવૈયું .....૩૯
મશાલ જલશે .....૪૨
જીવતરના વેપારને રોકો .....૪૪
બચપન હલાલ-બચ્ચા હમાલ ! .....૪૬
ચાલોને, કંઈક કરીએ..... .....૫૦
હવે નાથશું દરિયો હાથે .....૫૨
દુષ્કાળ - ૮૭ .....૫૪
પાણીની પીડ .....૫૫
રોકો રોકો .....૫૭



નહિ ઊઠીએ .....૫૮
કેવડિયાનો કાંટો .....૬૦
કોણ ચલાવે રાજ, બોલો ! .....૬૨
ભગતસિંહને.... .....૬૩
સફ્દર, શો મસ્ટ ગો ઓન..... .....૬૬
ચેત, ગુજરાતી ! ચેત ! .....૬૮
તસલીમા નસરીન માટે ત્રણ કવિતા .....૭૧
સુરત - ૧૯૯૪ .....૭૫

**જરા તો સોચો** : પૂર્વજો, સમકાલીનો,ભાષાબાજી અને હું .....૮૧

ક્યાં સુધી ? .....૮૩
મિચ્છા પૂછે ઇચ્છાને કે..... .....૮૪
ઇચ્છાકુંવરીનું વિસર્જન .....૮૫
ટેરવાં ટાંચાં પડયાં રે લોલ ! .....૮૬
કવિની કરમકથા .....૯૧
આપણે - કવિઓ અને સમસામયિક સંદર્ભો .....૯૪
દ્રશ્ય .....૯૬
પૂર્વજોનું પૂંછડું, પૂંછડાની પીંછી અને અમે લોકા .....૯૭
મુજરિમ હાઝિર..... ...૧૦૨
કોણ ?.....કોને ?..... ...૧૦૫
હું : કવિ - છું તૈયાર ? ...૧૦૮
જરા તો સોચો..... ...૧૧૨
સ્વ-રૂપ ...૧૧૪

**ડુંગરા ડોલ્યા છે** : માતાઓ, દીકરીઓ, સહિયરો અને હું ...૧૧૫

પ્રભાતિયું ...૧૧૭
ચકરડી ભમરડી ...૧૧૮
પાણી ...૧૧૯
કૂવાકાંઠે ...૧૨૦
અંનદાતા ...૧૨૨

અરથ .....૧૨૪
મને થાતું મન પૂછવાનું .....૧૨૫
વારતા .....૧૨૭
સપનામાં .....૧૨૮
ડુંગરા ડોલ્યા છે .....૧૩૦
હમ સબ બહનેં .....૧૩૧
એક નવો અધ્યાય .....૧૩૩
સરખી સાહેલી .....૧૩૫
૮મી માર્ચનો ગરબો .....૧૩૬
અચકો મચકો કારેલી .....૧૩૭
બંધન .....૧૩૮
બીજો પગ પણ...... .....૧૪૦
હું પૂછું છું - કેમ ? .....૧૪૩
લડાઈ : ઉંબરની આ તરફ, પેલી તરફ અને..... .....૧૪૬

**આપણા હાથની વાત :** સંઘર્ષ, સંગઠન અને ક્રાંતિ .....૧૫૫

સાખી .....૧૫૭
અગનપંખી .....૧૫૮
નવલું પરભાત .....૧૫૯
કોણ ? .....૧૬૦
પાંદે પાંદે મશાલ જો ને..... .....૧૬૧
જંગલનાં છોરૂ .....૧૬૩
જાગી છે .....૧૬૪
સાંકળ .....૧૬૫
નવયુવાનોને .....૧૬૬
માનવશક્તિની આરતી .....૧૬૭
ક્રાંતિનો ગરબો .....૧૬૯
અગનઝાળ .....૧૭૧
હવે પલટશું પાસા .....૧૭૩
જગ - સ્વતંત્રતાનું ગાન .....૧૭૫




# બંધ મુઠ્ઠી

રાજ્ય
સત્તા
લોકશાહી
અને હું

## સળગતી હવાઓ

સળગતી હવાઓ શ્વસું છું હું, મિત્રો !
પથ્થરથી પથ્થર ઘસું છું હું, મિત્રો !

હજારો વરસથી મસાલો ભરેલું ખયાલોનું શબ છું ને ખડખડ હસું છું;
મળ્યો વારસો દાંત ને ન્હોરનો, બસ ! અસરગ્રસ્ત ભાષા ભસું છું હું, મિત્રો !

અરીસા જડેલું નગર આખું તગતગ, પથ્થર બનીને હું ઘસમસ ઘસું છું,
તિરાડોની વચ્ચેનું અંતર નિરંતર, તસુ બે તસુ બસ, ખસું છું હું, મિત્રો !

સવારે સવારે હું શસ્ત્રો ઉગાડું, હથેલીમાં કરવતનું કૌવત કસું છું;
પછી કાળી રાતે, અજગર બનીને, મને પૂંછડીથી ગ્રસું છું હું, મિત્રો !

નથી મારી મરજી, છતાં પણ મરું છું, સતત ફાંસલામાં ફસું છું હું, મિત્રો !
પણે દોર ખેંચાય, ખેંચાઉં છું હું, અધવચ નગરમાં વસું છું હું, મિત્રો !

સળગતી હવાઓ શ્વસું છું હું, મિત્રો !
પથ્થરથી પથ્થર ઘસું છું હું, મિત્રો !

૨૬ ઓગસ્ટ, ૧૯૮૫

## અહીં

અહીં બંધ મુઠ્ઠીથી તણખા ઝરે છે,
ખુલે મુઠ્ઠી જ્યારે, ભસમ સબ કરે છે.

અહીં જન્મતાંવેંત સિક્કો મળે છે
અહીં ગળથૂથી ઝેરથી ખદબદે છે
અહીં જાત પરમાણે કાપીકૂપીને
ઝભલાં ને ટોપી બધાં વેતરે છે.

અડોશી પડોશીને અફવાની મોસમ,
ઘરઘર રમેલાંનાં ઘર અહીં બળે છે
અહીં બ્લેડ કહેવત ને રૂઢિપ્રયોગો
અટક-નામ-સરનામે અસ્રા મળે છે.

પ્રતિજ્ઞા પરસ્પર ગળાં કાપવાની
બહિષ્કાર નામે કરારો કરે છે,
કીડી ઉપર અહીં કટક કારમાં છે
સરપ-સીડી રાહતના નામે સરે છે

ધુરંધર ધૂમાડામાં શબ્દો ઉડાડે
મગરમ્હોરાં આંસુની સાથે મળે છે
અહો ! રાગ દરબારી ભરચક હવામાં
જુઓ, ભલભલા અહીં ઝૂકે છે, લળે છે

હજી બેસી રહીશું ? હજી જોઈ રહીશું ?
હજી લાશની તું ગણતરી કરે છે ?
અહીં જાત માણસની, માણસના હાથે
ઈશ્વરના નામે કમોતે મરે છે.

જુલાઈ, ૧૯૮૬





## ના !

મન હજી ઉકળાટથી ટેવાય ના
આ નગરમાં આ રીતે રહેવાય ના

ત્યાં નગારાં ગડગડે-બકતાં રહે
અહીં ફૂંકાતા શંખ પણ સ્હેવાય ના

શહેના ટુકડા કર્યા, ભભરાવ્યું ઝેર
આ હવા તો મોતથી જીરવાય ના

હાથીના પગની નીચે છે રોટલો
આ નગરથી શ્વાસ પણ લેવાય ના

કોટ ખળભળતો ને સાબર ખદબદે
પૂલ નામે વાયકા સમજાય ના.

ઓગસ્ટ, ૧૯૮૭

## સવાલ

સાબર પૂછે એક સવાલ, સાબર પૂછે એક સવાલ
        મારા કેમ આ હાલહવાલ ?

કોણે મારા હૈયા ઉપર કાળી તિરાડ પાડી ?
કોણે કીધા ભાગ, ચણી નફરતની દીવાલ આડી ?
        નેહ ખૂટયો, સરવાણી સૂક્કી
        વેંરની ભડભડ ઝાળ......સાબર પૂછે.

નામ દઈ અલ્લા-ઈશ્વરનું, માણસજાત કપાતી
પ્રેમથી અદકું નથી કશું-એ વાત ન કાં સમજાતી ?
        સ્વારથ એમ લડાવે સૌને
        ધર્મની રાખી ઢાલ.....સાબર પૂછે.

શ્રમજીવીને નાત-જાત શી ? ધરમ-કરમ શા ભૂંડા ?
આપણ તો બસ, કામ-કામથી ઉજળાં જીવતર રૂડાં !
        આપણ થઈને એક 'એમની'
        વાળો ઊંધી ચાલ......સાબર પૂછે .

સપ્ટેમ્બર, ૧૯૮૯

**રચના સંદર્ભ**

ગુજરાતમાં '૮૧ પછીના લગભગ એક દાયકા દરમ્યાન, અનામત વિરોધી આંદોલનો અને કોમી રમખાણો એકમેકની સાથે સંકળાતાં આવ્યાં છે. એની પાછળ રહેલાં મનોવલણો અંગે વિચારતાં અને તત્કાલીન હિંસાખોરીથી હાલી જવાતાં આ અને આનાથી આગલી રચનાઓ રચી હતી.





## દિવાળીનું દાપું યાને વિસંવાદ

(આમ તો જમાના જૂનો, પણ હમણાંથી જરાક અલગ સૂરમાં થતો સંવાદ)

ધનિકઃ અહો ! આ વર્ષે તો ઝગમગ ઝગે દીપ સઘળા,
        અહો ! આ વર્ષે તો ગગન મન મેલી વરસિયું,
        વહી આવી લક્ષ્મી રૂમઝુમ થતી વાદળ થકી;
        પછી સ્પર્શે સ્પર્શે છલક છલક્યું કંચન કશું !
ગરીબ : હં અંક્ને !...પણ એ તો કયે' કે, કને માટે ??
                તારે માટે મેવલો ગાજ્યો,
                તારે માટે આભલું છલકયું,
                તારાં છેતર લીલાંછમ્ નં
                તારે ઘેરે અભરે ભર્યું !
                તારે ઘેરે રોજ દિવાળી !
                (પણ) તત્તણ દકાળ ઝાળ ઝળેલી
                મારે માથે દેવાં-વાળી, દેવાં-વાળી, દેવાં-વાળી
ધનિકઃ ખરે, બંધુ ! સાચી સમજ ! તુજને ધન્ય ! -શું કહું ?
        અલ્યા, તું જાણે છે, કવણ રીતથી આ ફળ મળ્યું ?
        : હતાં પુણ્યો પૂરાં, પૂરવ ભવથી સંચિત કર્યાં,
        પછી પામ્યો હું આ જનમ કુળવંતાં કુળ મહીં !
        દીધાં દાનો, કીધાં વ્રત, તિરથ, તપ, જાપ અદકાં;
        અરે ! આ તેથી તો પરમ કિરપા સહુ ગુરુ તણી !
ગરીબ : આલે...ઠીક થયું, તેં જાતે કીધું !
        નંઈ તો મું તો કે'ત જ સીધું !
        મું જાણું નં, તું ખેલાડી,
        પરભુ તારો મોટો વેપારી !
        હામહામીં તમં સોદા માંડો
        ગરુજી બેઠો ખાય દલાલી !
        પણ તું ભૂલ્યો-પેલો તીજો....
        તમારા બેઈનો ચોર હણીજો !
        ગરજી ગાય-"ગરીબી હટાવો"-
        ત્યારનાં મરે રોજ ગરીબો !

લૂગડાં પેરતાં ઉજળાં-ભગવાં,
ચૂશતાં લોઈ ને રે'તા તાજા !
તૈણનો તાગડો, તૈણનું તેખડ;
ભેગા થૈ મુંને ભેરવ્યો ભેખડ,
(પણ) હવે નહીં મું ગભરુ વાછરુ-
જો જે, ચેવો બદલો વાળું; બદલો વાળું; બદલો વાળું !
ધનિક : અરે ! આ શું બોલ્યો ?- નહીં જ શમશે વેર : વધશે.
કર્યાં તો પામે છે....અવર જનમે પાપ વધશે !
હજી જો સમજે તું....
ગરીબ : (વચમાંથી જ)
એ....પાપ...પુન્યમાં મું નાં માનું
અફીણ-કાંકરી મું નાં ચાખું !
બઉયે તારાં વૈતરાં વેઠયાં
હવે ધૂંશરી કૈં નાં સાંખું !
જોજે-લૂટું છું છેતરાં ચેવાં,
જોજે-ગોદામો ચેવાં બાળું !
જીપ-ધૂમાડા ચેવાં થાહે,
ચૂંટણી-ડબલાં ચેવાં ઉલાળું !
મિલનું ભૂંગળું આડું પાડી,
દારૂગોળો ચેવોક દાબું-
હૈડે ધખધખ આગ ભભૂકે,
ચેવીક ઘરબું-ચેવીક ચાંપું !
મ્હેલો ધ્રુજે, મંદિર ધ્રુજે,
ધોળી ટોપી ને ધજાયો ધ્રુજે !
પાણકાના તારા દેવતા ધ્રુજે,
માટી પગા માનવી ધ્રુજે,
ભોંય ભડાકે ભૂંજી દઉં સઉ,
ચેવું દિવાળીનું લઉં છું દાપું !
મારી દિવાળીનું એટલું દાપું, એટલું દાપું, એટલું દાપું !





ધનિકઃ અહા ! શાન્તમ્ ! પાપમ ! અરર ! આ આક્રોશ નકરો !
નરી ગાળાગાળી ! ફળ ન મળશે -છો કકળ તું !
અરે, આ તાંડવથી દહન બસ થાશે-સમૂળગું !
પછી શું ? અઘરું છે સરજન નવું, હે-મૂઢમતિ ! ! !
ગરીબઃ જો થઈ છે ! .... શરજવામાં તું શું હમજે ? !
કે, દિ ભૂંડા ! હાથ હલાવ્યો ? !
ઘડતાં પે'લાં તોડવું પડે,
કંકર-પથ્થર ભાંગવા પડે,
ભેળવા પડે ગાંઠા-ગડબા,
ગૂંદવાં પડે ધૂળ ને માટી !
પે'લાં મને તોડવા તો દે-,
મારે કસબી હાથ છે ઝાઝા-
પછી જો જે-ચેવા ઘાટ ઘડું છું;
સાજ સજું છું, રાજ કરું છું, રાજ કરું છું,
જો જે, ચેવુંક રાજ કરું છું ! !

ઓક્ટોબર, ૯૦

**રચના સંદર્ભ**

કયારેક પારંપરિક વલણો અને રૂઢિજડતાને પારંપરિક કાવ્યરૂપમાં ઢાળવાથી અડધો હેતુ આપમેળે સિદ્ધ થઈ જતો હોય છે. વંચિતવર્ગના પલટાતા મિજાજની તાસીર જોઈને આ રચના રચવાની ઈચ્છા થયેલી. તાકડે 'નયા માર્ગ'ના આમંત્રણથી આ રચના તૈયાર કરી.

## બિનસાંપ્રદાયિકતા

એ લોકોના હાથમાં
આપણી માનો સાડલો આવી ગયો;
તે એય....ને લીરેલીરા કરવા બેસી ગયા
આમ બેંતાલીસ વરસથી.
એકેક ચીંથરું વહેંચી આપવાની લાલચથી
એ લોકોએ ભાંડુડાંને લડાવી માર્યાં
ને એક લૂગડું આમ ને એક લૂગડું એમ- લઈને
આપણે બાળાંભોળાં છાનાં મર્યાં
પછી તો છાશવારે એમનું ડોઝરું ભરવા
એ લોકો હોય કે પેલા લોકો
આપણા ડૂચા કાઢતા ગયા, કાઢતા જ ગયા.
ને આજે તો હવે લાજ ઢંકાય એટલી લંગોટીયે
આપણા અંગ ઉપર નથી રહી;
ને જે નથી રહ્યું એનેય એ લોકો ખેંચે રાખે છે.
આજે.....ઠેઠ આજે સમજાય છે કે લો, આપણે તો સ્સાલાં
સાવ નાગાંપૂગાં થઈ ગયાં છીએ !
ને છતાંય આપણે પકડી રાખ્યું છે પેલું કંઈક.....
કે જેના તારેતાર ઉપર કોતરાતી જાય છે કાળમુખી તવારીખ.
આવતીકાલની પેઢી એ લિપિ ઉકેલી શકશે તો વાંચશે :
'આપણો સાંસ્કૃતિક વારસો'.

(રામરથ-યાત્રા પછી) ૨ નવેમ્બર, ૧૯૯૦

**રચના સંદર્ભ**

'૯૦ માં 'વિશ્વ હિંદુ પરિષદ' અને ભા.જ.પ. એ સોમનાથથી અયોધ્યા સુધીની રામ-રથયાત્રા કાઢેલી. જેનાં પગલે પગલે લોહિયાળ હિંસાકાંડ ફેલાતો ગયો છતાં પણ આખી એક પેઢી આ ધર્મઝનૂન અને આ કટ્ટરવાદને જ 'સંસ્કૃતિ'ના નામે ખપાવવા લાગી છે અને આપણી બંધારણીય લોકશાહી આ તમાશો જોતી રહી છે, એ બળાપામાં આ રચના કરી છે.





## હવે !

ડુંગરે ચડતાં ઊતરતાં થાક છો ને લાગતો
ત્યાં જઈ પૂતળાંને પથ્થર નામ દેવું છે હવે !

ભૂલથી પણ કોઈ માથું ટેકવે ના ઉંબરે,
ટેવવશ પણ કોઈ ગદ્ગદ્ થાય ના- જોવું હવે !

દોડતા ઉંદર ને વધતી ફાંદના આ ખેલમાં
કોક મૂળશંકર ફરી જન્મે અહીં, જોવું હવે !

શાં બિલિપત્રો, જળાધારી ને ઝગમગ આરતી
વૃક્ષ, પાણી, આગની ઊર્જા સજાવું છું હવે.

ત્યાં કરો જગ્યા, ચડી બેસો હવે માણસ બધાં
આ શિખર, ગુંબજ, બધુંયે ધ્વસ્ત છે કરવું હવે

૧૯૮૯

**રચના સંદર્ભ**

નોકરીના ભાગરૂપે મારે લગભગ વરસોવરસ સૌરાષ્ટ્ર પ્રવાસ થતો રહે છે. અનેક યાત્રાધામોમાં ફરતાં ફરતાં માણસજાતના ભોળપણ અને લાચારી ઉપર વરસોવરસ દાઝ ચઢતી રહે છે. મનને બીજા સાંસ્કૃતિક સંદર્ભો સમજાવવા ઘણા પ્રયત્નો કરતી રહું છું છતાં એક દિવસે તો આ ગઝલ લખ્યે જ છૂટકો થયો.

## મોંસૂઝણું

પર્વતો તો ક્યારનાયે પોકારી ઊઠયા છે.....
પણ હજી એના પડઘા ને પડછંદાથી
એ લોકોના
કાનના પડદા કેમ ચિરાઈ નથી જતા ?
ડુંગરે ડુંગરે ધૂણી તો ધખે જ છે વર્ષોથી,
પણ એની પાછળ ભભૂકતા દાવાનળથી
એ લોકોના પેટ્માં કેમ હજી દાઝતું નથી ?
પગ તળે આવેલા રેલામાં છબછબિયાં કરતાં કરતાં
એ લોકોના ગળે કાંચકી કેમ બાઝતી નથી ?
એકવીસમી સદીના આરે ઊભાં ઊભાં અમને તો
ઓ દેખાય પેલી જંગલોને વિંધતી કેડીઓ.....
એ તે ઉપરથી નીચે જાય છે ?
કે પછી નીચેથી ઉપર જાય છે ?
તમને નથી લાગતું કે
ઠેઠ અંતરિયાળ ચમકતા આગિયાઓએ
ઘરદીવડાની ઠાવકાઈ છોડીને
હવે મશાલ બનીને ફરી વળવું પડશે ?
બાકી અમને તો આ અરુંપરું અજવાશમાં
એટલી સૂઝ તો પડી જ પડી કે
વિકાસની વારતાનો અંત
ખાધું પીધું ને રાજ કર્યું તો નથી જ નથી.

ડિસેમ્બર, ૧૯૯૩

**રચના સંદર્ભ**

પાંચમી ડિસેમ્બર '૯૩એ 'ગુજરાતના વરિષ્ઠ કર્મશીલ શ્રી ભાનુભાઈ અધ્વર્યુના સ્મારકમાં ગુજરાતના સોથીયે વધુ સ્વૈચ્છિક સંગઠનોએ દક્ષિણ ગુજરાતના અઠંગ કર્મશીલ શ્રી મંછુભાઈ ગામીતને ભાનુભાઈ ઍવોર્ડ આપીને સન્માન્યા તે નિમિત્તે આ કાવ્ય રચેલું અને મારા વકતવ્ય તરીકે આ જ રચના રજૂ કરેલી.





## ક્યારે ?

હવે તો થાય છે, બંધુ ! બધું બદલાય - પણ ક્યારે ?
કરો કંઈ તો શરૂ થાશે; બધું બદલાય- પણ ક્યારે ?

ટકોરા પ્હાડ પર મારો અને જળ જો જો ખળખળશે
વને વન ગૂંજતાં થાશે : બધું બદલાય- પણ ક્યારે ?

હવે ઊડતા ગગનની ઝાંય પણ ખોબે ઝીલાવાની
હથેળી પાંખ ફફડાવેઃ બધું બદલાય- પણ ક્યારે ?

અહીં સળિયા ઉપર કાનસ, સુરંગો ત્યાંય ચંપાતી,
હવે હચમચ દીવાલો, આ બધું બદલાય - પણ ક્યારે ?

અહીં સળવળતા નકશાઓ, અહીં સપનાં શ્વસે ઘરખમ,
હવા મુક્કી ઉગામે છે, બધું બદલાય - પણ ક્યારે ?

૧૯૯૧

## દોસ્તો !

તૂટતા આ માળખાને શાં તણખલાં, દોસ્તો !
ડુંગરા ડોલાવવા, ત્યાં શાં આ તરણાં, દોસ્તો !

આપણે માળો બનાવીને અહીં રહેવું નથી,
બાજપક્ષીને ગુફાના શા અભરખા, દોસ્તો !

આપણી અંદરના અંગારાને જો જો, ઠારશે;
'એ જ લોકો' ખાળશે ખળખળતાં ઝરણાં, દોસ્તો !

આપણી કોણી હશે ને ગોળ મીઠો 'એમનો'
ને પછી 'એ લોક' કાપે આ જ કાંડાં, દોસ્તો !

શબ્દ એવી આગ છે કે જીરવી જાતી નથી,
એટલે તો 'એમના' આ ધમપછાડા, દોસ્તો !

ડિસેમ્બર, ૧૯૮૮

**રચના સંદર્ભ**

'૮૮માં દલિત સાહિત્યકાર શ્રી જોસફભાઇ મેકવાનને દિલ્હીની સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું. એ પહેલાં એમને ગુજરાતમાં પ્રાપ્ય તમામ ઍવોર્ડ મળી ચૂકેલા. અન્ય દલિત સાહિત્યકાર મિત્રોને પણ મુખ્ય પ્રવાહ સાથે સંકળાતા જતા જોઉં છું ત્યારે આ જ લાગણી થતી રહે છે. દલિત સાહિત્યની પત્રિકા 'સ્વમાન'માં 'મિત્રવત્' શીર્ષક આપીને આ રચના મોકલી હતી જે છપાયેલી.





## આપણા હાથની વાત

દોસ્તો !
આપણને એક ટોળું બનાવી દેવામાં આવ્યાં છે.
ને ટ્રેજેડી તો એ છે કે આ ટોળાનેય જાતજાતના રોલ સોંપવામાં આવ્યા છે.
ક્યારેક એકના એક, ક્યારેક જુદા જુદા તો ક્યારેક સામસામા.
ક્યારેક આપણે વેરેલી ચણ ચણવા, કલબલતાં કાબરટોળાં છીએ
તો ક્યારેક પવિત્ર પોથીઓનાં પાન પઢતાં પોપટટોળાં !
કદી કદી પવનથીયે ફફડતાં પારેવાં છીએ તો કદીક નીરક્ષિર જુદાં કરી,
મલાઈ મમળાવતાં હંસટોળાં !
ડુગડુગીના તાલે તાલે નાચતાં રીંછ પણ આપણે જ અને
હુકમના ઈશારે, સળગતા પાંજરે પૂરાતા વિકરાળ વાઘ પણ આપણે જ !
સામસામે ભસતાં, કરડવા ધસતાં, લાતંલાતા કરતાં, ધૂળ ઉડાડતાં
અને પછી એક જ ડફણે પગ વચ્ચે પૂંછડી ખોસીને, ઊંધું ઘાલીને
બોજ ઢોતા શ્વાન- ગર્દભ તો ખરા જ.....
ઘુરકિયાં અને નખોરિયાની વાત કરો, તો બિલાડાંયે આપણે
અને એકલદોકલ ઘૂવડ રસ્તે મળી જાય તો એને ચાંચે ચાંચે
પિંખી ખાતા કાગડાયે આપણે જ.....
વધારે શું કહું ?.......આ મારી જેમ, ટેવવશ, પ્રતીકોમાં વાત કરતાં,
વાતડાહ્યાં પંડિતટોળાં પણ આપણેસ્તો !
ટૂંકમાં, આપણને ચોપગાં, બેપગાં, પંખાળાં, પૂંછાળાં બનાવીને
શિંગડે ભેરવી દેવાયાં છે, મારા સાહેબો !
આપણને ચોક્કસ નામરાશિગોત્રનક્ષત્રનાં લટકણિયાં
લેબલ ચોંટાડીને ખોડી દેવાયાં છે.
આપણી જીભ કાપીને, ત્યાં નિશ્ચિત ભાષાની ટેપ ગોઠવી
દેવામાં આવી છે : જેથી આપણે બોલીએ, બોલબોલ કરીએ,
બોલ્યાં જ કરીએ.
આપણા કાન કાપીને ત્યાં પ્રસાદ ઝીલતા પડિયા મૂકી દેવાયા છે.
અને આંખો તો દૂરદર્શન બતાડી બતાડીને ક્યારનીય ફોડી નાખવામાં
આવી છે.......ને તોય કહેવાય છે કે અંતરીક્ષ આપણા ડ્રોઈંગરૂમમાં
ઊતારી આપ્યું છે !

આપણાં કાપેલાં કાંડાને કમ્પ્યૂટરમાં ફિટ કરીને
ધાર્યું ઘણીનું ઘડેઘાટ કરાવતા થઈ ગયા છે, એ લોકો !
ટૂંકમાં, એકવીસમી સદીના આ બુલડોઝર નીચે ચપોચપ ચેપાઈને
વ્યવસ્થિત, શિસ્તબદ્ધ, નાગરિકો યાને કે ડાહ્યાડમરા ડાગલા
બનાવી દેવાયાં છે આપણને.....
અલબત્ત,
આપણી આ વિવિધતામાં એકતા તો છે જ
અને તે એ કે
આપણા સૌની આસપાસ એક જાળ છે.
એ જાળના ગૂંથનારા સદીઓથી સતત સતર્ક છે.
પરિશ્રમી છે, પહોંચેલા છે.
આ હજારો વર્ષ જૂના જિરણ વૃદ્ધ કરોળિયાઓને
અમુક ચોક્કસ સમયે ભૂખ લાગતી હોય છે અને બાકીનો સમય
એ લોકો એમનો ખોરાક તૈયાર કરતા હોય છે.
પણ આપણી-ભૂખ્યાંની ભૂખથીયે વધુ ભયંકર કંઈ નથી.
એટલે જ, આ કારીગર, કર્તાહર્તા કરોળિયાના ઉદરમાં
ઓહિયાં થઈ જતાં પહેલાં......
શું થઈ શકે એ પહેલાં ?
આ આપણાં મહોરાં ઊતારવાં પડે, રંગ ભૂંસવા પડે, નામનાં લેબલ
લૂંછવા પડે...... પણ એને માટે તો માળું....... આપણે આપણા હાથ
ઉપાડવા પડે !.....પણ બાપ રે બાપ ! આપણે તો ગાંધીછાપ !......
તો હવે ?......
આપણા આ જ શિંગડાં, આ જ પંજા,
આ જ ચાંચ, આ જ ન્હોર......
આપણી કપાયેલી પાંખોની નીચેથી
ફૂટી નીકળતી મુક્કી ઉગામવી પડે....
ને એ આપણા જ હાથની વાત છે, દોસ્તો !

જૂન, ૧૯૮૫





**રચના સંદર્ભ**

'૮૫ થી ગુજરાતની રાજકીય અને સામાજિક આબોહવા બદલાતી જતી હતી. અનામત વિરોધી આંદોલનો અને કોમી રમખાણો આમ દુર્ઘટનાઓ બની ચૂક્યાં હતાં. એ જ દિવસોમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદે' ''પાંચ દાયકા પાંચ કવિ'' કાર્યક્રમમાં આઠમા દાયકાની પ્રતિનિધિ તરીકે આમંત્રણ આપ્યું. મુખ્ય અતિથિપદે હતા તત્કાલીન શિક્ષણમંત્રી શ્રી હસમુખ પટેલ ! અંગત રીતે કહું તો - જાહેરમાં વાંચેલું મારું પહેલું લોકલક્ષી અને લોકાભિમુખ કાવ્ય. મારી બદલાયેલી સાહિત્યિક વિભાવનાનો પહેલો ફાલ.

પ્રાસંગિક | ઘટનાઓ
દુર્ઘટનાઓ
રાજનૈતિક મુદ્દાઓ
અને હું

# સાબરમતી પૂછે છે

આ તરફ દુકાનો ને પેલી તરફ મકાનોની વચ્ચે વહેતી
લીલીછમ સાબરમતી પૂછે છે-
આસામાની સુલતાનીનો રંગ આટલો બધો લોહિયાળ ક્યારેય લાગ્યો'તો ખરો ?
હજી તો નુરમહંમદ ને નારણજીએ પૂરા ત્રણસો પાંસઠ દિવસની
રોજી ય ગણી નથી,
હજી તો બિસ્મીલ્લાબીબી ને ગંગુબાઈએ પૂરા ત્રણસો પાંસઠ દિવસનો
ચૂલો ય સંકોર્યો નથી;
આમદ ને ચંદુ તો હજી ય ઊભા જ છે લાઈનમાં
ગયા વરસની રકમ લેવા માટે..
ગયે વરસે સળગી ગયેલાં પ્લાસ્ટિકનાં છાપરાં
હજી તો પૂરા ઢાંક્યાં ય નથી;
એટલી વારમાં તો ફરી પાછું ?......
કેમ ? શા માટે ? શું કામ ? શાથી ?
કોણ કરે છે આ બધું ?
એમને તો કોઈને ય મારવા નથી કે ક્યારેય આમ મરાવું નથી......
તો પછી ?
કોણ કરાવે છે આ બધું ?
આ તરફ દુકાનો ને પેલી તરફ મકાનોની વચ્ચે વહેતી
ધગધગતી સાબરમતી પૂછે છે-
આ ભાંગી પડેલી જિંદગીઓનો બોજ ઉઠાવવાની તાકાત છે
તમારા મંદિરો ને મસ્જિદોમાં ?
બળેલા ઝળેલાં શરીરોને ફરીથી બેઠાં કરવાની કરામત છે
તમારા મંતરો ને તંતરોમાં ?
પથ્થરનાં પૂતળાં અને કાગળના તાબૂત ખેંચતા તમારા ધરમ ઈમાનના હાથ
માણસ જાતને અડતાંની સાથે જ કેમ લાશો ને લોથો ઢળવા લાગે છે ?
ચરડ ચિરાતી ને કળીએ કળીએ કપાતી આ સાબરમતી પૂછે છે-
શો હક્ક છે તમને ?
ઓ ગુફાઓ અને ઘુમ્મટોમાં ભરાઈ બેઠેલાઓ !
શો હક્ક છે તમને લોહી અને પસીનાનું નામ લેવાનો ?

ટળવળતાં પેટ ને કરગરતા હાથની સામે તુલસીની માળા
ને તિલસ્મી તાવીજ મૂકનારાંઓ !
શો હક્ક છે તમને આંસુ અને વિશ્વાસની વાત કરવાનો ?
શ્વાસની એક લેરખી પણ આપવા માટે લાચાર, કાયર, નપુંસક મહાત્માઓને
શો હક્ક છે શ્વાસનું એક બુંદ પણ છીનવી લેવાનો ?
ગોમૂત્રથી ખરડાયેલા, તમારા ઝાડ - ફૂંકથી ખોટા પડી ગયેલા હાથની મુઠ્ઠીમાં
સેંકડો શ્વાસ પૂરી રાખવાનો શો હક્ક છે તમને ?
હાથે, માથે, કપાળે ને ગાલે ચાર-પાંચ ચિતરામણ કરીને
જાતની જાહેરાત કરનારાઓ !
શો હક્ક છે તમને આદમની એકની એક ઔલાદને ઓશિયાળી બનાવવાનો ?
શો હક્ક છે તમને ?
આ તર દુકાનો ને પેલી તરફ મકાનોની વચ્ચે વહેતી ગૂંગળાતી
સાબરમતી પૂછે છે-
ક્યાં ગયા ઓ મૂઢમતિ ! કેમ મૂંગા છો ? ક્યાં ગઈ
તમારી સબકો મળેલી સન્મતિ ?
હિંદુ અને મુસલમાનને ભારતમાતાની આંખો કહીને બિરદાવનારા !
એ આંખો પર કયા રંગનાં ચશ્મા ચડાવી બેઠા છો ?
ગીતા અને કુરાનને આત્માનો અવાજ કહીને ઓળખાવનારા !
શું કહે છે તમારા એ માણસવિરોધી મુસદ્દાઓ ?
કેમ ચૂપ છો કવિજન ? ભાષા ભૂલ્યા કે શું ?
કે પછી જીભ પર સરકારી સલામોની લાલ પટ્ટીઓ બાંધી દીધી છે ?
કે પછી ઈમ્પોર્ટેડ લિટરેચરની ચ્યૂંઈંગમ ચગળવાની મજા માણો છો ?
કે પછી પૂરાં થયેલાં પાંચપચીસ પ્રેમ-પ્રકરણોના ઘા હજી રૂઝાયા નથી ?
કે પછી જમના કે તટ પર કિસન કનૈયા,
રાધાપ્યારી પનઘટવારી-તમારો પીછો છોડતાં નથી ?
કે પછી અમદાવાદને માની લીધું છે તમે ટ્યુટોરિયલ ટંકશાળ ?
હા હા માન્યું છે ને મનાવ્યું છે.
તમે તો સને ૧૮૩૩થી અમને આવું ને આવું જ ભણાવ્યું છે !





પોળમાં, પાડામાં, વાસમાં, વાડામાં, કોલોનીમાં, સોસાયટીમાં,
ડુપ્લેક્સમાં, કમર્શિયલ કોમ્પ્લેક્સમાં તમે તો ભીંતડાં ઊભા કરી દીધાં છે,
ને શિક્ષણનાં સ્ટીકર ચીપકાવી દીધાં છે-
પારકાં છોકરાં ટીચ્યાં છે ને ભર્યાં ખીચાં છે....
કેમ મૂંગા છો શહેરે અહમદાબાદના આલિમ ફાઝિલો,
પગ તળેથી પથ્થર ખસતા લાગે છે કે શું ?
કે પછી તમે આજ સુધી ભણાવેલા ઈતિહાસની આરસીઓ
આજે તમારી જ સામે ઘુરકિયાં કરવા લાગી કે શું ?
તમે જ બનાવેલો ભૂતકાળનો ભોરિંગ ગળે વીંટાતો વીંટાતો
ઝેર ઓકવા લાગ્યો કે શું ?
ક્યાં સુધી અમારી આંખે પાટા બાંધ્યા કરશો ? ક્યાં સુધી ?
દાંડીકૂચને દિવસે ઠોકરે ચઢાવેલી ને ડંડે ડંડે ભાંગીને ભૂક્કા કરેલી
સાબરમતી પૂછે છે-
ક્યાં સુધી આ પૂતળાં પૂજ્યે રાખવાનાં છે ?
ક્યાં સુધી ખુરશીઓ સજાવ્યે રાખવાની છે ?
ક્યાં સુધી માણસજાતના અહિંસાપ્રેર્યા ઘા પર
મા'ત્મા છાપ મલમ ઘસ્યે રાખવાનો છે ?
ક્યાં સુધી હિમાલય જેવડી ભૂલો પર તપતિરથના ઘજાગરા
ચડાવ્યે રાખવાના છે ?
ક્યાં સુધી ઓગણચાલીસ ઓગણચાલીસ વરસની ઊણપોને
અવળા દૂરબીનથી અવગણ્યે રાખવાની છે ?
આ તરફ દુકાનો ને પેલી તરફ મકાનોની વચ્ચે વહેતી
સણસણતી સાબરમતીનો સવાલ છે સાલાઓ !
તમે મારા શહેરને શાનું બજાર બનાવી બેઠા છો ?
મકાનોમાં રહેતી માણસજાતના કપાયેલા હાથપગ,
બળેલાં પેટ-પીઠ, કાળાભઠ્ઠ ચહેરા
અને ઠરડાયેલાં આંતરડાંના ઢગની કઈ જાતની દુકાન માંડીને બેઠા છો ?
બળીને ખાખ થયેલી ઘરવખરી અને ભાંગીને ભૂક્કા થયેલા રાચરચીલાને
આમ સરિયામ રસ્તા પર શાના પાથરી બેઠા છો ?

શાના ચલાવો છો લાલ શાહી ભરેલી બનાવટી બોલપેનોને ?
શાના ઘુમાવો છો તમારા નાગાનફ્ફટ કેમેરાને અમારી આંસુ નીંગળતી
આંખો સામે ?
ધન્ય છે તમને ધુરંધરો ! ધન્ય છે !
અમારાં ભાંગેલા ચૂલા પર કેરિયરની કેક બેક કરનારાઓ !
તમારી, દૂઝાયેલાં ડાચાં ફાડતી ડોક્યુમેન્ટરીઓમાંથી નીકળતા નિષ્ઠુર, ક્રૂર,
થીજેલા બરફ જેવા અવાજનો ટોટો પીસી નાંખતાં અમને વાર નહીં લાગે-
બે બદામની બહાદુરીના બહાને મારું શહેર લિલામ કરનારાઓ !
હવે ઝાઝી વાર નહીં લાગે-
તમારા પેંતરાને પળવારમાં ભોંયભેંગા કરી દઈશું,
તમારા કેમેરાને ધૂળ ચાટતા કરી દઈશું,
તમારી બદચાલ બોલપેનોને બોબડી બનાવી ગલીએ ગલીએ બદનામ કરીશું.
તમારા મૂંગામંતર મોંઢામાં અમારાં કોશ, કોદાળી, દાતરડાં
ખોસીને એને પહોળાં કરીશું
તમારાં ઈતિહાસનાં થોથાં જલાવી દઈશું મંદિરમસ્જિદના ભંગારભેગાં.
તમારાં ભરેલાં ખિસ્સાં લૂંટીને અમારી રોટી ખરીદીશું.
હવે વાર નહીં લાગે-
આ હું, તું, તે, આ નુરમહંમદ, આ નારણજી, આ ગંગુબાઈ,
આ બિસ્મીલ્લાબીબી...
અમારા બધાંનાં હાથમાં પથ્થર છે, સળગતા કાકડા છે, એસિડના બલ્બ છે,
આ પડેલી લાશોના પેટમાં અસ્રા છે,
પગમાં ગોળીઓ છે, પીઠમાં ખંજર છે.
બધું તૈયાર છે......ટનાટન......
હવે ઝાઝી વાર નથી....
બધાં ઊભાં થઈને, બેઠાં થઈને, સામાં થઈને ઉગામીશું-એક પછી એક-
તૂટી પડીશું, ફરી વળીશું, કચ્ચરઘાણ બોલાવી દઈશું.......
આપણે
અમદાવાદનાં મકાનવાસીઓ, ભેગાં થઈને
ભેંકાર કરી દઈશું પેલી ચમકતી દમકતી દુકાનોને.





આ તરવરતી થનગનતી સાબરમતી પૂછે છે દોસ્તો-
ક્યારે ? હવે કેટલીવાર ? હજુ શાની વાર ?

૧૯ ઓગસ્ટ, ૧૯૮૬

**રચના સંદર્ભ**

-૧૯૮૫ દરમિયાન ગુજરાતભરમાં ફાટી નીકળેલાં 'અનામત આંદોલન'ને ગણ્યાગાંઠ્યા સત્તાધારીઓ અને સત્તાલાલચુઓએ 'કોમી હુલ્લડ'મા ફેરવી નાંખ્યું. એ ઘટનાનું લોહી હજુ તાજું જ હતું ને ફરીથી કોમી આગ ભડકાવાઈ એ વખતે આ કાવ્ય રચ્યું.

- રચનાને એક પત્રિકામાં છાપીને અમે મુઠ્ઠીભર મિત્રોએ ૧૯ ઓગસ્ટ, ૧૯૮૬ની સાંજે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના મકાન સામે તે સમયના 'પરિષદ - પ્રમુખ'ને દૂર કરાવવા વિરોધ -પ્રદર્શન યોજ્યું; કેમ કે આ 'પરિષદ - પ્રમુખ' 'વિશ્વ હિંદુ પરિષદ'ના પણ પ્રમુખ હતા અને એમણે એક અંગ્રેજી સ્થાનિક દૈનિકને આપેલી મુલાકાતમાં લઘુમતી કોમો અને હિન્દુ સિવાયના ધર્મો અંગે બેફામ વિધાનો કરેલાં.

-પરિષદ પ્રમુખ તો ન હટ્યા, ઉપરથી દેખાવો દરમિયાન ઘણાં સાહિત્યકારોનું કોમી માનસ છતું થઇ ગયું. એ જ દિવસથી 'આપણું સાહિત્ય' પ્રવૃત્તિ શરૂ થઇ જેમાં સામ્પ્રતને સાહિત્યમાં નિરૂપવાનું સાહસ અમે ખેડ્યું.

# નહિ જન્મેલા ભગવાનની નહિ નીકળેલી શોભાયાત્રા

એક નહિ જન્મેલા ભગવાનની
નહિ નીકળેલી શોભાયાત્રાનો અફસોસ ન કરશો દોસ્તો,
એમાં આપણે કશું જ ગુમાવ્યું નથી.
ગુમાવી હોય તો ફક્ત એક વધુ લોહિયાળ સાંજ !
હા, આગલી સાંજે કેટલાંક ઘેટાંબકરાંને પાંજરે પૂરવામાં આવ્યાં હતાં,
પણ એ પાંજરાના સળિયા તો સાકરમાખણના બનેલા છે- એ વાત તો
પાંજરાની અંદર પુરાયેલા અને પાંજરું ઊભું કરનારા બંને જાણે છે !
એ બંનેના હાથ તો એટલા લાંબા છે કે
ગમે તેવા સળિયાને ભેદીને ય હળતામળતા રહે છે !
અલબત્ત,
એ ઘેટાંબકરાં તો સદીઓથી એમ જ ચાલે છે-ચાલતાં આવ્યાં છે-
પણ એમને ચલાવનાર ભરવાડ તો કોઈ બીજા જ છે !
જે લોકો માણસને પૂરવાની વાડ કરે અને પોતાના વાડા ભરે
એને અમારી બાજુ-'ભરવાડ' કહે છે !
આ ભરવાડોએ આપણી આજુબાજુ પણ
નામ, ઠામ, અટક, સરનામા, ગામ, ગોળ, નાત, જાત, પ્રાંત,
દેશ, પ્રદેશ, ખંડ, ઉપખંડ
અરે, ગોત્ર, નક્ષત્ર, રાશિ, નાડિ, વર્ણ, વર્ગના વાડા બાંધ્યા છે
અને-હવે આપણી સામે બંધારણીય હક્કોનું ઘાસ નીરીને
આપણને કતલખાને લઈ જવા માગે છે.
આપણા ભેજામાં વ્રત, ઉપવાસ, યમનિયમની ટોટીઓ નાખી નાખીને
એ લોકોએ આપણી બધી જ બુદ્ધિ શોષી લીધી છે,
જેથી-આપણે આપણી વાસ્તવિકતા ભૂલીને
કોઈ બીજી દુનિયાનાં સપનાં જોઈએ;
એ લોકોએ આગલા ને પાછલા જન્મોની જલેબીઓ જમાડી જમાડીને
આપણાં મોં ભાંગી નાંખ્યાં છે જેથી
આપણે કદીએ બીજું કશું માંગીએ નહિ, કદીએ જાગીએ નહિ !





બસ આ જ રીતે આપણને ધરમનું અફીણ પાઈ પાઈને
ઘેનના ઘોડિયે હિંચોળે રાખ્યાં છે
જેથી આપણે - આ જીવનના, આ મળેલા શ્વાસોના સાચા હક્ક માગીએ નહિ !
અરે, એમનાં કેટલાંક તારણહારો તો એવાં છે, દોસ્તો !
જે અહીંની રોટલી છીનવીને ત્યાં ઉપર
અમૃત આપવાનાં વચનો આપે છે !!
અહીં તન પરનું એકનું એક ચીથરું તાણી લઈને
બાવન ગજની ધજાઓ ફરકાવે છે.....
અહીં દસ બાય દસની ખોલી ખૂંચવીને 'ત્યાં' નંદનવન વિકસાવવાની
ગુલબાંગો મારે છે !
અસલ વાત તો એ છે, દોસ્તો !
કે, એ લોકો આ જીવન પર, માણસ જાત પર, ભરોસો નથી રાખી શકતા
એટલે જ આપણને પથ્થર પર શ્રદ્ધા રાખવાનું શીખવાડે છે !
એ લોકો માણસજાતને, આપણને ધિક્કારે છે એટલે જ
તેત્રીસ કરોડ પૂતળાંનાં વન વસાવે છે.
એમને નથી તો કોઈના દિલમાં વસવું કે નથી કોઈને વસવા દેવા,
એટલે જ મંદિરો ને મસ્જિદો બાંધે છે ને તોડે છે....
એ લોકો પ્રેમ નથી કરી શકતા એટલે જ
પાપ અને પુણ્યના હિસાબ માંડે છે.
એ લોકો તો એ લોકો જ છે ભલેને પછી એ-
દાઢી ઉગાડતા હોય કે ચોટલી રાખતા હોય,
પૂર્વ તરફ મોં રાખી નાકલીટી તાણતા હોય કે
પશ્ચિમ તરફ મોં રાખી ઘુંટણિયે પડતા હોય......
આખરે તો એ બધ્ધા જ
કાચબા અને શહામૃગોની ઔલાદો છે !
દોસ્તો,
ચાલો, આપણે સિત્તોતેરે કરોડ ભેગા થઈને એમને પૂછીએ કે-
કોણ છે તમારો આ ભગવાન ?

અરે, એ છે પણ ખરો કે ?
દોસ્તો ! એ લોકો કહે છે એ પ્રમાણે જો એ એક છે
- અનાદિ છે - અનંત છે
-સર્વવ્યાપી છે, તો પછી શા માટે એના અમુક કે તમુક સહસ્ર નામ છે ?
શા માટે એ ફલાણા યુગમાં, ફલાણા દેશમાં, ઢીંકણી તારીખે,
અધરાતે, મધરાતે, પરોઢે કે બપોરે જન્મ્યો ?
શા માટે એ દર વર્ષે નવેસરથી જન્મે ? !
દર વર્ષે જન્મીને દૂધ પીતો થતો એ લોકોનો આ સર્વસમર્થ,
એના હજારમાંથી એકાદ હાથ લંબાવીને એમના
કહેવાતા 'ધરમ'નું પૂંછડું કેમ નથી પકડતો ? !
કમ સે કમ એ દલાલોને તો આમ 'ભવરણ'માં ભૂખ્યા વરૂની જેમ
ભટકવું ના પડે !
જવા દો, રહેવા દો, આ 'માયા'ના તર્કબદ્ધ તૂત અને 'લીલા'ના
લયબદ્ધ ટીલાંટપકાળા ભવાઈવેશ !
અને અમને કહેવા દો કે-
તમે પોતે જ માણસમાં નથી એટલે જ તમારે ઢોલનગારાં પીટી પીટીને
જાતની જાહેરાતો કરવી પડે છે, નાતનાં છબછબિયાં વગાડવાં પડે છે
ગળાં ફાડી ફાડીને ગલીએ ગલીએ ભજનિયાં ગાવાં પડે છે !
આવો દોસ્તો ! એ કાચબાઓ અને શાહમૃગોને કહી દઈએ-
માણસથી વધારે બીજું કંઈ જ -કશું જ -કોઈ જ ના હોઈ શકે !
અને એટલે જ,
એક નહિ જન્મેલા, કહેવાતા ભગવાનની પાછળ અફસોસ કરવાને બદલે
આપણે લાખ્ખો માણસો
એક-અખંડ-અક્ષત રહ્યા-આપણાંમાંનો એક પણ ઓછો ના થયો
એનો ઉત્સવ ઉજવીએ.....
આજે અત્યારે, આ જ જનમમાં આપણને કૈક જાણવા, નાણવા, પ્રમાણવા
મળ્યું
એનો મહિમા કરીએ......

૫ સપ્ટેમ્બર, ૧૯૮૬





**રચના સંદર્ભ**

-સવંત ૨૦૪૨ (ઈ. સ. ૧૯૮૬)ની સાલની જન્માષ્ટમીના દિવસે કેટલાંક ચૂસ્ત હિન્દુવાદીઓએ અમદાવાદમાં ક્યારેય નહીં નીકળતી કૃષ્ણની 'શોભાયાત્રા' કાઢવાની જીદ કરી હતી. જો કે આમ જનતાને આવી કોઈ યાત્રાફાત્રામાં રાસ નહોતો;, કેમ કે રથયાત્રાના પ્રસાદરૂપે એ કરફ્યુ, ગોળીઓ, આતંક, દિવસોની બેકારી, ભૂખમરો ઘણું બધું મેળવી ચૂકી હતી. રાજ્ય સરકારે પોતાની સ્થિરતાના સ્વાર્થે છેલ્લી ઘડીએ કેટલાંક કહેવાતાં- ન કહેવાતા અસામાજિક તત્વોની ધરપકડ કરી અને 'શોભાયાત્રા' ના નીકળવા દીધી. અલબત્ત સરકારે પાછળથી સ્થાપિત ધર્માચાર્યોની માફી માગી લીધી, જેથી.....જવા દો, કહેવામાં નહીં, સમજવામાં સાર છે !

# હિંદુ મરો કે....; સાહિત્ય-ગોરનું તરભાણું ભરો !

(કે.કા. શાસ્ત્રીને ૧૯૮૬નો 'વિશ્વગુર્જરી એવોર્ડ' મળ્યો તે નિમિત્તે)

દોસ્તો !
જોઈ શું રહ્યા છો ?
તોડી નાખો આ તોરણોને, ફાડી નાખો આ ધજાપતાકાઓને !
આજે એ લોકોએ આપને લપડાક મારી છે !
ક્રૂર મશ્કરી કરી છે આપણી !
આપણી આંખમાં ધૂળ નાખવાની ગંદી ચાલ ચાલ્યા છે એ લોકો !
આપણા જીવતર પર થૂંક્યા છે,
આપણા સ્વજનોનાં મોતની ઠેકડી ઉડાડી છે એ કાયર હિંસાખોરોએ !
એ લોકો આજે નવાજવા બેઠા છે, ૧૯૮૬ના સૌથી બદમાશ કતલખોર,
સૌથી નીચ સાહિત્યકાર અને સૌથી ભયાનક બ્રહ્મરાક્ષસને
આપીને એવોર્ડ વિશ્વગુર્જરી !
વાહ ગુર્જરી ! ધન્ય ગુર્જરી ! કૃતકૃત્ય થઈ ગઈ !
ખમ્મા ખમ્મા તને, મારી રોળાયેલી, રગદોળાયેલી, ચગદાયેલી, વિંખાયેલી,
પિંખાયેલી, ચૂંથાયેલી,
ચિરાયેલી, છેદાયેલી, વિંધાયેલી ગુર્જરી ! આજે તું ધન્ય થઈ ગઈ !
હવે, તારો આ જ ચહેરો દુનિયાના દર્પણમાં દેખાશે !
આજે તારી ચૂરેચૂરા થયેલી ખોપરી પર ધર્મધુરંધરોએ ચંદનનું તિલક
તાણી આપ્યું છે
ધન્ય થઈ ગઈ છે તું !
આજ પછી આપણી ગુજરાતનો, ગુજરાતી ભાષાનો, ગુજરાતની પ્રજાનો,
સમસ્ત માનવજાતનો આ-આવો-
કોમવાદી ચહેરો પોંખવાનો છે આપણે ? !
આ જ નીકળ્યું આખા વરસનું સાંસ્કૃતિક સરવૈયું ? !
જોઈ લીધો આપણે તો તંત્રની મેલી વિદ્યાનો ચમત્કાર !
વાહ ! કમાલ છે આ કોમવાદ પર સિક્કા-એ-સરકાર !
વાહ રે સરકાર !
આખા ગામના હડકાયા કોમવાદી કૂત્તાઓને ચાટવા રાખેલી
એંઠી પતરાળીઓની ચાટ-વાહ !
કર દિયા કમાલ !





દોસ્તો !
આ નકશીદાર તામ્રપત્રો, જરિયાન શાલદુશાલાથી
શું સાબિત કરવા માંગે છે એ લોકો-?-
-આપણે મૂરખ છીએ? આંધળાં છીએ ? લાચાર છીએ ?
એક દિવસ ખુદ આ જ સરકારે જેને કોમવાદીનો સિક્કો મારેલો
એ માથા વિનાના ખવ્વીસને આજે
પાઘડી પહેરાવીને શું સાબિત કરવા માંગે છે એ લોકો ?-
-કે ૧૫૧મી કલમ, ગુંડાધારો, અટકાયત એ બધું મારે ને તમારે માટે છે
અને એમને માટે છે આ એવોર્ડ ? !
દોસ્તો ! આ નફફટાઈ છે, નાગાઈ છે, આ જ હડહડતો ત્રાસવાદ છે !
-અને છાપાં ચૂપ છે.
છાપાં તો છકેલી છપ્પન છૂરી બની ગયાં છે : ઘડીકમાં આમ લટકો તો
ઘડીકમાં તેમ ઠમકો-
ક્યારેક આને સલામ તો કદીક પેલાને મુજરો.....
ટી. વી. અને આકાશવાણી નામના સરકારી અંધાપા અને બોબડાપણાનો તો
હવે કોઈ ઈલાજ જ નથી !...
અને સાહિત્યકારો ?- અરે, એ શાસ્ત્રીના સગલાં તો ખુશ છે સાલાં
-જુઓ જુઓ-ભૂત અને ભાવી વિશ્વગુર્જરી વિજેતાઓની પટપટતી પૂંછડીઓ
અને લબલબતી જીભો તમને નથી દેખાતી ? !...
એમને તો આમેય એકબીજા માટે ચોવીસે કલાક સાબદા જ રહેવું પડે છે!
-ચાર કાંધિયા, દસવીસ ડાઘુ, દોણીના દોરનાર બે અને કૂદંકૂદા કરતા
કદરદાન કિર્તનિયાઓની તો ક્યાં ખોટ જ છે ?
એ કરોડરજ્જુ વગરના કાનખજુરાઓ તો કાયમ ઠેરના ઠેર
એ લેનારા લોભિયાઓનું તો થઈ પડશે, મિત્રો !
પણ આ આપનારા ધુતારાઓની ધજ્જિઓ ઉડાડો હવે !
આ જ હડહડતો ત્રાસવાદ છે !
હડહડતો અન્યાય છે, દોસ્તો !
એક પલ્લામાં આપણું લોહી છે ને બીજા પલ્લામાં ગોમૂત્ર !

આપણાં લોહીમાંસની આમ ઉઘાડે છોગ થયેલી હાંસી
સાંખી લઈશું ? શા માટે ?
હજીય કંઈ મોડું થયું નથી.....અફસોસ ના કરશો...
નિરાશાવાદી નપુંસકોની જેમ કહેશો નહિ કે, હવે શું ?
દૂધ તો ઢોળાઈ ગયું...
ના દોસ્તો ! દૂધ ભલે ઢોળાયું, ઢોળાયું છે તો
એમના ભરાઈ ગયેલા ઘડામાંથી !
આ તો શરૂઆત છે !
આ તો શરૂઆત છે ફાસીવાદી તમાશાની !
અત્યારથી જ જાગો-
અત્યારથી જ એમના પગ ભાંગો-
અત્યારથી જ એમને પર્દાફાશ કરો-
નહિ તો....

૨૩ નવેમ્બર,૧૯૮૬

**રચના સંદર્ભ**

શ્રી. કે.કા.શાસ્ત્રી સંસ્કાર પુરુષ તરીકેના માન-અકરામ ઉઘરાવે, અને કોઈ એમની ટીકા કરે ત્યારે મુદ્દો એ બને છે કે એમણે આપેલા બંધના એલાનને કારણે જ્યારે કુડીબંધ લોકોના જાન જાય અને છતાં આ કહેવાતા "સંસ્કાર-પુરુષ"નું રૂવાડુંય ન ફરકે ત્યારે એમને ભ્રષ્ટ, સ્વાર્થી ને અધમ રાજકારણી જ ગણવા જોઈએ. "ઈન્ડિયન એક્સપ્રેસ"ને આપેલી મુલાકાતમાં એમણે પોતાનો રથયાત્રા રસ્તા વિશે દુરાગ્રહ દોહરાવ્યો અને પોતાની નફટાઈ ગાઈ બજાવીને પ્રદર્શિત કરી.

સાહિત્યકારને પ્રજાના જાનમાલના રક્ષણ કે કાયદો-વ્યવસ્થાના પ્રશ્નોને અવગણવાનું લાયસન્સ મળેલું હોય તો બાકીના જે સમાજને એ એલાનને કારણે વેઠવું પડયું હોય તેને એ સાહિત્યકારની ટીકા કરવાનો અધિકાર તો મળે જ છે.

પ્રા. હર્ષદ દેસાઈ





# એકલવ્યના વારસદારને

દોસ્ત !
આજે તને યાદ દેવડાવાય છે કે તું શબરીનો વારસદાર છે,
પણ તને એ ભૂલાવી દેવાય છે કે
તું એકલવ્યનો પણ વારસદાર છે- એ એકલવ્ય કે જેનો અંગૂઠો
એ લોકોએ છેદી નાંખ્યો હતો !
એ લોકો
જેમને કોઈ અસામાજિક તત્વ તરીકે ઓળખતું નથી,
જેઓ કયારેય ગુંડાધારામાં પકડાયા નથી,
જેમને ખબર છે કે કોઈ એક જગ્યા
રામજન્મભૂમિ કહેવાય કે બાબરી મસ્જિદ-
એનાથી આપણાં રોટી-કપડાં-મકાનની કોઈ સમસ્યા
હલ થઈ શકવાની નથી.....
આજે એ લોકો
એમના કહેવાતા આર્યધર્મની ધજાઓ ફરકાવવા
રામજાનકી રથની પાછળ પાછળ
હનુમાનના સળગતા પૂંછડાથી
લંકા જ નહિ-આપણો આખો દેશ સળગાવી રહ્યા છે !
આજ સુધી એ લોકોએ શબરી કે એકલવ્ય સિવાયના તારા
પૂર્વજોને તો વાંદરા જ ગણ્યા છે પણ આજે એમની બહુમતિનો
અશ્વમેધ સફળ બનાવવા તને-વાંદરાના વારસદારને-
વાપરી રહ્યા છે- પૂંછડાની જેમ....
એમને તો રામરાજ્ય લાવવું છે !
એ જ રામરાજ્ય કે જેમાં વાલીનો વધ થયો ત્યારથી
'ભાગલા પાડોને રાજ કરો'ની રાજનીતિનાં બીજ વવાયાં;
શુદ્ર શંબૂકની હત્યા થઈ તે દિવસથી
અનામત વિરોધી આંદોલનનાં મૂળિયાં નંખાયાં;
શૂર્પણખાનાં નાકકાન કપાયાં ને સ્ત્રીઓનાં નાકકાન કાપવાનો
રિવાજ શરૂ થયો;

સીતાની અગ્નિપરીક્ષા ને સીતાત્યાગ પછી જ હજ્જારો ને લાખ્ખો
ભડકે બળતી નારીના ઈતિહાસની ભૂમિકા રચાઈ....
એ જ રામરાજ્ય આવવાનું છે દોસ્ત !
તારા દેશના દુકાળ માટે કોઈ ધરમ જવાબદાર નથી
પણ તને યાદ કરાવનાર કે ભૂલાવામાં નાંખનારનાં કરમ જવાબદાર છે !
તને આમ જીવતેજીવત શૂળીએ ચડાવી દેનારા
એ લોકોને જરા પૂછી તો જો કે,
કયાં ગુમ થઈ જાય છે તમે ને તમારું રામરાજ્ય
-જ્યારે મારા દેશમાં બારે માસ દુકાળ હોય છે ? !
-જ્યારે મારે માઈલોના માઈલો ટાંટિયાની તોડ કરીને
ટીપું પાણી મેળવવું પડે છે ? !
-જ્યારે મારી સ્ત્રી ઉપર બળાત્કાર થાય છે ? !
-જ્યારે મારાં બાળકોને વેચાવું પડે છે ? !
જ્યારે મારાં જંગલ કપાય છે ? !
-જ્યારે મારી જમીન ઝુંટવાય છે ? !
-જ્યારે મારો કોળિયો ખૂંચવાય છે ? !
-જ્યારે મારું લોહી ચૂસાય છે ? !
દોસ્ત !
આ રામરાજ્ય પણ 'અપના ઉત્સવ' અને
'ઇન્ડિયા ફેસ્ટિવલ' જેટલો જ ગળ્યો ગોળ છે હોં !
જોને, એ તો હજી તારી કોણીએ જ ચોંટયો છે ને
તારાં લીલાં-ભૂરાં ખમીસના તો લીરેલીરા ઊડી ગયા !
પર્વતો ને જંગલોમાં રહ્યે રહ્યે તને હજી આઝાદી કયાં સ્પર્શી જ છે ?
તારાં ગામમાં પાકાં મકાન, ગટર, જાજરૂ, વીજળી, પોસ્ટઓફિસ
પાકી સડક કે નિશાળ તો આવે ત્યારે ખરાં;
પણ જો તું ચેતી નહિ જાય તો
આ કહેવાતું રામરાજ તો ખાબકી જ પડવાનું
ને આવું બધું તો એ લોકો સદીઓથી કરતા આવ્યા છે





એમાં પછી રામ હોય, અંગ્રેજ હોય કે ખાદીવાદી-
એ લોકો
તારામાંથી અમુક પસંદ કરેલાઓનો રાજ્યાભિષેક કરતા જ આવ્યા છે !
આજે પણ એવા સુગ્રીવો
કાં તો રાજ કરી રહ્યા છે
અથવા તો પછી રાજ-દંડ બની ચૂક્યા છે.
એમના ડ્રોઈંગ રૂમોમાં
યંત્રો, મંત્રો ને તંત્રો
તારા જંગલનાં લાકડાની ફ્રેમમાં મઢાઈને શોભી રહ્યાં છે !
-અને કહેવાય છે કે આદિવાસીઓ જંગલ સાફ કરી રહ્યા છે !
આમ તો
તારા જ લાકડામાંથી એ લોકો કુહાડા બનાવે છે,
પછી એનાથી તારા પગ કાપે છે
અને પછી તને સમજાવે છે કે કુહાડો તારો છે ! !
વર્ષોથી આની આ મેલી વિદ્યા અજમાવતા આવ્યા છે
એ લોકો !
અલબત્ત ! તે વખતે એ લોકો કહેતા હતા કે તું એમનાંમાંનો
એક નથી-તું તો કોઈક બીજો છે ને અનામતનો વિરોધ કરી
તારા શ્વાસ રૂંધેલા !
-ને આજે તને સોડમાં લઈને સાણસામાં જકડયો છે !
આબાદી ને અન્યાય,
શાંતિ ને શોષણ;
વિકાસ ને વહેરોવંચો-એ તો આપણા બહુમૂલ્ય બંધારણના
વણલખ્યા નિયમો છે !
ચેતી જા દોસ્ત, ચેતી જા
આ માણસખાઉ માંધાતાઓએ તારું લોહી તો ચાખી લીધું છે-
હવે તને પૂરેપૂરો ભરખી ખાય એ પહેલાં....
સાંભળ્યું છે કે તેં તારાં તીરકામડાં ઉપાડયાં છે
-તે ઉપાડેલાં ને ઉગામેલાં જ રાખજે

એને નીચે મૂકી દેવાની કાંઈ જ જરૂર નથી
જરૂર છે માત્ર તારાં તીરનું નિશાન બદલવાની !

૨૫ એપ્રિલ, ૧૯૮૭
( હિરેન ગાંધી સાથે )

**રચના સંદર્ભ**

-૧૯૮૭ના એપ્રિલ મહિનામાં ગુજરાતના આદિવાસી વિસ્તાર 'પંચમહાલ'માં 'રામજાનકી શોભાયાત્રા' નિમિત્તે કોમી રમખાણો થયાં. વીરપુર ખાતેની આ ઘટનાને ભડકાવવા ચુસ્ત હિન્દુવાદીઓ જેઓએ અનામત આંદોલનો કરી દલિતો, આદિવાસીઓને બધી જ રીતે પીટયા હતા. તેમણે આદિવાસીઓને એમ કહી ઉશ્કેર્યા કે તમે તો શબરીના વારસદારો છો અને શબરી રામભક્ત હતી. તમારે 'રામ જન્મભૂમિ'ની લડતમાં સાથીદાર બની. વિધર્મીઓ (મુસ્લિમો)ને ખતમ કરવા જોઈએ.

-અહીં એ નોંધવું જોઈએ કે 'બાબરી મસ્જિદ' અને 'રામજન્મભૂમિ' એ રાજકારણીઓ અને હિન્દુ બહુમતવાદીઓએ ઉપજાવી કાઢેલ ઝઘડો છે; અને એ નિમિત્તે દેશમાં ઠેર ઠેર -ગામડે ગામડે 'રામજાનકી શોભાયાત્રા'ઓ કાઢી કોમી આગ ભડકાવાય છે.





# છઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨

એ રામ
અને પેલો બાબર-
એ બંને તો શાસકો હતા.
પણ સતયુગ હોય, ત્રેતા હોય, દ્વાપર હોય કે કળિયુગ-
આપણે તો રૈયતનાં રૈયત.
એમનાં દંડકારણ્યોમાં
આપણે માટે તો વનવાસો, શિરચ્છેદો, અગ્નિપરીક્ષાઓ, કપાયેલાં કાંડાં,
કડક કરફ્યૂ, કારાવાસ કે ગોળીબાર જ નિશ્ચિત હોય છે, દોસ્ત !
એમને નામે ચણાતી ને ભંગાતી
સરજાતી ને વેડફાતી ઈંટોના મંગાળા ઉપર
આપણે એકાદો રોટલોય શેકવા પામ્યાં હોત તો
પેટ તો ભરાત આપણાં પોયરાંનાં !
પણ એ મુઠ્ઠીભર મોકાબાજ માટીપગાઓને તો
ચૂંટણિયો ચાકડો ફગોળ્યે રાખવો છે ને વરસોવરસ
નવેસરથી તાવડીઓ ટીપ્યે રાખવી છે.
અને નીંભાડો તો ભડભડતો જ છે આ પા'
આપણા પેટનો !
આમ ને આમ
ચુંમાલીસ ચુંમાલીસ વર્ષોથી
કે પછી સેંકડો સદીઓથી....
લાકડાનાં છોડિયાંની જેમ,
સૂક્કાં સાંઠીકડાંની જેમ,
ધૂંધવાતાં છાણાંની જેમ,
માણસજાત તો એ......યને હોમાતી જ ગઈ છે
શાસ્ત્રોમાં ને શરિયતોમાં
સ્મૃતિઓમાં ને સંહિતાઓમાં
ને છેવટે પેલા બંધારણિયા બોઈલરમાં.
આજે ઈતિહાસનાં ઈંડાને ચિતરવા બેઠેલા
આ અતિરથીઓ અને મહારથીઓના લગામરંગ્યા હાથને

આ માનવમેઘની ઝાળ લાગશે ત્યારે
એમનેય ખબર તો પડવાની જ છે કે
લાશોનેય ન્હોર ફૂટતા હોય છે !
આજે નહિ તો આવતી કાલે,
આપણાં ભાંગેલાંતૂટેલાં ઘરખોરડાંનાં
બળેલાંઝળેલાં લોહીભીનાં ઈંટરોડાંથી
ખતમ થવાના જ છે
એક એક ઓતિયા-ગોધિયા આપણી આસપાસના.
ને એ જ ઈંટરોડાં વડે
ઊભી કરીશું આપણે એક આખી અખંડ ઈમારત :
ના, કોઈ મંદિર કે કોઈ મસ્જિદ નથી બનાવવાં આપણે.
આપણે તો સરજીશું એક
ખુલ્લું આંગણું.....
    ગુંબજો, શિખરો, ગોખલા કે બખોલ વિનાનું
    અને દીવાલોથી તો જોજનો દૂર.....એક મુક્તાંગણ.

હા,
આવતી કાલની પેઢીને
આ સમામાં આપણે જીવતાં હતાં,
માણસમાં હતાં
એની સાબિતી તો આપવી જ પડશે ને !

ડિસેમ્બર,૯૨





# સંવત ૨૦૪૨નું સરવૈયું

દિવાળી આવી ગઈ છે, દોસ્તો !
વરસ પૂરું થઈ ગયું છે અને ત્રણસો ને પાંસઠેય દહાડા
હાંફતા હાંફતાં, આ ભાંગીને ભુક્કો થવા બેઠેલા અમદાવાદના ઉંબરે
ફસડાઈ પડયા છે !
ને તોય....ઓછા તો ઓછા - ફટાકડા ફૂટયે જાય છે;
ધીમા તો ધીમા-ઢોલ ઢબૂક્યે જાય છે,
આછાં તો આછાં-તોરણ ફરક્યે જાય છે, ઝાંખી તો ઝાંખી
- રંગોળી પુરાયે જાય છે.....
અને માંહી બેઠેલો મારો અમદાવાદી જીવ ઉધમાત મચાવ્યે જાય છે કે,
સરવૈયું કાઢો- સરવૈયું કાઢો- સરવૈયું કાઢો
ગયા વરસનું સરવૈયું.....કયા વરસનું સરવૈયું ?
જમા મૂડી કુલ મહિના બાર;
તેમાં છ તો ગયા હુલ્લડે ઉધાર !
બાકી રહ્યા એ દુકાળે સુકાયા,
એનું તો આવતી સાલ પણ ચક્રવૃદ્ધિ વ્યાજ ગણીને ચૂકવવાનું ને !
ગયે વરસે આપણે ભૂખ્યાં થયાં ત્યારે 'એ લોકોએ'
આપણને એકબીજાના જ હાથ ચાવી ખાવા આપ્યા,
કે જેથી આપણે એકમેક સાથે હાથ મિલાવી જ ના શકીએ,
કે જેથી આપણે રોજીરોટી કમાઈ જ ના શકીએ,
કે જેથી વખત આવ્યે એ લોકોની સામે હાથ ઉગામી જ ના શકીએ,
-ને પછી તો જમણાએ ડાબાને ભરખ્યો ને ડાબાએ જમણાને કરડી ખાધો !
આપણને તરસ લાગી ત્યારે એ લોકોએ લોહી ચૂસતાં શીખવાડયું.
-એ તો એમને બહુ ફાવે ને !
બંધ મિલોના સાંચામાંથી એમણે ભગવા, લીલા, કેસરી, ભૂરા, પીળા
ઝંડા કાઢયા-કાઢતા જ ગયા અને
આપણાં નાગાંપૂગાં શરીરો ઉપર લપેટતા જ ગયા, વિંટતા જ ગયા.....
કે જેથી આપણે અટવાઈએ, અથડાઈએ, ગૂંગળાઈએ.....
આપણે ઘર માગ્યાં ત્યારે એમણે બૂસ્ટર આપ્યાં,
ગટરને બદલે કમ્પ્યૂટર આપ્યાં;

અરે હજી તો આપણામાંના લાખ્ખો 'વિદ્યાર્થીઓએ' જૂની તરેહનાં
કક્કો-બારખડીનુંયે મોઢું નો'તું જોયું.
ત્યાં તો નવી તરેહનાં નખરાં શરૂ કરી દીધાં !
માંડ માંડ મધ્યાહ્ન ભોજન જમતાં થયેલાં છોકરાંનાં હાથમાંથી
કોળિયો ઝૂંટવીને એમને મજૂરીએ વળગાડયાં
અને આસપાસ નજર જ ન જાય એટલે આંખે કાનૂની ડાબલા ચડાવ્યા !
આપણને એંસી ટકાને રાતે પાણીએ રોવડાવ્યાં અને
દસવીસ દેડકાં ફુલાઈને ફરે એટલે ગુબ્બારા ઘડાવ્યા !
છગન, મગન અને રતનબાઈને રાજી રાખવા ઈનામો, ટ્રોફીઓ
અને ચંદ્રકો લટકાવ્યા !
(પી.ટી.ઉષાથી પન્નાલાલ સુધી)
એ લોકોએ તાલીઓ પાડી અને આપણે રાચ્યાં !
એ લોકોએ ડાકલાં વગાડયાં અને આપણે નાચ્યાં !
અને આ બધું જે કંઈ થયું એ તો રિમોટ કંટ્રોલથી થયું;
હેલિકોપ્ટરનાં ચડાણ અને ઊતરાણની અધવચ્ચેસ્તો !.....
ગયા વરસમાં તો આપણું ઘણું બધું કરી નાખ્યું એ લોકોએ !
પણ એ લોકોને આવું બધું કરવા દેનારાં આપણેય તે કેવાં ?
શું થાય-લાચાર છીએ-નહિ વારુ ?
હાસ્તો, આમેય આ પરમપવિત્ર આર્યભૂમિમાં આપણી ફરજો જ
એટલી બધી વધી ગઈ છે કે આપણી કમર વળી ગઈ છે,
કરોડરજ્જુ તૂટી ગઈ છે,માથું...રહ્યું છે જ ક્યાં ?
જે રહી છે તે માત્ર ટોપીઓ અને
પાઘડીઓ જ છે ને ?
પણ આ ફરજોની વણઝારની વચ્ચે આપણો 'હક્ક' ખોવાઈ ગયો છે !
આપણે એ શબ્દ ભૂલી ગયા છીએ;
આપણને એ શબ્દ જ ભૂલાવી દેવામાં આવ્યો છે !
કદાચ યાદ આવે અને માગવા જઈએ તોયે 'કરમનાં ફળ', 'વિધિના ખેલ',
'લખ્યા લેખ' જેવી મોંપાટ ગોખાવવામાં આવે છે.





પણ દોસ્તો ! આ હક્કો માગવા અને ના મળે તો ઝૂંટવવા
એ પણ ચૂકવા જેવી ફરજ નથી હોં !
અને એટલે જ, ગયા વરસે ભલેને આપણું ઘણું બધું લૂંટાઈ ગયું હોય,
છીનવાઈ ગયું હોય;
પણ આવતા વરસે તો લેકે રહેંગે... ! ભલેને એ લોકોથી ના જીરવાય.
ગયું વરસ ભલે એ લોકોનું ગયું
પણ આવતું વરસ આપણું બને એવું કંઈક કરીએ....
અરે ! ભલા વાંચનાર !
આ સાલમુબારકના સનેપાતમાં સરવૈયું કાઢવા બેસી ગયા
એય તે અમારા પેલા આર્ય સંસ્કારના જ
તાપ-પ્રતાપ હોં !
હજીય આ જીવ-
હિંદુવાદી બહુમતિયો અમારો જીવ, ચોટલીમાંથી છૂટયો નથી લાગતો,
કહો ન કહો, પણ દલાલો ને દુકાનદારો વચ્ચે
રહી રહીને જ આમ દિવાળી ટાંકણે ચોપડા યાદ આવે !
નહિ તો સરવૈયું કાઢવા માટે નાતાલ, ઈદ, પતેતી, નાનક જયંતી
કે એવા બીજા સપરમા દહાડા કેમ હૈયે, હોઠે કે ન કલમે ના ચડયા ?
શું થાય ?.....
ચોતરફ આ રંગબેરંગી ચડ્ડી બનિયાનધારી ટોળકીઓની નિશ્રામાં
જીવતાં જીવતાં
આમ ટેવવશ જ કાને જનોઈ ભેરવાઈ ગઈ અને..... !

૩૦ ઓક્ટોબર ૧૯૮૬

## મશાલ જલશે

મૂંગી પૂતળી !
આંધળી પૂતળી !
હાથ ત્રાજવું
ઊંચું નીચું
આંખે પાટાબાંધી પૂતળી !
કેવા પાટા ?
શાના પાટા !
કોમનાં ચીંથરાં !
ધર્મના ગાભા !
છોડી દે આ આટાપાટા !
કેવું માપ ?
ને કેવો તોલ ?
આ તે કેવું
પોલંપોલ !
કદીક તો તું સાચું બોલ !
''એકને છે કણ;
બીજાને મણ'' !
તમે કહોને,
શું છે કારણ ?
અમે અમારું કાઢયું તારણ;
એકને સિક્કો આતંકવાદી !
બીજાને બસ, કેદ જ સાદી !
લઘુમતી ને બહુમતીને
મળી છે શું સરખી આઝાદી ?
કોણ અહીં છે આતંકવાદી ?
કોણ કરે છે અહીં ચૂકાદો ?
કોને મળતો ન્યાય અહિંયા ?
આપણો તો છે સવાલ સાદો !

કોક તો પૂતળીને પડકારો !
ન્યાય ન આ અન્યા' ગોઝારો !
બહુમતી, જ્ઞાતિ, જાતિને
સલામતીનો છે સધિયારો !
હવે ન રહેવું બાળું ભોળું !
હવે ન રહેવું મીઠે મોળું !
કેમ કરીને ગળવો અન્યા' !
ના જોઈએ પારેવું ધોળું !
પીટર ! બીજો ગાલ ન ધરતો !
એ લોકોને માફ ન કરતો !
ન્યાયનો તારો હક છે સાથી !
ન્યાયનું નાટક તું ના સ્હેતો !
પછી તો જો જો ઘણું બદલશે.
માથાં ફૂટશે, લોહી વહેશે.
પ્રશ્ન નથી કંઈ ખાલી તારો,
ગામે ગામ લોક ઉમટશે !
ગામ જાગશે, સીમ જાગશે !
પછી તો ગામેગામ જાગશે !
ગોલાણા, ગુજરાત ને ભારત
ક્રાન્તિની ચિંગારી જલશે !
અગનઝાળથી પાટા બળશે !
ત્રાજવાં જૂઠ્ઠાં ભડભડ બળશે !
મૂંગી પૂતળી આંધળી પૂતળી
પછી તો હાડોહાડ સળગશે !
એક એક ચિંગારીમાંથી
લાખ્ખો અબજો મશાલ જલશે...
મશાલ જલશે......
મશાલ જલશે.....

જૂન, ૮૭





### રચના સંદર્ભ

તંત્ર અને એમાંય ન્યાયતંત્ર ! કોઈ પણ સ્થળે અને કોઈપણ કાળે તટસ્થ જ હોવું ઘટે.... પણ એ વાત ગોલાણા હત્યાકાંડના સંદર્ભમાં ગલત સાબિત થઈ ! તા. ૨૫-૧-'૮૬એ ખંભાત નજીક આવેલા નાના શા ગોલાણાનો હત્યકાંડ ગુજરાતના સમાજજીવનમાં પડેલા બદબૂદાર ઘબ્બાસમો હતો. બે વર્ષે જ્યારે એ હત્યારાઓને માત્ર જનમટીપ આપીને ન્યાયતંત્રે પોતાના હાથ ધોઈ નાખ્યા ત્યારે મારા-તમારા જેવા લોકોને ન સમજાતી ને કદી ન સમજાયેલી કાયદાની આંટીઘૂંટીથી અકળાઈને આ કાવ્ય રચેલું. ગોલાણાના એ ગોઝારા કાંડમાં બચી ગયેલા સંન્નિષ્ઠ કર્મશીલ પીટર માસ્તર અમારા સંપર્કમાં....એમને સંબોધીને પણ બે વાત કર્યે જ જંપ વળ્યો !

## જીવતરના વેપારને રોકો

રોકો, રોકો, સર્વનાશને, ખૂની અત્યાચારને રોકો !
ગૂંગળાવતા, ગળાં દાબતાં. ગોઝારા વેપારને રોકો !
કરે વેપલો અધિકારીઓ
બન્યા દલાલો વૈજ્ઞાનિકો
લોહી ચૂસતાં વકીલ-દાકતર
એક એક જણ ગજવાં ભરતો,
પરદેશી પૈસાની સામે જીલબ્બે સરકારને રોકો !
અંધ-પાંગળાં બાળક જન્મ્યાં
લોહી ટપકતી ગોદ ઉજડતી
વરસ વરસથી પાગલ, નિર્ધન
નારી આ ભોપાલમાં જીવતી
ઝેર શ્વાસમાં, ઝેર કૂખમાં, ઝેરીલા સંસારને રોકો !
લાશ ઊંચકતી લાશનો બોજો
બેકારીનો સવાલ મોટો;
ભૂખ પેટની, દુઃખ પેટનું
છાતી હાંફે, સળગે આંખો
ન્યાય તણા નાટકને રોકો-શોષણ પારાવારને રોકો !
ગઈ કાલે ભોપાલનો વારો,
આજ આપણો વારો છે;
સૂરજ આવતી કાલનો
તારે-મારે મન હત્યારો છે !
પ્રગતિ ને ઉદ્યોગને નામે જીવતરના વેપારને રોકો

૨ ડિસેમ્બર, ૧૯૮૬

**રચના સંદર્ભ**

-બીજી ડિસેમ્બર, એ ભોપાલ કે ભારત માટે નહીં, સમગ્ર ત્રીજા વિશ્વ માટે કાળો દિવસ છે. ૧૯૮૪ના એ ગોઝારા દિવસે 'યુનિયન કાર્બાઈડ' નામની ભોપાલસ્થિત મલ્ટિનેશનલ કંપનીના કારખાનામાંથી ઝેરી ગેસ લીક થયો અને હજારો લોકો મૃત્યુ પામ્યાં.





લાખો લોકોએ અંગો ગુમાવ્યાં. અસરગ્રસ્તોની પેઢીઓની પેઢીઓનું ભાવિ તે જ દિવસથી ધૂંધળું બની ગયું.

આ ઘટનાનું એક વર્ષ પૂરું થયું ત્યારે કેટલીક સંસ્થાઓએ ભોપાલ સપ્તાહ નિમિત્તે ઠેરઠેર પ્રદર્શન અને શેરીનાટક દ્વારા લોકજાગૃતિનું કામ કર્યું. એ વખતે રજૂ થયેલ શેરી-નાટક માટે આ ગીત લખાયું હતું.

## બચપન હલાલ-બચ્ચા હમાલ !

બાઅદબ ! બામુલાહિઝા ! હોશિયાર !
આ રહા હૈ-આ રહા હૈ-આ રહા હૈ !
સારે હિંદુસ્તાનમેં ધમાલ ! કાયદેકા કમાલ !
બચપન હલાલ....યાનિ બચ્ચા હમાલ !
નહિ સમજે યે 'બચ્ચા હમાલ' ?
આઓ, ખોલ કે બતાદું મૈં સારે હાલહવાલ !
આ રહા હૈ-બહુત જલ્દ-એક બાળમજૂર બિલ !
ના મારા સાહેબો
એમાં બાળમજૂર નાબૂદીની વાત નથી; આ તો છે
બાળમજૂર મંજૂરી ખરડો ! હા મહેરબાનો !
હવે આપણાં બાળકોને ચૌદ વરસનાં થવાની રાહ જોવી નહિ પડે !
હવે તો સગર્ભા સ્ત્રીઓ જ લાઈન બનાવીને ઊભી રહેશે; નાની મોટી
હોટલોનાં ઓટલે, ચાના ગલ્લે, ફુટપાથ પર, સ્ટેશનો પર, બસસ્ટેન્ડો પર,
બંધાતાં બિલ્ડીંગોની નીચે, બનતી સડકોની ધારે ધારે, મિલોમાં, કારખાનામાં,
ખાણોમાં ખળે-ખળે, ખેતરે-ખેતરે, રસ્તે, હાટે, વાટે, ઘાટે......સગર્ભા સ્ત્રીઓ
લાઈન બનાવીને ઊભી રહેશે-એમનાં ભાવિ બાળકોની મજૂરી માટે !
એવાં બાળકો જે આ ભૂખ, દુઃખ, વેઠ અને શોષણથી ખદબદતી દુનિયામાં
જન્મ લેવા માટે જાતે તો જરા પણ જવાબદાર નથી-એવાં બાળકોની ભાવિ
મજૂરી માટે માતાઓ લાઈનમાં ઊભી રહેશે જેમ મધ્યમ વર્ગની શહેરી માતાઓ
કે. જી. થી જ કોન્વેન્ટ બુક કરાવે છે તેમ....
પછી તો અહીં લાઈનમાં જ જન્મેલાં બાળકોનાં મોંમાંથી
અંગૂઠા કાઢી લઈને એના ઉપર કાળી શાહી ચોપડીને,
પગાર પત્રક પર અંગૂઠો મારતાં શીખવવામાં આવશે.
માવતર હવે 'બાવો આયો'ની બીક નહિ બતાવે; હવે તો 'મુકાદમ આયો'
સાંભળીને જ ફફડી ઉઠેલાં છોકરાંને કપાતે હૈયે સોપી દેવાં પડશે સગે હાથે
દલાલો ને વેપારીઓના હાથમાં !
અધૂરી રહી ગયેલી બાળવાર્તામાંથી આગળ જઈ પહોંચેલી પેલી ચુડેલના
ચરખા જેવા ચક્રોમાં, જાતે જ હોમી દેવાં પડશે આપણી આંખનાં રતનને....





આજ સુધી તો એમાંના કો'ક કોકે જ શે'રની મજા માણી હશે
પણ હવે પછી તો એનાં બધાંય ભાઈભાંડુને મોટરોની હડફટે ચડવા મળશે,
હોટલોમાં એંઠવાડ ઊંટકવા મળશે, પિક્ચરોનાં પોસ્ટર જોવા મળશે.
બસ, જલસા જ જલસા !
ને ભાઈ, એય કેમ ભૂલો છો- હવેથી એમને બોબિનો ભરવાં,
લેબલો ચિપકાવવા, ગાંસડાં વાળવા, બીડીઓ વાળવા,
બાકસ ભરવા ને હીરા ઘસવા જેવાં ઉજળાં કામ જ કરવા મળશે !
આ કંઈ આપણે માટે નવું નથી.....સદીઓથી આમ જ થતું આવ્યું છે....
ને હવે તો આમ જ થતું રહેશે
કારણ જાણો છો દોસ્તો ?
બાળકોનાં આ કાળમુખાં કષ્ટો પર કાયદાની મ્હોરો વાગશે !
અલબત્ત, ધરપત રાખજો !
આપણી સરકાર માબાપ આપણાં બાળકોને અઢળક સવલતો આપશે !
બાળઉદ્યોગો, બાળ હસ્તકલા કેન્દ્રોનાં ઉદ્‌ઘાટન થશે !
બાળ ઉદ્યોગ તાલીમ શિબિરો યોજાશે !
અને હા-નવાં ખાતાં, નવી ફાઈલો, નવા ઘોડા, નવા હોદ્દા,
નવા અમલદારો, નવા જુલમગારો તો ખરા જ !
બધી જ તકેદારી લેવામાં આવશે !
અને પછી....
નકામી અને નવરી પડેલી નિશાળો રદબાતલ કરીને ત્યાં
ખરેખરાં કારખાનાં ખૂલશે-બાકાયદા !
બાળવાર્તાઓ, બાળગીતો, બાળનાટકો, બાળફિલ્મોને દાટવા, ડુબાડવા
કૂવા તળાવ ખોદાશે-બાકાયદા !
માસ્તરોને તો મુકાદમ બનાવાશે જ- બાકાયદા !
-ને ક્યારેક કોઈ ઉત્સાહી માજી માસ્તર નવી બારખડી બનાવશે કે,
ક કામનો ક
મ મજૂરનો મ
થ થાકનો થ ત્યારે..એ બનાવશે તો ખરા,
પણ મુરખના સરદાર ભણાવશે કોને ?!

એ નવું સવું બધું જ સગેવગે થઈ જશે-બાકાયદા !
રમતનાં મેદાનો, શેરીના ખૂણા, આંબલી-પીપળી-બધું જ
નિરર્થક બનીને ઠિંગરાઈ જશે અને ફેરવાઈ જશે
ગોદામોમાં-બાકાયદા !
સંતાકુકડી અને સાતતાળી હશે પછી તો માલિક મજૂરની વચ્ચે.....
આંધળો પાટો તો ચાલુ જ હશે ચોવીસ કલાક.....બાકાયદા !
ઓછો પગાર અને ઓછું ખાવાનું અને કામના વધારે કલાકની ત્રિરાશિ
નહિ સમજાય ત્યારે ધોલધપાટ
ને લાત પણ મળ્યા કરશે-બાકાયદા !
હા....ક્યારેક ક્યારેક મુમુક્ષુ માલિકો ધર્માદાને નામે
ટુકડા ફેંકતા રહેશે ને ખાસ ફેસ્ટિવલ યોજનાઓ
ફરકાવતા રહેશે....
જેમ કે,
આ અમારો ટેણિયો 'નવો' ને ટેણિયો 'જૂનો'......
ઉંમર .....અં....પાંચથી પંદરની અંદર ગમે ત્યાં.....
કોઈપણ કાયદાના ફાયદા વગર....
રોજરોજ, સવારના સાડાપાંચથી તે રાતના સાડા અગિયાર સુધી, ઊભે પગે
દોડાદોડ અને નીચી મુંડીએ ગદ્ધાવૈતરું કરે છે..... અસંખ્ય કડક કમશકર ને
કડક મીઠીના કપ પિવડાવી ચૂકે છે, સેંકડો ગ્રામ ખારી ખવડાવી ચુકે છે,
પછી મણમણ દૂધનાં ખાલી તપેલાં ધોઈ વીંછળી, ઊંધા પાડી એના પર
માથું મૂકી, પેટમાં પગ ઘાલીને ઊંઘી જાય છે ત્યારે..
એમને માટે સરકાર માબાપ તૈયાર જ રાખે છે કેડબરિઝ ફાઈવ સ્ટાર, મેગી,
બુસ્ટ, બોર્નવીટા, બેકમેન ને બ્રિટાનિયાનાં દૂર દર્શનિયાં સપના !
વાહ ભૈ, વાહ ! ઉનકો કિતના ખ્યાલ હૈ અપના !
કિતના દયાદાન !
જય જય હિંદુસ્તાન, ! જય જય હિંદુસ્તાન !
ભલા વાંચનાર !
હાલી ઊઠચાને ?





પણ ફક્ત દુઃખી થયે કંઈ નહિ વળે;
ચિંતા કર્યે હવે નહિ ચાલે;
પલપલિયાં પાડવા તો સ્હેજે નહિ પોસાય !
દોસ્તો !
હવે તો આપણાં બાળકો માટે જોઈએ છે એક જવાબ,
એક ઉકેલ, એક ઉપાય !
હવે તો એવું કઈ કરીએ કે આ કાયદાના કરનારના હાંજા જ ગગડી જાય !
આપણો એક અવાજ-એક પોકાર-એક પત્ર-એક કવિતા-એક નાટક
એક પથ્થર-એક જવાબ-એક ઉકેલ - એક ઉપાય.....
આવો, સાથે મળીને એવું કંઈક કરીએ કે
આ કાળા કાયદાનો ગર્ભ જ ગળી જ જાય.

૧૨ ઓક્ટોબર, ૧૯૮૬

**રચના સંદર્ભ**

૧૯૮૬માં સંસદમાં રજૂ થયેલ ''બાળમજૂર ધારો સુધારો'ના ખરડા સંદર્ભે લખાઇ હતી આ રચના.

આ ખરડો પાછળથી પસાર પણ થઈ ગયો અમુક ઉદ્યોગોમાં શરતી અને અમુક ઉદ્યોગોમાં બિનશરતી રીતે બાળમજૂરોને કાયદેસર બનાવી સરકારે શેઠિયાઓ સાથે મળી દેશના બચપણને હલાલ કરી નાંખ્યું.

## ચાલોને, કંઈક કરીએ......

'એ લોકો' કહે છે કે આજે 'બાલ દિવસ' છે.
હા, ચારે બાજુ રંગબેરંગી ફુગ્ગા, લીલાંપીળાં તોરણો,
ભાતીગળ મેળા અને આસમાની ચગડોળ વચ્ચે
મીઠાઈ મમળાવતા અને પિપરમીંટ ચગળતા થોડાક રાતાં-ગુલાબી
ચહેરા દેખાય છે તો ખરા..... !
પણ તે કેટલા ?.....આંગળીને વેઢે ગણાય એટલા.
ક્યાં ?.....આમતેમ ક્યાંક હાંશિયા ઉપર.
અને તેય.....ફક્ત આજે જ; આજનો જ દિવસ ! એક જ દિવસ !
જ્યારે હાંશિયાની અંદર તો.....
ધુમાડિયા શહેરોની આંધળી ગલીઓમાં વહેલી પરોઢે
કાગળિયાં વીણતાં, પારકાં જૂતાંની ચકચકાટ સપાટી પર
ભરબપોરે પોતાનું ઝાંખું ભવિષ્ય નિહાળતાં, ભાગતી
દોડતી ગાડીઓના બહેરા ચિત્કારો વચ્ચે મીઠાં ગીતોની
ફેરી કરતાં, લારી-ગલ્લા ઉપર સવારથી મધરાત સુધી
વારંવાર વિંછળતા-વિંછળાતાં છેક જ ધોવાઈ ગયેલાં કે
છાપાંની ચપોચપ ગડીઓમાં ચેપાઈ ગયેલા દિવસોને ફગાવતાં,
આ ગંધાતી ઉકરડા-સંસ્કૃતિના ખૂણેખાંચરે પોતાનું
ખોવાયેલું બાળપણ ફંફોસતા ફિક્કા ભૂખરા રાખોડી ચહેરા જ
જોવા મળે છે....
અને પણે.....
ખનકતીછનકતી બંગડીઓ બનાવતાં નાનકડા હાથ અને
આતશબાજીથી સદાયે અજાણી છતાં દારૂખાનું
બનાવતાં બનાવતાં ફૂંકી મારેલી માસૂમ જિંદગીઓ વિષે તો મેં
છાપામાં જ વાંચ્યું છે !
.....અને ત્યાં....કપાતાં જતાં જંગલોનાં
ઝાડ પર ચડીને ગુંદર વીણતાં, ઘરખૂણે પાંચીકાની
ચાર દીવાલોમાં ઊછળીઊછળીને છળી મરતાં, પેટનો
દુકાળિયો દાવાનળ શમાવવા ખિસકોલી શેકીને ખાઈ લેતાં





ને તોય પાછાં ભૂખ્યાં ને ભૂખ્યાં ભડભડતા ચહેરા તો
મોડી રાતે, ઘેન ભરી આંખો સામે, દૂરદર્શને
ઠોકી બેસાડેલી પોપટિયા ડોક્યુમેન્ટરીમાં જ જોયા છે....
આજે અચાનક મને ઘેરી વળે છે એ ચહેરા
અને મારા કેલેન્ડરને કાળો ધબ્બ ઓછાયો ગ્રસી લે છે.
પણ વરસોવરસ
આમ એક પછી એક
આ કાળાં ગુલાબોને ડાયરીનાં પાનાં વચ્ચે દબાવતાં
રહેવાથી શું વળવાનું ?....
ચાલોને,
હાંશિયાની આ તરફ
ત્રણસો ને પાંસઠેય દિવસ
એકસરખો
સોનેરી બાલદિન ઊગે એવું કંઈક કરીએ.....

૧૪ નવેમ્બર, ૧૯૯૨

### રચના સંદર્ભ

બાળ-મજૂરો માટે ચિંતા કરતી, નિસ્બત ધરાવતી અને કામ કરતી સ્થાનિક સંસ્થા "ગણતર" ના સુખદેવભાઇએ કંઇક આગવી રીતે લોકોને બાળમજૂરોની સમસ્યા પરત્વે સભાન કરવા વિચાર્યું. ૧૪મી નવેમ્બરે, અમદાવાદના ટાઉનહોલની ફૂટપાથ ઉપર કૅન્વાસની હારમાળા સજાવીને ગુજરાતના ગણ્યમાન્ય ચિત્રકારો શ્રી બાલભાઇ પટેલ અને શ્રી અમિત અંબાલાલે તત્કાળ ચિત્રો દોરીને સમસ્યા પ્રત્યેની પોતાની નિસ્બત વ્યક્ત કરી. અન્ય ચિત્રકારો, સર્જકો, કર્મશીલો અને નિસ્બત ધરાવતા નાગરિકોએ પણ આ કેન્વાસ ઉપર પોતપોતાનું પ્રદાન ઉમેર્યું. એ નિમિત્તે આ રચના કરેલી.

## હવે નાથશું દરિયો હાથે

ખારાં આંસુ ને ખારો પરસેવો રે લોલ
　　એંથી ખારાં જીવતર થાય.....
　　ભૂંડો દરિયો ભરખી ગયો છે ગામ અમારાં.
ઊઠયાં અંજળ કે રૂઠયા દેવતા રે લોલ ?
　　પાણી ઊભો મોલ ગળી જાય......ભૂંડો દરિયો.
કાળી મહેનત ને કાળી મજૂરી રે લોલ,
　　ઉજળો દા'ડો તોય ના દેખાય......ભૂંડો દરિયો.
દુઃખડાં રડિયે તો હવે સૌ કહે રે લોલ,
　　'ખાલી કરો ગામ-બીજે જાવ'.....ભૂંડો દરિયો.

છોડી ઘરબાર હવે કયાં જવું રે લોલ,
　　પંખી જેમ ઊડી શેં જવાય ?.....
હવે દરિયાને નાથવાનાં કામ અમારાં !
દિવસે બાંધો ને રાતે તૂટતા રે લોલ,
　　કાચા પાળે પાણી ના રોકાય.....હવે દરિયાને.
કયાં લગી આ દરિયો અમને ભરખશે રે લોલ,
　　પાકા પાળા કયારે રે બંધાય ?......હવે દરિયો.

કયાં લગી અમે ઠેર ઠેર ભટકશું રે લોલ,
અરજીઓ અમારી કયાં રે જાય ?......
　　કહો, કયારે થાવાનાં હવે કામ અમારાં ?
આ રે વિકાસ કઈ ભાતનો રે લોલ,
　　ગરીબોને એની એ જ લ્હાય !....કહો, કયારે થવાનાં.





પૂછો અમને કે પીડ કયાં થતી રે લોલ,
પૂછો અમને શો છે રે, ઉપાય !
　　હવે સાથે મળીને કરશું કામ અમારાં
ભેગાં મળીને ઘા નાખશું રે લોલ,
　　કાંકરે કાંકરે પાળ તો બંધાય- હવે સાથે મળીને.
ઝૂઝશું, લડશું ને પછી જીતશું રે લોલ,
તોય હજી પહેલો આ પડાવ
હવે સાથે મળીને કરશું કામ અમારાં.

નવેમ્બર, ૧૯૯૩

**રચના સંદર્ભ**

'૯૩ના નવેમ્બરમાં, દિવાળી ટાણે જ, ભાલના ખારાપાટમાં વાઘું આવ્યું. દરિયાકિનારાનાં અગિયારેક ગામમાં દરિયાનાં પાણી ફરી વળ્યાં. ઊભો પાક તારાજ થઈ ગયો, ઘરબારને પારાવાર નુકસાન થયું; મૂળે ખારી જમીન સુધારીને માંડમાંડ ખેતીલાયક બનાવેલી તે વળી વધારે બગડી અને દાયકાઓ સુધી જકામી બની રહેવાની. અને આવું વાઘું તો વારંવાર આવ્યા કરે.. જો કે એ દિવાળીએ આવેલું વાઘું છેલ્લા ત્રીસવર્ષમાં અભૂતપૂર્વ હતું ! આવામાં ગામલોક શું કરે? કયાં જાય ? સરકાર તો રાહતના નામે કાચા પાળા બાંધી આપે અથવા તો પછી ગામ ખાલી કરવાનું ફરમાન આપી દે !

ભાલમાં કામ કરતું સ્વૈચ્છિક સંગઠન 'માહિતી-ઉત્થાન'. સ્થાનિક બહેનોની જાગ્રત મંડળી - એમણે સંગઠિત થઈને આ આપત્તિનો કાયમી ઉકેલ લાવવાની હામ ભીડી. લાગતા વળગતા અધિકારીઓને મળ્યાં, એમને સવાલો પૂછ્યા - વિકાસની અસમાન તરાહો તરફ આંગળી ચિંધી બતાવી અને કાયમી ઉપાયની માગણી મૂકી. પોતે સરકારની સાથે રહીને આ ઉપાયો વિચારશે ને અમલમાં મૂકશે - મૂકાવશે - એવાં સૂચન પણ કર્યાં. આંદોલન જારી છે - આજેય તે... આ વાઘું, લોકોની પરિસ્થિતિ અને છેક સુધીની લડતના 'ફોલો-અપ'ને આવરી લેતા દસ્તાવેજી ચિત્ર માટે આ ગીત રચ્યું હતું; જેને સ્થાનિક બહેનોએ કંઠ આપેલો.

## દુષ્કાળ - ૮૭

પેટ ખાલી, ગામ ખાલી, સીમ ખાલી આ વરસ !
આ વરસ, પેલું વરસ, વરસોવરસની છે તરસ !

આ નથી વરસાદનો વાંધો- છે ખટપટ 'એમની',
જેમણે સૂક્કી હથેળીથી દીધાં વચનો સરસ !

'એમને' તો એ જ જોયેં; મીટ માડો મેઘની,
ધર્મની ધૂણી ધખાવો, કર્મની ફૂંકો ચરસ !

સૂકવ્યાં કૂવા-તળાવો; ને કહે : ખોદો હવે;
આજ છત, કાલે ફરસ; કાલ છત, આજે ફરસ !

ઢોરને નામે ચરે છે, લાગણી એ લોકની;
જેમણે જંગલ અને રણને કીધાં છે એકરસ !

જાણવાથી શું વળે ?
જો એમને પડકારીએ,
ઉથલાવીએ;
ઝટકાવીએ તો....
તો બને અલબત્ત, સાથી ! 'એમનું' છેલ્લું વરસ !

જુલાઈ, ૧૯૮૭





## પાણીની પીડ

અમે પાણીની પીડ હવે વેઠશું નહિ;
કહો- પાણીની પીડ ક્યારે જાય - કે પીડ હવે વેઠવી નથી.

પેલાં કૂવા-તળાવ તો સૂકાં થયાં,
પેલી વાવોનાં તળિયાં ખાલી થયાં,
પેલી નદીઓ તો રેત-રેત થાય-કે પીડ હવે.

નાનાં છોરાં ટીપાં સારુ ટળવળે
બધી બેનો પાણી માટે ગઉ-ગઉ ફરે
અરે, ઢોરાં તરસ્યાં મરી જાય- કે પીડ હવે.

કદી મે'માનની જેમ પેલું ટેંકર આવે
મળે ચકલી પણ ખોલિયે તો કૈં ના આવે
પેલી ન્હેરો તો દૂર સરી જાય- કે પીડ હવે.

પણે શહેરોમાં ચકલી ધડધડ વહે
રૂડા બાગ-બગીચા મઘમઘ કરે
શહેરી લોકોને લીલાલ્હેર થાય- કે પીડ હવે.

ભૂંડી મિલો ને ફેક્ટરીઓ પાણી ખેંચે
ભૂંડા ખેડૂ માથાભારે, પાણી ખેંચે
ભૂંડી નાત-જાતનોયે અન્યાય- કે પીડ હવે.

આવી આઝાદી તોય હજી પાણી નથી;
 અહીં શોષણ ને કૈં સમાન વ્હેંચણી નથી,
 આ તે કેવો વિકાસ કહેવાય- કે પીડ હવે.

અમે હાથમાં વહીવટ લઈશું હવે
અમે ગામને પગભર કરશું હવે
 જો જો કેવી સુરત બદલાય......કે પીડ હવે.

ડિસેમ્બર, ૧૯૯૩

**રચના સંદર્ભ**

પાણીની સમસ્યા ગુજરાતનો પ્રાણપ્રશ્ન છે. ક્યારેક કુદરત સર્જિત તો મોટે ભાગે માનવસર્જિત આ સમસ્યાથી ગુજરાતનો મોટા ભાગનો વિસ્તાર પીડાય છે.

ધોળકા વિસ્તારમાં કામ કરતી 'અસાગ' સંસ્થાનાં કાર્યકર ભાઇબહેનોએ સ્થાનિક ગ્રામજનો સાથે મળીને કેટલીક યોજનાઓ હાથ ધરી છે. એમના પ્રશ્નને અને આંદોલનને વાચા આપે તેવાં શેરીનાટકો, ગીતોના કાર્યશિબિર દરમ્યાન, એમને માટે આ ગીત રચી આપેલું.





# રોકો રોકો

(પર્યાવરણવિદો, ખેડૂતો અને વનવાસીઓ દ્વારા ગવાતું સંઘર્ષ ગીત)

રોકો ! આ 'સરદાર સરોવર ડેમ'ના અત્યાચારને રોકો !
ડૂબમાં ડૂબતાં ગામ સીમના ગોઝારા સંહારને રોકો...
 જમીન ક્યાં છે ? વળતર કેવું ?
 લાલચનાં ગાજર છે મીઠાં,
 વિસ્થાપિતની હાલત બદતર,
 સરકારી વચનો છે જૂઠાં
જનતાને છેતરનારી આ અન્યાયી સરકારને રોકો....
 ઘીકેળાં છે એ લોકોને,
 ખેલ બધા ખુરશીને ખાતર
 લાખોનું નુકશાનઅહીં છે,
 મુઠ્ઠીભર લોકોની ખાતર
ધાકધમકી ને શોષણના આ કાળા કારોબારને રોકો....
 પાછા કહે છે જીવાદોરી
 ચોરી ઉપર છે શિરજોરી
 પારકા પેટે પાટું મારે,
 સરકારી દાનત છે ખોરી
માગી-ભીખી ચણે ઈમારત સપનાના ભંગારને રોકો...
 નહિ છોડીએ જમીન ખેતર
 નહિ છોડીએ છપ્પર ટાપર
 આવો સાથી, એક બનીને,
 જુલ્મની સામે ઝીલશું ટક્કર,
વિકાસ ને પ્રગતિના નામે જીવતરના વેપારને રોકો..

ઓક્ટોબર/નવે. ૧૯૮૮

**રચના સંદર્ભ**

મેધાબહેન અને એમનાં અસંખ્ય સાથી કર્મશીલોની સાથે ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના અસરગ્રસ્ત વિસ્તારોમાં ફર્યાં. વિસ્થાપિતો વચ્ચે રહ્યાં, એમના પ્રશ્નોથી અવગત થયાં. ઘરપકડ વહોરી, પોલીસ-અત્યાચારનો અનુભવ પણ લીધો, શાસક અને વિરોધપક્ષોની ઝનૂની દાદાગીરીનો સ્વાદ પણ ચાખ્યો... ખેર ! ત્રણે રાજ્યોમાં કરેલી પહેલી પદયાત્રા દરમ્યાન આ અને આના પછીનાં ગીતો રચ્યાં છે, વિસ્થાપિતો અને કર્મશીલોની સાથેમળીને લલકાર્યાં છે અને આજે પણ એના બોલ હવામાં ગુંજી રહ્યા છે.

# નહિ ઊઠીએ

નહિ ઊઠીએ, નહિ ઊઠીએ
અમે એમનેમ તો નહિ ઊઠીએ
નહિ ડૂબીએ, નહિ ડૂબીએ
અમે ઉંદરની જેમ તો નહિ ડૂબીએ

ઓલા સાહેબ આવે,
ને પેલા સાહેબ આવે;
મોટરમાં બેસાડી
જમીન બતાવે.
એવું જમીનનું નાટક નહિ જોઈએ.....અમે.

જમીને જોઈએ ને
મકાને જોઈએ,
ગોચર જોઈએ, ને
નિશાળે જોઈએ,
પૂરી સવડ વિના અમે નહિ વસીએ.....અમે.

એકતા તોડવા લાલચો આપે
એક-બેની કોણીએ ગોળ લગાવે
એકને મળે તો નહિ લઈએ....અમે.

ઓગણીસ ને છ-પચ્ચીસ આપણાં
મધ્યપ્રદેશ ને મહારાષ્ટ્ર આપણાં
સંપ અમારો નહિ તોડીએ.....અમે.





મોટા બંધ બાંધે, ને
કારખાનાં નાખે,
આપણાં જ ઘરબાર
શીદને લૂંટાવે ?
હવે સરકારી ચાલમાં નહિ ફસીએ.....અમે.

એક એક હક્ક હવે લઈને જંપીશું
માગણી પૂરી ન થાય, બંધને રોકીશું
આવો અન્યાય થાવા નહિ દઈએ....અમે.

(સાથે)
અમે છેતરાઈ-ભોળવાઈ નહિ હટીએ
અમે કોઈની તે જાળમાં નહિ ફસીએ
અમે સંપ અમારો નહિ તોડીએ
આવો અન્યાય થાવા નહિ દઈએ
અમે એમનેમ તો નહિ ઊઠીએ

ડિસેમ્બર, ૧૯૮૮

## કેવડિયાનો કાંટો

કેવડિયાનો કાંટો અમને અધવચ મારગ વાગ્યો જી !
કોનું છે, ને કોણ ભોગવે ?- પ્રશ્ન પછી તો જાગ્યો જી !
શરમ-શેરડા પડતા હૈયે
કોણ જશે સળ ગણવાજી ? !
ભણ્યું ભૂલીને આજ નવેસર,
કક્કા નવતર ભણવા જી !
બામણિયા ગળથૂથી ઑકી, જનમ જૂનો એ ત્યાગ્યો જી - કેવડિયા.
નથી ત્રાજવે સમતુલા કંઇ !
નથી અટકતી દાંડી જી !
- અટલુંક અંધારે સૂઝયું ને
ભપ્ ચંપાતી કાંડી જી !
તળિયેથી તે ટોચ લગી બસ ! ધગધગતો દવ લાગ્યો જી ! -કેવડિયા.
સૌને માથે સૂરજ ચમકે,
સૌને માટે પાણી જી !
પણ સોનેરી શોષણ-નળીઓ
સઘળું લે છે તાણી જી !
'ધરતીમાંતા સૌની માતા'-ભ્રમ ભોળોભટ ભાંગ્યો જી ! -કેવડિયા.
આડું ઊભું વધતું, એને
'વિકાસ' કહે 'એ લોકો' જી !
પાયામાં ધરબાયાં માથાં;
ધરપત નામે ધોખો જી !
આપ્યાં વચનો અષ્ટમપષ્ટમ; અધિકાર જો માગ્યો જી ! -કેવડિયા.
હવે હાથ આ થાય અધીરો-દઉં ભડાકે ? !
હવે નથી કો' રસ્તો બીજો-દઉં ભડાકે ? !
દશે દિશા લથપથ જામગરી, ચકમક તણખો દાગ્યો જી !- કેવડિયા.





(પણ ત્યાં તો.....)
હાં-હાં-ક્હેતો, હાથ પકડતો
-કો'ક માંહ્યલો;
'એકલહાથે લડત અધૂરી'
-ક્હે છ્ માંહ્યલો !
હાથ એકથી થાય હજારો - એ જ મનોરથ જાગ્યો જી !
કેવડિયાનો કાંટો અમને અધવચ મારગ વાગ્યો જી !

જાન્યુઆરી, ૧૯૮૯

**રચના સંદર્ભ**

અમારા પૂર્વજ કવિ શ્રી રાજેન્દ્ર શાહે આ જ શીર્ષક હેઠળ, વર્ષો પહેલાં એક રંગીલું-રસીલું ગીત લખેલું પણ સ્વાભાવિક રીતે, આજે નવમા દાયકાને આરે ઊભેલાં આપણે માટે-કેવડિયાય કંઈ બીજું છે ને આપણને ખટકતો કાંટોય કંઈક બીજો જ છે એવી સ્પષ્ટતાની જરૂર ખરી ? !

## કોણ ચલાવે રાજ, બોલો !

ચાળીસમે પણ ચલકચલાણું ?
થતાં રહ્યાં તારાજ, બોલો !
અમેય રૈયત, તમેય રૈયત !
કોણ ચલાવે રાજ, બોલો !

મતપેટી કે મંત્રતંત્રથી
ફાટફૂટ ભઈ, ફૂલફટાક !
માણસથી મત મોટા કીધા;
નેવે મૂકી લાજ, બોલો !

ટળવળતી, તરફડતી
સગ્ગી જનતા સામે મિંચી આંખ,
થર્ડ વર્લ્ડના ચક્કરવરતી !
જાતે પ્હેર્યા તાજ, બોલો !

દેશવિદેશે ધજા ફરકતી;
સ્વીસબેન્કમાં આણ વરતતી;
સબમરીન સગતળિયે પ્હોંચી;
કોનાં સરતાં કાજ, બોલો !

શ્હેર સળગતાં, નદીઓ મેલી;
સડતી લાશો, જંગલ ખાલી;
ગંગાજળથી શબ નવડાવ્યું,
પછી સજાવ્યા સાજ, બોલો !

સપના ઉપર સપનું મૂકી,
ચાળીસ માળ ચડાવ્યા ભારે !
ભૂખ્યાં પેટે ભમતાં માથાં,
હવે તો આવ્યાં વાજ, બોલો !

કેટલું કહેવું ? ક્યાં લગ સ્હેવું ?
નથી થવું નારાજ, બોલો !
ચલો, ઉગામો મુક્કી સાથી !
રગદોળીશું તાજ, બોલો !

૧૫ ઑગષ્ટ, ૧૯૮૭

**રચના સંદર્ભ**

૧૫ ઑગષ્ટ, ૧૯૮૭ના દિવસે આપણા દેશની આઝાદીના ચાળીસ વર્ષ પૂરાં થાય છે. એ આઝાદી અને ચાળીસ વર્ષનું પૃથ્થકરણ કરતું આ 'આપણું ગીત.'





## ભગતસિંહને....

કાશ...તારી વાવેલી બંદૂકોને
'એ લોકોએ'
ઊગવા દીધી હોત....
પણ કમોસમી વરસાદ જેવી
એમની ડ્રાયક્લીન વિચારધારામાં
વહી ગઈ, તણાઈ ગઈ, સાફ થઈ ગઈ
તારી બંદૂકની ક્યારીઓ....
ને એની સાથે વાવેલાં કસુંબી શમણાંય ધોવાઈ ગયાં !
બસ, ત્યારનાં આપણે ફર્યા કરીએ છીએ
સ્વપ્નવિહોણી, ઊંઘરેટી, લાચાર આંખો લઈને...
'એ લોકો'ને આ જ જોઈતું હતું !
એ ધોળાં કબૂતરો (કે પછી બગલા ?) ફફડી ઊઠયાં'તાં
બૉમ્બ ધડાકાથી, તૂટતા રેલપાટાની ચીસોથી, લૂંટાતી
બેન્કોથી, તરવરિયા ખભા પર લટકતી બંદૂકોથી..
પણ એમને ભાન નહોતું કે બંદૂકોની નાળ
કોના તરફ તકાઈ છે !
-કારણ કે હિંસા કે અહિંસા વચ્ચેના 'અ' નો
આંધળો પાટો ચસચસાવીને બંધાયેલો હતો
એમની આંખો પર....
વ્યક્તિ મટીને વિશ્વમાનવી થવાની મિથ્યા મહત્વાકાંક્ષા
મમળાવતા'તા એમના લાળ ઝરતા મોંમાં....
અને એટલે જ કોર્ટમાં તને ફાંસી ફરમાવતાં શરીરો
ભલે ધોળાં હતાં-એમાં છૂપાયેલો હતો પેલો
કહેવાતો અહિંસક, કોરોકડાક મહાન મહાન આત્મા !
બસ, ત્યારની ઘડી ને આજનો દહાડો-
પછી તો અંતરાત્માના કોલાહલોમાં જ આપણે તો
રાજીના રેડ,
બદલાતા ઝંડાના રંગથી જ ફુલાઈને ફાળકો,

ખુરશી પર બેસનારા પેલા ધોળાધબ વેપારીઓના
વારસદારોની જ વાહવા....
ને ચમત્કારો ને જયજયકારો વચ્ચે શરૂ થઈ ગયો
'ભારત દુર્દશા' નાટકનો બીજો અંક....
ચાલીસ વર્ષમાં નાટક અને વાસ્તવજીવન વચ્ચેની
ચોથી દીવાલ પણ કડડભૂસ ભાંગી પડી છે.
જો કે, સેટ-સજાવટ બદલાયાં છે....
એ વખતે દેશી બંદૂકોથી વિદેશીઓનો નાશ થતો હતો
ને આજે વિદેશી બંદૂકોથી....
સ્મોક બોમ્બ ને એકસ્પ્લોઝીવ બોમ્બનો અર્થ
ન સમજનારા સત્તાધારીઓ આજે પણ છે !
વર્ગવિહીન, વર્ણવિહીન, ધર્મવિહીન સમાજનું
સપનું જોનારાઓને રહેંસી નાખતા સત્તાધારીઓ
આજે પણ છે !
અવાજના રણકારને નહિ, પણ શબ્દોને સાંભળી નાખનારા,
બહેરા કાનના સત્તાધારીઓ આજે પણ છે !
ક્રાંતિકારીઓ અને આતંકવાદીઓ વચ્ચેનો ભેદ
ન સમજનારા સત્તાધારીઓ આજે પણ છે !
તને તો ખ્યાલ સરખોય નહિ આવે કે
આતંકવાદમાંથી આજે તો આતંક જ રહ્યો છે-
એની સાથેનો વાદ-વિચાર-સિદ્ધાંત તો શોધ્યો નથી
જડતો....ખરું પૂછે તો સત્તાધારીઓનો આગવો
આતંક તો ભલભલા વિદેશીઓનેય લજવે તેવો છે !
ક્રાંતિની ગર્ભહત્યાનું કાવતરું આજે પણ ચાલુ છે !
પણ ભયંકર વાત તો એ છે કે
એ કાવતરાખોરોની ચામડીનો રંગ ધોળો નથી-
પણ સાવ આપણા જેવો જ છે !
ને એટલે જ ખતરનાક છે આ જંગ.....
વધારે કપરું છે આ યુદ્ધ....





અને અમારે જોઈએ છે એ તિખારો, એ જ્વાલા,
એ આગ, એ પ્રકાશ....
આજના આ દિવસે તને યાદ કરીને
અમારા ઓલવાતા અંગારા પરની રાખ ખંખેરી લઈએ !
દમન અને અન્યાય સામે ઝીંક ઝીલવા
ધરબી ધરબીને દારૂગોળા ઠાંસી લઈએ અમારા હૈયામાં !
'એ લોકો' વ્યક્તિને રૂંધી શક્યા, હજીય રૂંધશે, રૂધતા
આવ્યા છે.....
પણ આદર્શોને નહિ અટકાવી શકે-હરગિઝ નહિ !
જંગ જારી રહેશે.....જારી રાખીશું....
આજના આ દિવસે તને યાદ કરીને...

૨૩ માર્ચ, ૧૯૮૭

**રચના સંદર્ભ**

૨૩મી માર્ચ-ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂનો શહીદ દિન....ક્રાન્તિકારીઓના જીવન અને મૃત્યુમાંથી પ્રેરણા લેવાનો દિવસ !

'આપણું સાહિત્ય'ના પ્રકાશક હિરેન ગાંધીએ થોડાં વર્ષ પહેલાં, ભગતસિંહના જીવન અને આદર્શો પર આધારિત એક નાટક લખેલું : 'ઈતિહાસની બીજી બાજુ.' આજના કાવ્યનો આરંભ, એ નાટકના સત્ય - ઘટનાત્મક પ્રસંગ ઉપર કર્યો છે... છ વર્ષના બાળ ભાગાંવાળા-ભગતસિંહે ધૂળમાં તણખલાં રોપ્યાં...પૂછ્યું તો કહે : 'બંદૂક વાવું છું-ધોળિયાઓને મારવા....' એ સ્વપ્રશીલ ક્રાન્તિકારીના આદર્શો અને સશસ્ત્ર ક્રાન્તિના વિચારો અપનાવીને આજની રચના આપી છે-આજની તાતી જરૂર માનીને.... !

## સફદર, શો મસ્ટ ગો ઓન.....

સફદર !
શો મસ્ટ ગો ઓન
હા, હવે તો હરગિઝ નહિ ચાલે....
સાચું પૂછો તો આપણું કામ તો હજી હવે જ શરૂ થાય છે....
બિરાદર !
આપણે તો શેરીનાટકવાળા !
આપણે હકીકતો ઉપર
ન તો કોઈ પડદા ઢાંકવાના હોય છે
કે ન તો ચહેરા છૂપાવવા
રંગરોગાનવાળાં મ્હોરાં ચઢાવવાનાં હોય છે !
આપણે તો ખુલ્લા આકાશ નીચે
ખુલ્લંખુલ્લા ખેલ ખેલી નાખનારા !
આપણે તો શેરીનાટકવાળા !
કાલ ઊઠીને એ લોકો
આપણાં નાટક અટકાવી શકશે
પણ આપણી આ શેરીઓનું શું ?
આ શેરીઓના હાથપગ બાંધવાની
છે કોઈની હેસિયત ? !
આ શેરીઓનાં ગળાં રૂંધવાની
છે કોઈની તાકાત ? !
આપણી આ શેરીઓ તો પહોંચે છે
ને પહોંચાડે છે ઠેઠ સાચા અર્થ સુધી.
એને છૂપાવવા, છાવરવા કે છાપરે ચડાવવા
છો ને કરતા એ લોકો છળકપટ....
આપણી ખુલ્લંખુલ્લા હથેલીઓ
મુઠ્ઠી બનીને જ પેલા સાચા અર્થને ખોલવાની છે !
અને એ અર્થ ખુલશે
ત્યારે શરમાશે
કદાચ





એ દિવસે બારીમાંથી ડોકિયાં કરતા
ડરપોક ચહેરા,
નાસી છૂટેલા, થરથર ધ્રૂજતા પગ,
પસીનાથી લથપથ કંપતી આંગળીઓ !
.....પણ ખેર !
વળેલી મુઠ્ઠીઓ બદલી નાખશે બધા જ અર્થ !
.....ને અમને ખાતરી છે કે એ દિવસે
તારી કબર ઉપર લહેરાતું હશે એક લાલ ગુલાબ !
એ લોકો તો રાક્ષસોને કહે છે રક્તબીજ !
પણ આપણે તો એ નામનેય આપીશું
નવો અર્થ ! ને એટલે જ.....
અમને એ પણ ખાતરી છે કે
એ દિવસે
ને પછી રોજરોજ....ખીલતાં રહેશે
લાખ્ખો લાલ ગુલાબ
આ શેરીઓની વચ્ચે, આસપાસ, ચોપાસ.
એટલે જ તો કહું છું બિરાદર !
શો મસ્ટ ગો ઓન....

જાન્યુઆરી, ૧૯૮૯

**રચના સંદર્ભ**

બિરાદર સફદર હાશ્મીને શોકાંજલિ. સફદરની સ્મૃતિમાં આ જ દિવસે "STREET"નામે રંગકર્મીઓની મંડળી રચાઇ અને એમની હત્યાને બરાબર વર્ષ પૂરું થયું ત્યારે અમદાવાદમાં શેરીનાટક - મહોત્સવ પણ કર્યા.

## ચેત, ગુજરાતી ! ચેત !

('ઊંટ કહે આ સભામાં-'નો ઢાળ)

અમરેલી શહેર માથે જ્ઞાનની ચડાઈ છે
રહ્યાં સહ્યાં લીલાં ઝાડ સૂકાશે એ બીક છે !
પાણીના દેકારા વચ્ચે, વાણી વહેશે ધડેડાટ
તરસ્યાં ને ભૂખ્યાં સામે ભાષણોની ઝીંક છે !
એ બધાં સાહિત્યકાર ! એમને શી દરકાર ? !
આપણી પીડા તો એ સહુને મન-'ઠીક છે' !

ભાષાબાજી નામે એક જીવલેણ રોગ થકી
કહેવાતા સાહિત્યની તો માંદી-ફિક્કી કાય છે,
લથબથ લાગણીથી ખખડે છ ફેફસાં, ને
ભારેખમ શબદોથી અજીરણ થાય છે !
પ્રકૃતિ, પ્રભુ ને પ્રેમ-ભલે લાગે હેમખેમ,
જાય છે અંતિમ શ્વાસ, ઘડીઓ ગણાય છે !

જોષીથી તે જોષી* તોયે ભાખવાને ભેગા થયા,
જીવનથી દૂર બેઠા, ઠાલા લાળા ચાવશે !
એ જ લખે, વાંચે એ જ, સમજે ય એટલા જ;
સામસામી જોખશે ને સામસામે પોંખશે !
ગાંગરે ગન્યાંનગાય, દોહી લેશે માંહોમાંહ્ય;
આપણે માથે તો ખાલી હાંડી બસ, ફોડશે !

એકાંતરે-એકાંતરે માંડવા આ કોને માટે ?
લોક કયાં છે ? કોણ છે ? શું કરે છે ? કયાં ભાન છે ?
રેલાયાં છે લોહીમાંસ, હોમાયાં છે ઘર-બાર;
બેકાર ને દા'ડિયાંનાં રોળાયેલાં ધાન છે.
ભીંસાય છે મધ્યમવર્ગ, વિદ્યાર્થીઓ વેડફાય;
રૂવાડુંયે ફરકે ના; (આ) કેવું અપમાન છે ? !





ચેત, ગુજરાતી ! ચેત ! વેચી ખાશે આ દલાલો;
તારી છે આ ભાષા અને તારો અધિકાર છે !
કાં તો હવે મૂંગા મરે; કાં તો કરે વાત તારી;
જડ ને જરઠ આ જમાતના શા ભાર છે ?
કહે 'અગનાની' એક. ટેક તમે રાખો નેક,
ના મળે તે, ઝૂંટવીને લેવામાં જ સાર છે !

* (ઉમાશંકર જોષીથી વિનોદ જોષી)

## છમકલાં

### એક શેર

ભરો, ભરો ! જ્ઞાનસત્રો-સભાઓ !
અધિવેશનોના કરજો ઠઠારા;
ભૂખ્યાં જનોની મુક્કી વિંઝાશે,
સાબૂત નહિ રે' ગન્યાની ગબારા !

### એક છપ્પો

'ધારમિક' પરમુખ, 'મારમિક' સહુ !
ડા'પણ ડો'ળવા ચાલિયા બહુ !
ખોદશે મડદાં, કરશે ચરચા,
જીવતાં જણમાં, એમને ન શરધા !
લખશે અઘરું, બોલશે મઘરું,
વાહ રે વાહ ! આ કેવું કાવતરું !

## એક હાઈકુ

આ ધ્યાનબ્હેરી
સાહિત્ય પરિષદ
મૂંગી ન શાને ?

૨૬ ડિસેમ્બર, ૧૯૮૬

**રચના સંદર્ભ**

લાગટ ત્રણ વર્ષથી ગુજરાત આખુંય દુષ્કાળની આગમાં ભૂજાંઈ રહ્યું હતું - એમાંય અમરેલી વિસ્તારમાં તો આડો આંક વળી ગયો હતો. આટલી અભાવગ્રસ્ત પ્રજા ઉપર જાણે કીડી ઉપર કટક લઈ જતા હોય તેમ - ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ અને સુસ્થાપિત સાહિત્યકારોએ ત્યાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું 'જ્ઞાનસત્ર' યોજ્યું ! અબલત્ત, ત્યાંની આમ જનતાની હાલતથી માહિતગાર થવા કે એમના દુઃખે દુઃખી થવાનો આ નાનો-શો પ્રયત્ન (!) હોત તો જુદી વાત હતી ! ... આતો... ખેર, તમે તો આવી 'પરિષદો'ના માંડવાથી પરિચિત જ હશો ! આ નિમિત્તે આ કાવ્યો રચ્યાં અને પરિષદમાં જ પદવીધારી એક અંગત મિત્રના હાથે પહોંચતા કર્યાં; એ લોકોએ ત્યાં વહેંચ્યાં અને વાંચ્યાં પણ ખરાં ! એ પછી શું ને કેટલું વિચાર્યું એની તો જો કે ઝાઝી ખબર નથી પડી.





# તસલીમા નસરીન માટે ત્રણ કવિતા

૧.

તસલીમા !
એ લોકો
તારું માથું માગે છે ને ?
પણ એમને ખબર નથી લાગતી કે
આપણાં કાંડાં, આપણી આંગળીઓ, આપણી કલમ
અને આપણી વિંઝાતી મુક્કી કરતાં વિશેષ
આપણે મન બીજું કશું જ નથી-કંઈ જ નહિ !
એ જડભરતોને જણાવી દેજે કે આપણાં તો
ધડ પણ લડશે, ઝૂઝશે, લખશે.....લખતાં જ રહેશે.

૨.

તસલીમા !
હાંશિયાની આ બાજુ તું કંઈ એકલી જ નથી.
અને આ હાંશિયો તો વધતો જ જવાનો.
તેમ છતાંય અહીં રહ્યાં રહ્યાંય
આપણે તો લખતાં જ રહેવાનું છે.
લખતાં રહેવાનું છે......આપણા લીરે લીરા થઈ ગયેલા
પાલવ ઉપર; મેલાં દાટ, ચિંથરેહાલ ફળિયાની કિનાર પર,
શ્રમિત, કલાંત, ખરબચડી હથેલીઓ ઉપર;
તપ્ત વિક્ષુબ્ધ કપાળની રેખાઓ ઉપર,
આવતી કાલનું સપનું જોતી આંખોના પ્રલંબ પટ ઉપર
.....અને પછી તો જોજેને,
આપણાં આંસુ, પસીનો અને લોહીની જ્વાળાઓ
ઝળહળી ઊઠશે રસ્તાઓ ઉપર, દીવાલો પર,
ગામની ગલીઓમાં, શહેરની શેરીઓમાં, ઘરોમાં, બજારોમાં,
ખેતરોમાં, ખાણોમાં, મિલોમાં, કારખાનાંઓમાં.....

પછી તો ડુંગરે ડુંગરે ને જંગલે જંગલે ગૂંજી ઊઠશે
આપણાં ગીત, સાગર અને સરિતાની લહેરો ઉપર
વહેતી થશે આપણી વારતાઓ, રેગિસ્તાનની રેત ઉપર
કોરાઈ જશે આપણાં નામ; કાળાં કાળાં વાદળોને
ભેદીને, રૂપેરી કિનાર જેવા ઝળકી ઊઠશે
આપણા હસ્તાક્ષર.
આખા આકાશની ક્ષિતિજો ભરીને આપણે તો
લખતાં જ રહેવાનું છે....લડતાં જ રહેવાનું છે.

૩.

તસલીમા !
આ નદીઓ
આમ સદીઓથી કેમ વહ્યા કરે છે સાવ ચૂપચાપ ?
કેમ ડઘાતી બઘવાતી જોયા કરે છે
ઈતિહાસનું અગડંબગડં ?
કેમ સાંખી લે છે આતતાયીઓની આવનજાવન ?
યુગો સુધી, બસ આમ જ
આ કહેવાતી સંસ્કૃતિની સુફિયાણી સાક્ષી બની ને જ
વહ્યે જવાની આ નદીઓ ???
આ સિંધુ ને સતલજ ? આ નાઈલ ને જોર્ડન ?
આ ર્‌હાઈન ને ડાન્યુબ ? આ મિસિસિપિ ને એમેઝોન ?
આ વોલ્ગા ને આ ગંગા ?....
કયાં સુધી આમ નીચું ઘાલીને પસાર થતી રહેશે
આ નદીઓ ?
એના બેય કાંઠે ખેલાતી સાપસીડીની રમતને
કયાં સુધી બિરદાવતી રહેશે આ નદીઓ ?





આ જો ને, આપણી બ્રહ્મપુત્ર....
એને આ કાંઠે ને પેલે કાંઠે
કેવા એકસરખા નાટારંગ ખેલાઈ રહ્યા છે !
ઉપરથી ભલે ભિન્ન લાગે,
પણ કેવી એકસરખી ભાષા
બોલાય છે બંને કાંઠે ? !
એ જ શસ્ત્રો ને એ જ શાસ્ત્રો
એ જ બજારો ને એ જ વખારો
એ જ પ્રતિબંધો ને એ જ પ્રહારો.....
કેવાં ધમધમી રહ્યાં છે આ કહેવાતાં રાષ્ટ્રોનાં
કાળમીંઢ કારાગારો ?......
આ તરફ અને પેલી તરફ પણ....
ને આ નદી ?
વર્ષોથી પોતાનો વક્ષ પર પડંતા
આ બિહામણા પડછાયાને ભૂંસવા
કેમ ધસી નથી જતી કાંઠાનો કચ્ચરઘાણ કરતી ?
સદીઓથી સડી ગયેલાં, ગંધાઈ ઊઠેલાં સંસ્કારી શબોને
બાળીને ભસ્મ કરવા
ભભૂકી કેમ નથી ઊઠતી હુંકારતી, ફુત્કારતી ?
અરે, એનાથી કંઈ ન થાય તો છેવટે
સુક્કી ભઠ્ઠ થઈને,
ધારદાર રેત રેત. થઈને
ભોંકાઈ કેમ નથી જતી ભેંકાર કકળાણ કરતી ?
તસલીમા !
ચાલ, આપણે નદી બની જઈએ.
નવી નદી;
ને પછી રચીએ ઈતિહાસની નવી ગતિ.

ચાલ,
છલકાઈ જઈએ, રેલાઈ જઈએ, ધસમસી જઈએ
એ લોકોનાં
ધતીંગોને ધમરોળવા
જુદ્ધાણાંને જળબંબાકાર કરવા
બંને કાંઠાને એકાકાર કરવા.
ચાલ તસલીમા !
આપણે નદી બની જઈએ.

ડિસેમ્બર, ૧૯૯૩

**રચના સંદર્ભ**

બાંગ્લાદેશના મુસ્લિમ કટ્ટરવાદીઓએ નારીવાદી લેખિકા તસલીમા નસરીન સામે ફતવો બહાર પાડયો ત્યારે, એની સાથે બિરદારી દાખવવા આ પત્ર-કાવ્યો રચેલાં. હિન્દીભાષામાં પ્રગટ થતા ક્રાંતિકારી દ્વિમાસિક 'લોકદસ્તા'માં તેનો અનુવાદ છપાયો અને પછી પંજાબીમાં 'પરચમ' દ્વારા પણ અનુદિત થઈને વંચાયાં.





# સુરત - ૧૯૯૪

૧.

ઉંદર થઈ તરફડતું સુરત
ગાંઠ બની ફદફદતું સુરત
મૂક બજારો, બ્હેરી શેરી,
મોત સમું સૂસવતું સુરત
હાથ પ્રસારી ભીખ માંગતું
ફાટલ ઝોળી ભરતું સુરત
તાપી તીરે તરતું, ડૂબતું
સરતી રેતી, ખરતું સુરત
મુઠ્ઠી વાળી દોટ મૂકતું
રઘવાતું બઘવાતું સુરત
અહીંથી ભાગી, કયાં જઈ જીવશે ?
કણકણમાં વિખરાતું સુરત

રાજક કહેવું ? દૈવક કહેવું ?
આંધળિયું અવઢવતું સુરત.

બાવો બોલ્યો : ભાગતું સુરત
ઘોડાપુર : તણાતું સુરત
રમખાણે ભડભડતું સુરત
લાજ બની લૂંટાતું સુરત
અફવા થઈ અથડાતું સુરત
પ્રેતકથા બડબડતું સુરત

કોના વાંકે ? કોના ભોગે ?
કટકે કટકે મરતું સુરત !.....

૨.

અહીં જ થોભું, જરા વિમાસું
ઉકરડા, છટકાં ફંફોસું
કારણ શું છે ? શું છે કારણ ?
આને પૂછું, એને પૂછું
ઉકરડા, છટકાં ફંફોસું.......અને......અને.
ત્યાં હાથ આવતી
કુરૂપ બોઝલ લાશ !
લોથને આમ ફેરવી, સ્હેજ ઘુમાવી, જોઉં છું તો... એ જ !
એ જ પળેપળ સડતું સુરત
આજ સુધી કંઈ કહ્યા વિનાની કથા કહી સંભળાવતું સુરત
વ્યથા કહી સંભળાવતું સુરત.

૩.

કશું અચાનક નથી તૂટતું
વર્ષોથી હચમચતું સુરત
મુઠ્ઠીભર મહેલાતો માટે
પરસેવે લથબથતું સુરત
માણસ ઉપ્પર માણસ મેલી
ખપ્પરિયું ખડકાતું સુરત
હીરાઘંટી, પાવરલૂમો......
રોજ ઘસાતું, ચિખતું સુરત
જાતે કેદ રચી સુંવાળી
કોશેટે ગૂંગળાતું સુરત
ખોબ ખોબે ધન આરોગી
ઝૂંપડપટ્ટી ઓકતું સુરત





ખિસ્સાં હોય ભલે ખણખણતાં
બસ્તીમાં બણબણતું સુરત
એક તરફ આકાશ આંબતું
બીજી પા' રગરગતું સુરત
એની એ જ જગાએ દોડી
દોડી થાકયું, હાંફતું સુરત
પ્લેગ, પૂર ને રમખાણો તો
કહેવાનાં કારણ છે, જાણો :
વિસૂવિયસની ટોચે બેઠું
કયારનુંયે ખળભળતું સુરત
કશું અચાનક નથી તૂટતું.....
વર્ષોથી હચમચતું સુરત !

૪.

તેમ છતાંયે ફરી ફરીને મને થતું કે :
રાજક કહેવું ? દૈવક કહેવું ?
આંધળિયું અવઢવતું સુરત
કોના વાંકે ? કોના ભોગે ?
કટકે કટકે મરતું સુરત ?
કોઈ કાઢતું દોષ કો'કનો
કોઈ ક્રો'કની ઘડીઓ ગણતું
કોઈ કહે કે વાંક તંત્રનો
ભરતાંમાં કાયમ રહે, ભરતું
હક્ક ભૂલીને હૂંસાતૂંસી
અરસપરસ બાખડતું સુરત

તંત્ર ખેલતું આટાપાટા
પ્રજા ચગવતી ગામગપાટા
પેલા લોકો ખિસ્સાં ભરતા
ખુલ્લાં બાર ને ખાળે દાટા
સૌને અહીંયા પીડ પંડની, વીંછણ બની ભરખતું સુરત
પેલો ઓલાના ઉબરમાં જુએ ઊકરડો,
પણ પોતાના કપાળ પર ના જુએ ઉઝરડો
એકમેકને ખો આપીને
ખુલ્લે આમ છટકતું સુરત !

૫

આ કંઈ ખાલી સુરત શહેરની વાત નથી કહી !
આ કંઈ ખાલી પ્લેગફેગની ઘાત નથી રહી....
જરાક ભીતર કરો ડોકિયું
હુંયે સુરત, તુંયે સુરત.
કેમ આપણે ભીરૂ ઉંદર ?
આપણ કેમ ચૂસણિયા ચાંચડ ?
કેમ આપણે એકલપેટ્ટાં ?
કેમ આપણે બકરાં ઘેટાં ?
કેમ આપણે સ્વારથજૂટ્ટાં ?
કેમ આપણે નઠોર-બુઠ્ઠાં ?
ચાંચડિયા ચ્હેરા ભૂંસીને
ઉંદરિયાં મ્હોરાં ઊતરડી
ચલો ! કરો ધમધમતું સુરત !





૬

અરે ! ઊભાં રહો......
રખે દોડતાં....
કિચ્ચડ ઉપર રંગોળીના રંગ પૂર્યાનો શો મતલબ છે ?!
ઊધઈકોર્યા પાયા પર મીનાર ચણ્યાનો શો મતલબ છે ?!
સૌને સરખા શ્વાસ મળે નહિ,
સૌને તેજ ને સૌને પાણી;
સૌને પાંખો ફેલાવાને
સરખું જો આકાશ મળે નહિ
એવી નગરી, એવી દુનિયા ફરી ફરીને રચવાનો કહો :
શો મતલબ છે ?!
લીલીછમ આ ધરતી પીંખી
અઢળક મબલખ મોલ ઉછેદી
ધૂળ, ધૂમાડો, ધનવૈભવના
મંત્રજાપમાં ધૂણતી, ધ્રૂજતી
પછાત માનવજાત ઉગાર્યાનો કહેશો કે, શો મતલબ છે ? !
આવી નગરી, આવી દુનિયા, ફરીફરીને રચવાનો કહો શો મતલબ છે !
ના જોયેં એનું એ સુરત
ખોટુકલા સોનાની મૂરત
બનાવટી રેશમની નગરી
જોયેં અમને નવતર સુરત....
અમે સરજશું, અમે ઘડીશું
એક જીવતું-જાગતું સુરત
એક જીવતું-જાગતું સુરત.

ઓક્ટોબર, ૧૯૯૪

# જરા તો સોચો

પૂર્વજો
સમકાલીનો
ભાષાબાજી
અને હું

## કયાં સુધી ?

સીંદરી સળગી ઊઠી છે, રાખશું વળ કયાં સુધી ?
મોભ પણ ડૂબી ગયો છે, પ્હોંચશે જળ કયાં સુધી ?

આંખ પર પાટા ને ડુંગર : ચડઊતર શી વ્યર્થ આ ?
પૂતળાં પથ્થર છે-પથ્થર ! માગશું ફળ કયાં સુધી ?

પડ ઉપર તડ, બરડ બરછટ; જરઠ, ભૂખરી ભોંય આ....
કાલ ? કયારે ? કાલ ? કયારે ? - પૂછશે હળ કયાં સુધી ?

ત્રાગડો છે 'એમનો' કે આપણે તડ ત્રોફીએ,
છૂંદણે દાઝેલ હૈયાં, કયાં સુધી ? કળ કયાં સુધી ?

કો'ક સપનું આંખથી ઊતરે અને નક્કર બને,
શબ્દ ચિતર્યે રાખવાનાં ચાલશે છળ કયાં સુધી ?

ફેબ્રુઆરી, ૧૯૮૮

**રચના સંદર્ભ**

આમ તો આ ગઝલ મારી સૌરાષ્ટ્રયાત્રા દરમ્યાન લખાઇ હતી, પણ અહીં મારા સમકાલીન સર્જકો સાથે, ગુજરાતી સાહિત્યની વર્તમાન સ્થિતિ વિષે શેરિંગ કરવા માટે, સવાલો કરવા માટે, જાતતપાસ કરવા માટે નવેસરથી સંદર્ભું છું ત્યારે એનું ઔચિત્ય વધારે સમજાય છે. સૌરાષ્ટ્રમાં ફરતાં ફરતાં કાયમ ત્યાંની સામંતશાહીના બચ્યાખૂચ્યા પડછાયા પગમાં અટવાતા રહેતા હોય છે, ધર્મશ્રદ્ધાનો અતિરેક અને નિક્ષરતા ખૂંચ્યા કરતાં હોય છે. ક્યારેક વકરેલો વિકાસ ને સામે પક્ષે અસહ્ય કંગાલિયતની માનવસર્જિત બિભિષિકાઓ રાતની ઊંઘને હરામ કરતી હોય છે - એ જ રીતે જડ, સ્થગિત અને સમયના તકાજાને નહિ સમજીપામી શકનાર સાહિત્કારો માટેય આ સવાલ એટલો જ પ્રસ્તુત બને છે અને એટલે જ અહીં આ વિભાગમાં એને સૌથી પહેલું સ્થાન આપું છું.

## મિચ્છા પૂછે ઇચ્છાને કે.....

એક પગ દૂધમાં ને બીજો પગ દહીંમાં,
ઇચ્છાબા ! કેમ કરી જીવવું જી રે !
'હોવું' ને 'દેખાવું' અળગાં શેં રાખવાં ?
જીવતર જ્યાં કામ એક-'બનવું' જી રે !

આંગળીના વેઢામાં આયખાને બાંધીને
તૂટ્યાં ત્યાં તેર ગણ્યા, કંટાળ્યાં સાંધીને
આ તે શું રમવું કે મરવું, જી રે !

હાથમાં ફૂટે છે રોજ પાનખરી વાયકા
તડતડતું તાપણું ને લેવાની આશકા
અંધારે અજવાળું કરવું, જી રે !

કાળમીંઢ સપનામાં, સરવર સ્હવારનું
ભળભાંખળ ફંફોસે તરણું એ કયારનું
આંખો ઊઘડતાંમાં તરવું, જી રે !

દર્પણની લીસ્સી સપાટી ના જોઈએ
લાખ લાખ નજરોમાં ચ્હેરાને જોઈએ
ઇચ્છાબા ! એવું અવતરવું જી રે ?!

ઓકટોબર, ૧૯૯૩

**રચના સંદર્ભ**

'૭૨ થી '૮૦ના અરસામાં એક પાત્ર ઘડેલું - ઈચ્છાકુંવરી. આમ તો એ એક દ્વિવિધાગ્રસ્ત, જાતને ફંફોસતી નાગરિક્ર હતી, છતાં એવું કશું આસપાસ હતું જેથી સામંતી આબોહવામાં જીવતી હતી એટલે જ એ 'કુંવરી' હતી ! થોડીક રચનાઓ એ મૂડથી રચ્યા પછી એની સાથ 'ડાયલૉગ' સાધવાના પ્રયાસ રૂપે, એના જ 'ઑલ્ટર ઇગો' સમું બીજું પાત્ર ઘડ્યું : મિથ્યાકુંવરી ! મિચ્છાકુંવરી ! જો કે '૮૧ પછી આ બેમાંથી એકેય પાત્રને લખાણોમાં લાવી નહોતી. છતાંય, એક તબક્કે જ્યારે જાતતપાસ જરૂરી બની ગઈ ત્યારે ફરીથી બંનેની સહોપસ્થિતિ સરજાઇ છે. ને છટકતી અનુભૂતિને આકારવા વળી પાછાં એ ઓઠાં ઉપયોગી બનશે એવું લાગ્યું એટલે ઠેઠ વીશ વર્ષે, પાછી એને સંભારી.





## ઇચ્છાકુંવરીનું વિસર્જન

રસ્તા પર છૂટ્ટી જો મૂકી દો જાતને
તો ખોટ ના રહે કશી વાતની,
મોટર નૈં, સ્કૂટર નૈં, બે પગની જાતરા
ને મનની સવારી ઘોડા સાતની !

મૂડ ને મિજાજ નથી મળતાં દુકાને
એ તો કૂવા-હવાડાની વાયકા,
શબ્દો થૈ ઊતરતી લાગણીના સંમ
અમે લોહીઝાણ જીવ્યા કૈં દાયકા
ઘટના, દુર્ઘટના ને હોનારત આયખું કે
આલબેલ આગામી ઘાતની !

આજુબાજુમાં રોજ રજવાડી તાયફા
ને અલગારી ભેખ અમે લીધો;
પગલે પગલે પછી તો પારખાં છે પંડનાં
કે અક્ષરનો મારગ નૈં સીધો,
ઝબ્બક અણસાર કંઈ પામ્યા પછીથી
અમે પડતી મેલી છે વાત જાતની !

અરગટ પરગટ નવા અરથોની આશકા
ને માટી ભરભર ભુક્કો ભાળું,
લગભગ કડડભૂસ્સ હચમચ આ માંચડો
ને મૂરતને તૂટતી નૈં ખાળું.
માનવમ્હેરામણમાં મૂકી દો તરતી પછી
જય બોલો ઇચ્છા તે માતની !

મે-જૂન, ૧૯૯૪

**રચના સંદર્ભ**

આ રચનામાં એમના નિમિત્તે મને પૂછાતા ઘણા પ્રશ્નોના જવાબ આપવા ધાર્યું છે.

# ટુનિકિટ પાલ્સી
# યાને
# ટેરવાં ટાંચાં પડયાં રે લોલ !

તલ તલ કંરીને આ તરાપો તાણેલો.
બાપ સમાણી ગાળ જેવું આ કવિપદું નહોતાં પામ્યાં, ત્યારે તો !
અરે, આડા કે ઊભાનુંયે પૂરું ભાન નહોતું, ત્યારે તો !
હા,
બસ ! કદી કદી ખડક વચ્ચે
ઘાસની જેમ ઊગી નીકળાય તો ખુશ ખુશ થઈ જવાતું'તું
અથવા તો પછી
અગાશીમાં પડયાં પડયાં દેખાયેલો ખરતો તારો
આપણા પર તૂટી પડયો નથી એથી 'હાશ' થઈ જતું'તું !
આછી પાતળી ઈમોશન્સમાં તરી શકતી
કાગળની કવીન ઈલિઝાબેથમાં બેસીને
એકલાં એકલાં આંદામાન-નિકોબાર જાતે જ પહોંચવું પડે
એવા દહાડા તો એ પછી આવેલા.
અહીં ઐતિહાસિક વિગતોમાં ઊતરવું જ હોય તો કહી શકાય કે
શરૂશરૂમાં એવું હતું કે....કોલંબસ જેવું-યાને કે
જાતે થે જાપાન,
પહુંચ ગયે ચીન- સમજ ગયે ના ? !
ને છતાંય ટીકડી પતંગ સાથે જોડાયેલી ફિરકીની જેમ
શબ્દોમાં ઉકેલાવું ગમતું'તું હોં !
પણ પછી પછીના દિવસોમાં
પતંગ જોવાની પ્રતીક્ષા, આશા, અપેક્ષા ને એમાં ભળી'તી
સિસૃક્ષા....એમ દીક્ષાના દોરા લબડવા માંડયા
ત્યારે તેર તૂટયા......
ને પછી ત્રણને સાંધવા માટે, ચડાવવાં પડેલાં ચશ્માં પર
બેરોમીટર મૂકાવવા પડયાં





ને સાવ મારા પોતાના, હાથ જેવા હાથ પર
કયાંક સાલો અથરો કે પથરો ન થઈ જાય એ બીકે
પ્રેશર માપવાના પટ્ટા બાંધવા પડેલા.
આવું આવું થવા લાગ્યું પછી તો....ને એટલે જ આજે હવે
કોઈ ડાબાજમણે ટિંગાટોળી કરતું હોય
ત્યારે જ હવા થીજે ને ઢીમ ઢળી જાય
એવું થઈ ગયું છે, આપણું સાલું !
પૂરી ઊંચાઈ તાણીને, કવિતાના આ ઘરમાં......સોરી !.......
-આ એકઢાળિયામાં ઊભી રહેવા જાઉં છું ત્યારે
છતે માથું અફળાય છે અને ઢીમણે ઢીમણે
તૂટેલાં ઢીંગલાં ખડખડ હસી પડે છે.
ઊતરેલાં ઝભલાં આછું આછું મલકે છે ને પછી કે' છે કે જો થઈ છે !
હા,
હવે તો હું કોઈનીયે સાથે નહિ રમી શકું કે નહિ તો કોઈનોયે હાથ પકડીને
કહી શકું કે "આપણે બે ભિલ્લુ !"
પછી તો કે' છે કે ગળામાં બાંધી દો કુલડી
થૂંકો, સતત થૂંકો.....થૂંકવા માટેની કુલડી
રાજકદૈવક થાય તો થૂંકેલું ચાટવા માટેની કુલડી
ને ભૂખમરે ચાટવા ને ભાવે તો મમળાવવા માટેની
કુલડી નામે કવિતા.
અંધારે ઓળખવા માટે ને ભૂલાં પડો તો પકડવા માટે
ઉપર ચોંટાડી દો કાપલીઓ કેફિયતની.
આ પાણીમાં પડયાં પછી તો પદાર્થના સાચા કદનો અંદાજ
કયારેય, કયાં આવી શકયો છે !
ડૂબકી મારતાં પહેલાં હું તો અંદર ડોકાતા પડછાયાને
આઈસકયૂબ માની બેઠેલી....પણ અંદર પડયા પછી
ઓગળવાનો નુસ્ખો શોધ્યો નથી જડતો.
તરતાં તરતાં શિખાય-વાળા ડોશીવૈદાંની પડીકીઓ
પૂર્વસૂરિઓ ચાવી ગયેલા છે ને !

આ ઓગળવું, પિગળવું, તરવું, ડૂબવું, પ્રાપ્તિ, મુક્તિ, અભિવ્યક્તિની
મોંપાટ ગોખાવીને માસ્તરસાહેબો તો કયારનાયે
મૂતરડીમાં પેંસી ગયા છે;
હવે મારે કયારે અટકવાનું છે ? કયાં જઈને માથું મેલવાનું છે ?
આંખે અગમ-અગોચરનો પાટો બાંધીને,
બજાર વચ્ચે ગોળગોળ ફેરવીને,
ગુરુજી મારા તો છૂટમૂટ થઈ ગયા છે;
તે હવે આ ચકરડીભમરડીની બારાખડી ઘૂંટયા કરું છું, ઘૂંટયા
કરુ છું, ઘૂંટયા કરુ છું અને ઘૂંટીની ઉપરના ભાગમાં ઘૂંટણ કોણે
ગોઠવી આપ્યું હશે-એની શોધમાં
ઢાંકણીના પાણીમાં બ્રહ્માડૂબકી માર્યા કરું છું.
જાતથી માંડીને જગતાત સુધી લખ્યા પછી
કોની કુંડળી માંડવી ?
મારા વાડાની વંડી ઠેકીને મારે જ જવાનું છે કે
મને થુપ્પીસ કહેવા અકો-નકો ને લખો જાતે જ
દોડયા આવશે ? કયારે ?
કેટલું ? કેટકેટલું ? પૂછી નાંખ્યું મેં તો ? !
આ પ્રશ્નવાચકોનું લીસ્ટ બનાવતાં બનાવતાં
કેટલી ? કેટકેટલી મજલ કાપી નાખી મેં તો ? !
ને હવે અડવાની જેમ વાડ વચ્ચે ખોડાઇને બેસું તો.....
તેને જ કહે છે ટુનિકિટ પાલ્સી !
આમ ટેરવે ટેરવે
જાતને જોવાનાં ચાટલાં ચોટાડયાં પછી અહીં સુધી પહોંચતા પહોંચતાં તો
ભારેખમ થઈ ગયો છે આ હાથ.
ટેરવાની ટેકરીઓ ચડી ચડીને કેટલે પહોંચાય, ભલા !
અને એટલેસ્તો આ ઠેઠ લગીના લમણામાં લાહ્ય લાગી છે ને !
આંગણાંમાં તો ઠીક પણ
અંદરના ઇન્ટેલિજન્શિયાના અંતઃપુરમાંયે
ભડભડ બળે છે એક જણ.





-ને સાંકળ ખોલવાયે હાથ ઊંચકી શકાતો નથી !
આને જ કહે છે ટુનિકિટ પાલ્સી !
આ ખંડ ખંડ થઈ ગયેલા ખાંડવવન પછી
કયું રીલ ચડશે એ જાણવું છે મારે.
કાળી રાની બિલાડીઓની મુલાયમ ગરદન,
વરસાદે આપેલો શાશ્વત શેવાળના વર્ષાસનનો વારસો,
કોઈના ચહેરામાં સળવળતી ભૂખરી, ચીકણી ગોકળગાયો;
અને ખુદ મારા જ લોહીમાં વસતા ઓકટોપસને
ઓળખવા છે મારે, આલેખવા છે મારે.
સપાટી પરનાં જિગસૉ પઝલ્સ જો નહિ ઉકલે તો
મારી સગ્ગી આંગળીઓ પર અકળાવું છે મારે.
તોડી નાખવા છે, ફોડી નાખવા છે બધા જ પુલ મારે.
કાંઠેકાંઠાને એકાકાર કરી દેવા છે,
પાણીને ભરી દેવું છે પાણીથી,
ઉછીની હવાઓએ ભૂંસી નાખેલા મારા ચહેરાને ચિરીને
આજ સુધી વણવપરાયેલી લાગણીઓની કરપલ્લવીના
યાદચ્છિક સંકેતોથી કંડારવું છે એક આખે આખું
સ્વ-રૂપ.
નખશિખ આખાઅખંડ થઈ જવાના આ સપનાને
સ્પુલ ઉપર ચડાવીને બેસું છું.
સ્વીચ ઓન કરવાની જ વાર છે.
પણ....
આને-આને-આને જકહે છે આ લોકો ટુનિકિટ પાલ્સી.
અને હું કહું છું કે આ તો
ટેરવાં ટાંચાં પડયાં રે લોલ !

મે/જૂન, ૧૯૮૧

**રચના સંદર્ભ**

'૮૧માં ગુજરાતની સામાજિક-રાજકીય આબોહવા એકદમ ડહોળાવા લાગી હતી. 'નવનિર્માણ' પછી લાંબા ગાળે આવેલું આ જુદી જાતનું પરિવર્તન હતું. આંખો બ્હાવરી

હતી, હૈયું ઠરતું નહોતું પણ હાથ-કલમને સૂઝ નહોતી પડતી કે શું કરવું ?! આમ તો નર્યા અંગત સંવેદનો લખી લખીને થાકી ગઈ હતી, અટકી ગઇ હતી પણ મતલબ સમજાતો નહોતો - લખવાનો મતલબ- જીવતા રહેવાનો મતલબ..... ! આ ત્રણે લાંબી અછાંદસ રચનાઓ અને તેના પછીની ગઝલ - આ જ અસમંજસ કાળનાં સર્જન છે. પરંતુ થોડાક તરફડાટ, થોડાક ધમપછાડા અને દિશાહીન શૂન્યાવકાશ... બે'ક વરસ સુધી કવિતા લખી જ ન શકી એની યાતના પણ ખરીસ્તો !





# ઊંટભાઈની બોધકથા
# યાને
# કવિની કરમકથા

વણઝારનું ઊંટ
હવે તડકાનો પહેલવહેલો ચણચણાટ
અને અકબંધ રેતની ઠંડી ચેલેન્જનો રોમાંચ ગુમાવી બેઠું છે.
આના કરતાં તો
ખાલી ખૂંધનો પથ્થર ગબડાવ્યે રાખવો સહેલો હતો;
લોક સિસિફસને યાદ કરીને ત્ચ ત્ચ તો કરત !
        આજે હવે પીઠે ભરેલી પોઠ પારખવા
        કોઈ હરકોર શેઠાણી હરખાતી દોડતી આવતી નથી.
        વરસોવરસ એનાં એ આભલાંચાટલાં તો હવે
        બધાંને અબખે પડી ગયાં છે !
તો શું......
''યાર ! ગેસની કોઠીઓ માટે ઊંટગાડીની ખૂબ ડિમાન્ડ છે''
- એના ઉપર કંઈક કરી છૂટવું ? !
        પણ કંઈયે કરવું એ કયાં એના હાથની વાત છે ?
        એ તો ઊંટ ને એય પાછું વણઝારનું.....
એનું ચાલત તો તો
એવા જમાનામાં જનમ ના લેત,
જ્યારે ઝાંસીની રણગાડીઓને ઊંટ જોડાતાં'તાં ......?
કે સહરાની તીખી હવાઓમાં ઘંટડીઓ બનીને
પ્રેમકથાઓ ધીમું મીઠું રણઝણ્યા કરતી'તી....?
અરે એમને એમ તો ઠેઠે નોઆહની નાવસુધી પહોંચી જવાય...
પણ એ પાછું પુનર્જન્મમાં માને નહિ ને.....
આવા ઐતિપૌરાણિક રોમાંચ વટાવી ખાવામાંય શું સમજે, બાપડું ?
ને આ લોકનું હવે એવું થવા લાગ્યું છે કે
ઊંટ જેવા ઊંટનેય આરપાર ઓળંગીને હાલતું થાય છે મારું બેટું !
હવે ?

ઊંટભાઈ શું કરે ? શું થઈ શકે ?
પોટલું ઉપાડયું એટલે ઉપાડયું !
- પછી જો ઊતારી નાખે તો આપણને ઊંટ કોણ કહે ?
- અને આઈડેન્ટીટી વિના તો જીવાય જ કેમ કરીને ?
અસલ વાત તો એ છે કે
પોઠ વેંઢારી વેંઢારીને બહેર મારી ગયેલી પીઠ ઉપર
ખુલ્લા વગડાની લીલી લહેરોયે સાલી
બુઠ્ઠી બુઠ્ઠી અફળાય છે !
લીલોતરી કોને કહેવાય
એ જાણવા માટે ય હવે તો ડિક્ષનેરીમાં ડોકિયું કરવું પડે એમ છે....
હવે તો પ્રશ્ન એ છે કે
ખારું- ખાટું કોને કહીએ ?- મન હશે કે વન ?
પણ ચાલે છે એ તો રહ્યું છે માત્ર, ફક્ત આ તન !
ને પળે પળે પિવાતું જાય છે પાણી....
ખાલી ખખડતી મશક ઉપર
ઊભો ચીરો મૂકીએ તો ખરાં, પણ.....
રખે ને
લોહીનું ટીપું બહાર કૂદી પડે તો ?
અલેલે માલા ઊંટ ભૈ !
એવીતેવી બીક રાખવાની જરૂર જ નથી.....
તમતમારે સાનમાં સમજી જાઓને-
એ લોહીનો ઉછાળ તો ભૂંડી માણસજાતનો - આપણે તો ઊંટ
આપણે એવું કંઈ નહિ !
તમતમારે રમો જમો ને ભમો;
ને કોક ગમાડે તો ગમો.
બાકી મમમમ કે ટપટપની લપછપ આપણે વળી શાની ?
કહેનારે તો કહ્યું છે હે વત્સ !
બાળવયથી જ બળબળતી રેતીનો મોહ ન રાખવો.





કે ન રાખવો સૂર્યનાં ઠરતાં કિરણોનો વ્યામોહ
કેમ કે મળશે તો તને વારસામાં પગની ગાદીઓ જ મળશે...
પગલાં ભૂંસાશે તોય પોચાંપોચાં ને એ ખાબોચિયાંમાં ઊગીઊગીને
ઊગવાનું શું ?.......પોઠ ભરીને આભલાં-ચાટલાં જ ને !

ઑક્ટોબર, ૧૯૮૧

# આપણે - કવિઓ અને સમસામયિક સંદર્ભો ઊર્ફે કલ ફિર આઉંગી, સાયોનારા !

આપણી આજુબાજુ વહેતી હવાની કેપ્સુલ બનાવીને
દિવસની એક એકના હિસાબે ગળાતી હોત તો તો
જરૂર,
આપણે, કે પછી આપણામાંથી એક-બે તો એટલીસ્ટ !
મેજર પોએટ બનવાની ભરપૂર શક્યતાઓ છે !
પણ.....! ! !
દા.ત. આ હું જ, લ્યોને
નથી તો ચરી પાળી શકતી
કે નથી તો છરી ઉગામી શકતી.
અરે, જનમ ધરીને મેં તો કૂતરાનેય ઢેખાળો નથી માર્યો
કે પછી સાવ સામે છેડે જઈને કહું તો,
રસ્તો ઓળંગતાં ડોશીમાનો હાથેય ભાગ્યે જ ઝાલ્યો હશે
નથી તો મેં મેઘધનુષના રંગોમાંના એકેય રંગનાં
ચશ્મા પહેરીને જગતને જોવાનો પ્રયત્ન કર્યો......
ત્યાં વળી આ ક્રાન્તિ ફ્રાન્તિની કયાં માંડો છો ?!
આપણે તો બસ,
કાયમ......પાંચમી પેઢીના પાડોશીના પાથરણામાં ગયાં હોઈએ
ને સહેજસાજ સાડીછેડો પલાળીને છૂટકારાનો દમ ખેંચી લૈયે.
જાત બચાવ ઝિંદાબાદ !
ટાંપીને તરાપ મારતા સમયને ગળે પણ હવે તો સાંકળો બાંધતાં
આવડી ગઈ છે ને !
દિવસે દિવસે દૂધકોલ્ડ્રીંક બનતા જતા હિમાલયનો
સહેજે વસવસો કર્યા વગર....અંદર સ્ટ્રૉ ઝબોળીને આપણે તો આ બેઠાં !
આસપાસ વહેતી તમામ સાબરફાબરને થિજાવીને
આપણે તો કયારનુંયે રચી દીધું છે
ક્યારેક લખાતી કવિતાફવિતાનું કવૉરન્ટાઈન.
લખીએ છીએ.....'લખવું' ક્રિયાપદનો ઉપયોગ કરવા પૂરતું !
આમ તો નથી હોતું કોઈ જાતનું કમીટમેન્ટ...જીવવાનું કમીટમેન્ટ....





શબ્દોમાં જીવવાનું કમીટમેન્ટ.
આપણે તો બરાબ્બર સમજીએ છીએ કે જીવી શકાય- શબ્દો વગર પણ.
જીવી શકાય..... કમીટમેન્ટ વગર પણ....
'જીવવું' એ કંઈ ટીક ટ્વેન્ટી છાંટીને
તરફડી બતાવાય એવું ક્રિયાપદ નથી.....
પણ પછી થાય છે કે 'લ્યા ના લખાય....
કાગળની તંગીના જમાનામાં, જાતનાં પોસ્ટરો
ભીંતે ભીંતે ના ચોંટાડાય !
અને કશું જ કર્યા વગર જીવવું હોય તો
કમીટમેન્ટ, એગ્રીમેન્ટ, ઈન્ક્રીમેન્ટ, એન્ગેજમેન્ટ.....
એવાં તમામ પ્રકારનાં મેન્ટબેન્ટની ફેંટ પકડીને
ડાબા હાથની અડબોત ઠોકીને
જમણી તરફ થૂંકી શકાય.....!
ને એટલુંયે ના થઈ શકે ત્યારે....અને તો પછી
આપણી કવિતા જ્યારે 'કલ ફિર આઉંગી- સાયોનારા' કહીને
હેલિકોપ્ટરમાં બેસીને ઊડી જાય ત્યારે,
હેલિપેડ પર બેઠાં બેઠાં
એની રાહ જોતાં જોતાં, હનુમાન ચાલીસા રટવા ના બેસી જવાય !
છેવટે કશુંય નહિ તો,
પેલી ફિલ્લમના રેડ ઈન્ડિયનની જેમ,
કાચનું કવૉરન્ટાઈન તોડીફોડીને ભાગી તો નીકળાય....!
પણ
પલળેલાં છાપાં જેવાં,
જામીને સજ્જડ થઈ ગયેલી ગડીઓમાં
સુસ્થાપિત એવાં,
આપણ સુખિયાં જીવોને
મોંમાંથી પેલી સ્ટ્રૉ છોડવી ગમશે કે કેમ
એની ખાતરી કોઈ કેમ કરીને આપી શકવાનું છે, ભલા ? !

જાન્યુઆરી, ૧૯૮૧

## દ્રશ્ય

સામે જ હોય દ્રશ્ય તોય શોધવું પડે,
કૈં કેટલાં પ્રકાશવર્ષ દોડવું પડે.

અકબંધ આવરણ અગમ્ય શોધવા જતાં
ધસમસ ત્વચાનું પૂર પ્રથમ રોકવું પડે.

'કિંશુક ?' કહો તમે ને બને વન છલક છલક
નસ નસ પરે જ પાંજરુંય ત્રોફવું પડે.

માણસ બની જવાની હવે આ જ છે સજા,
અર્થોનું અસ્તવ્યસ્ત આળ ઓઢવું પડે.

આ બીજ આપણે જ અને આપણે જ ફળ,
ને આપણે જ આ જ વૃક્ષ ટોચવું પડે!

સપ્ટેમ્બર, ૧૯૮૨

**રચના સંદર્ભ**

જે સમાજમાં જીવતાં હોઇએ એ સમાજની રગ ન પકડાય અને જલકમલવત તરતાં રહીએ, જીવતાં રહીએ એવું કશુંક બન્યું હતું ત્યારે! કવિ છું અને કંઇક કહેવું છે એવું થયા કરતું હતું પણ 'શું' કહેવાનું હોય અને 'કોને' કહેવાનું હોય એ વિશે કોઇ સૂઝ નહોતી. આજ સુધી તો કવિતા પ્રવૃત્તિ લગભગ આત્મરતિનો આવિષ્કાર જ બની રહી હતી... પણ ઝાંખું ઝાંખું જ્યારે દેખાતું થયું ત્યારે સમજાયું કે આ તો દ્રષ્ટિ બદલવાની વાત છે, દ્રષ્ટિકોણ બદલવાની વાત છે.... ત્યારે ટૂંકમાં કઈક આમ કહેવાયું.





## પૂર્વજોનું પૂંછડું, પૂંછડાની પીંછી અને અમે લોકા યાને કાગવાશ

એક દહાડો આ અમે જ કહેલું કે :
"કો'ક મોસમ આવશે ને મ્હોરશું"....
તે આંબે આવ્યા મ્હોર, ને પછી મરવા, ને પછી મેન્ગો
ને છેવટે લાસ્ટ ટેન્ગો ઈન....
-લ્યો પાછું, આમ કહીએ તો તમે કહેશો કે
હજીય અમે પૂર્વજોનું પૂંછડું છોડયું નથી!
શું થાય ? પૂંછડું ધરાવતા પૂર્વજોની પાછળ પેદા થયાના
પરતાપ છે, મા બાપ!
પહેલાં પહેલાં એવું હતું કે અમારા ઉપર બણબણતાં
માખી મચ્છર અમે એ જ પૂંછડાથી ઊડાડતાં'તાં!
પછી વળી ગૂંગળામણ થાય તો એનાથી હવા ખાઈ લેતાં'તાં!
ને એકદા.....એમ કરતાં કરતાં જ
બટ્ દૈને બટકેલા ને પટ્ દૈને કાયમી ધોરણે
બહાર આવી ગયેલા આ પૂંછડાને
હવે તો ફરકાવીએ છીએ આમતેમ
ને હલાવીએ છીએ મારા બાપ!
-જો કે હવે આ પૂંછડાને પાછું ચોંટાડવાનો
તો લગીરે વિચાર નથી- અમે પૂંછડાની સાઈઝના નહિ ને ? !
-અમારાથી એવું થાય ?
-અમે તો કિસ ખેત કી મૂલી ?.....
બાકી અમારા પૂર્વજો એટલે તો બસ, પૂર્વજો જ પૂર્વજો.
પૂર્વજો તે કયા કયા ?
પૂર્વજો તે કેવા કેવા ?
પૂર્વજો તે કોણ કોણ ?
અહો! અહો! ઠેઠ ઉત્તરધ્રુવથી આવેલા
ને દક્ષિણ ધ્રુવ સુધી દુનિયાને દબડાવતા, ઘોડાંને દડબડાવતાં,
હણતા, હણાતા, હણાવતા, હણહણાવતા....!

વહેતી ગંગામાં તરતા ને બાપના કૂવામાં ડૂબતા, ડૂબાડતા....!
દૂઝતી ગાયોને દોહી દોહીને વસૂકાવતા, ધાન લૂંટતા ને માન મૂકાવતા.....!
પરસેવો માપતા ને ચામડીના રંગ પર પેઢીનાં નામ છાપતા....!
અરે, એમણે તો કંઈ કેટલા મઠ સ્થાપ્યા ને ઉથાપ્યા !
લીંપ્યાગૂંપ્યાં આંગણામાં જંપીને જીવતાં જણને માથે કૈં કૈં છાણાં થાપ્યાં,
પાડા વધેર્યા ને વાડા વધાર્યા !
ધોળાને ધરવ્યા ને કાળાને કરપ્યા !
વહેતી નદીઓને ખાળી ને વલવલતી વેલોને બાળી !......ને પછી
સળગતાં શરીરો સામે કર્રર્ કટ-કેમેરા માંડયા
ને કટ્ કાતરથી રિબનો કાપી !
ધજાઓ રોપીને ધરમી થયા ને પાંચ ભેગા થઈને પાંચાલીઓને વર્યા !
કૈં કૈં ખેલ ભજવ્યા ને ડાકલાં બજવ્યાં !
વગડા વસાવ્યા ને નગર ઉજાડયાં !
ને વને વન વેડીને વરખડા ઉખાડયા !
        પછી કહેવાય છે કે સ્મશાને સ્મશાને સંમેલનો ભર્યા
    ને સળગતાં શબ પર પાપડ શેક્યા !
પ્રેમવશ પાપડ બટકાવતા, નવા શૂઝ ખટકાવતા, લડતા, લડાવતા, પાડતા,
પડાવતા, નેતરતા, છેતરતા, માપ પરમાણે વેતરતા, જોતરતા, મૂતરતા
ને પછી એનોય મહિમા કરતા ઓ મારા પ્રખર પૂર્વજો !
        પકડાઈ ગયા છો !
        આબ્બાદ ઝડપાઈ ગયા છો !
        છાના હતા તે છતરાઈ ગયા છો !
ને એ પરતાપેય તમારા પૂંછડાનોસ્તો......
        ના, એમ એ પાછું નહિ મળે.
રખેને તમે એને તમારા વાડામાં વાવી દો,
                        ને પછી ?.....ને પછી ?..... ને પછી ?......
        ના, અમે તમને એમ નહિ છોડીએ.
ભોળાં હતાં ત્યાં સુધી ભરમાયાં, બે આંખની શરમે શરમાયાં !
તમે તો ભા' અમને બઉ પંપાળ્યાં-જાણે કે અમે હા...વ નમાયા !!!





પણ હવે નમાયાં ને નિમાણાં થઈને અમારે નથી રહેવું.
તમારું કશુંય, કંઈએ નથી સહેવું.
        -જોઈએ તો અમારાં નામ ભૂંસો,
                        કામ રૂંધો,
                        ગામ લૂંટો....
પણ તમારા વર્ષાસનમાંથી વાલની વીંટીયે હવે ના ખપે !
ના ખપે - તમારા ખેતરનો એક દાણોયે ના ખપે !
        ચાહ્ય તો તમારો મલક છોડી જાશું,
        વખત આવ્યે વધેરાઈ જાશું;
        પણ તમારું ગાણું તો નહિ ગાશું તે નહીં જ ગાશું !
ના ખપે-તમારા લોહીનું એક બુંદ ના ખપે !
        આજ ભલે ને અધવચથી અટકી જાશું;
        લટકી જાશું-પણ તમારું ગાણું તો નહિ ગાશું તે નહીં જ ગાશું !
જોઈએ તો ભલે ને વેડાઈ જાશું, કણ કણ થઈને વેરાઈ જાશું;
        -પણ તમારું ગાણું તો નહિ ગાશું તે નહીં જ ગાશું !
જો જો તો ખરા....અમે તો કાલ નહિ ને પરમ દા'ડે,
        ઊગવું હશે તો ઊગીશું -ઊગી જાશું
        અહીંતહીં આસપાસમાં.....
        અમે જ પાડેલા ચાસમાં-
        -તમે રચેલા ઈતિહાસમાં નથી રાચવું અમારે !
છોને તમારા દિવસ હજી આથમ્યા ના હોય....
અમે સરજી લઈશું અમારો નવો સૂરજ.
        કરીશું, અમને મન ફાવે તે કરીશું
        -પણ મરીશું તો નહિ જ.....આમ, તમારી જેમ....
જિંગલોમાં, પિંગલોમાં ને ડિડકિયાં ડિગલોમાં,
એકદંડિયા મહેલોમાં, ગુફાઓની જેલોમાં, આશ્રમોમાં, ધામોમાં ને
ગેલ્વેનાઈઝ્ડ ગ્રામોમાં.......માનઅકરામોમાં, સરકારી સલામોમાં, ને
મોરારીબાપુના રામોમાં....!

-હા-હા-હા....કહીશું અમારે  જે કહેવું હશે તે કહીશું
ડરીશું નહિ આમ તમારી જેમ દરબારી ડાગલાઓથી, સરકારી જાંગલાઓથી !
અને હા- આ પૂંછડું તો તમને પાછું નહિ જ આપીએ.
-એના તો વાળેવાળમાંથી બનાવીશું એક પીંછી
ને ચૌરેચૌટે તમારાં ચિતરાવીશું ચાડાં......
-કે જેથી અમે જ નહિ; અમારા પછી આવનારી અનેકાનેક

પેઢીઓ
તમને જુએ, તમને જાણે ને નાનપણથી જ નાણે-પરમાણે
અસ્તુઃ બોલો, તથાસ્તુ !

**ફલશ્રુતિ**

ગાય, શીખે ને સાંભળે, જે પૂર્વજ પૂચ્છપુરાણ;
પાછું વાળી ના જુએ; જુએ તો પથ્થર જાણ.

૧૯૮૫

**રચના સંદર્ભ**

એ પછીના ગાળામાં ફફોસવાનું તો ચાલુ જ હતું. પણ '૮૪માં અમારા 'સંવેદન સાંસ્કૃતિક મંચ'ના ઉપક્રમે ભાઇ હિરેન ગાંધી લિખિત-દિગ્દર્શિત નાટક 'ઈતિહાસની બીજી બાજુ' ને સેન્સરશીપનો પ્રશ્ન નડ્યો ત્યારથી મારું- અમારું પોલિટિસાઇઝેશન શરૂ થયું. રાજનીતિ અને રાજકારણના કક્કા બારખડીમાં ગતાગમ પડવા લાગી. સંડોવાતી ગઈ અને સમજતી ગઈ. બીજી બાજુ સેન્સરશીપના મુદ્દે જ વડીલ અને સમકાલીન લેખકોને મળવાનું થયું, એમની 'સમજણ'- 'ગેરસમજ' પણ સમજાતી ગઈ. સ્થાપિત હિતો, સાહિત્યજગતમાં સ્થાપિતહિતો એટલે શું - તેની  સૂઝ પડતી ગઈ. કયાં સાંસ્કૃતિક પરિબળો આપણને ઘડે છે, તોડે છે, પાડે છે એ સમજાતું ગયું. તાકડે અનામત વિરોધી આંદોલન, એકધાર્યાં કોમી રમખાણો અને ચૂંટણી, ઈન્દિરા ગાંધીનું મૃત્યુ અને બદલાયેલી સામાજિક-રાજકીય-સાંસ્કૃતિક સ્થિતિનાં કારણો પણ હાથ લાગવા માંડ્યાં. ..... અને ત્યારે થયું કે ક્યાંક આપણી માટીમાં જ ખોટ છે ! જે સાંસ્કૃતિનાં ગાણાં આપણે ગાઇએ છીએ એના પાયામાં





કોઈક વિકૃતિ છે. ભૂતકાળ, ઈતિહાસ, પરંપરાઓ, પૂર્વજો - બધું જ બધું, હંમેશાં કંઈ માથે  ચડાવવા જેવું નથી હોતું ! એ પૂર્વજો પછી જન્મ નામે અકસ્માતના કારણે મળેલા શ્રેષ્ઠ કહેવાતી જ્ઞાતિના - જાતિના (Caste and Race) હોય કે પછી જે મૂલ્યો આ સમાજવ્યવસ્થાએ, શિક્ષણપ્રથાએ આપેલાં હોય.... ને કવિતા લખું છું એટલે જે પૂર્વજોએ કવિતાનો ક ઘૂંટાવ્યો હોય !... ક્યાંક કશું દિલને એવું વાગી ગયું હતું કે આ તમામ પૂર્વજો સામે પડકાર ફેંકવાની ઘડી આવી ગઇ હતી.

.... ને છેવટે આ ઘડી સામે ચાલીને આવી ! 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ઉપક્રમે "પાંચ દાયકા- પાંચ કવિ " શીર્ષક હેઠળ એક કવિ- સંમેલન ગોઠવાયું. આઠમા દાયકાની પ્રતિનિધિ તરીકે મને આમંત્રણ મળ્યું. મેં આ 'પૂર્વજોવાળી' રચનાનું પઠન કર્યું... અને બસ ! જે નજીકના પૂર્વજો હતા એમણે બહુ ચોક્કસ અને સુવ્યવસ્થિત રીતે બહિષ્કાર શરૂ કર્યો અને હું એમની 'નાતબહાર' મૂકાઈ ! જો કે મારે માટેય નરસૈયા જેવું જ થયું.... "ભલું થયું ભાંગી જંજાળ.....!"

# આવનારી પેઢીને આલબેલ ઊર્ફે મુજરિમ હાઝિર......

હું જાણું છું
તમારે મને ઘણુંઘણું સંભળાવવાનું છે.
મને અને મારા જેવા ઘણાંયને તે....
જો કે 'એ લોકો' વિશે ખાતરીપૂર્વક કંઈ જ ન કહી શકાય;
પણ મારા શબ્દો,
મારા વિચાર,
મારું કદીક વહેતું તો કદીક થીજેલું લોહી તો મારા જ હાથની વાત છે
દોસ્તો !
સમય પાકી ગયો છે; તમે મને ચાહ્ય તે કહી શકો છો.
આવનારી એક એક ક્ષણ
અદાલતના કઠેડાની ઠંડી-લીસ્સી થાંભલીઓ બનવાની છે, એ નક્કી !
અરે, આ તો જુઓ-
આ મારી પરસેવે રેબઝેબ હથેલીઓમાંથી એકેકી થાંભલી સરકવા માંડી...
કઠેડો ગાયબ
પાંજરું ગાયબ
અને અદાલત બનતી જાય છે એક કાળો, કપરો, લિસ્સો ઢાળ.
ઊભી છું એ ઢાળ ઉપર....
ના- ઢાળના એક છેડે
અને પેલ્લે છેડેથી આવી રહી છે તમારી વણઝાર
પીઠ પર પ્રશ્નોની પોઠ લાદી લાદીને.....
પગ નીચે ગરમ રેત છે,
માથે બળબળતો સૂરજ છે,
આગ ઝરતી આંખ છે,
ઉગામેલા હાથ છે,
સવાલ પૂછતી જબાન છે,
છે, છે, ને છે- સાડી સત્તરવાર છે !





મારી પાસે જે નહોતું તે તમારી પાસે છે, હશે ને રહેશે.
મને ખબર છે, તમે હવે મને પૂછશો- મારુ સાચું નામ.
સાચું નામ ?......
કેટલામે વર્ષે પામી હતી એ નામ ?
પણ જીભે લાવવાની નહોતી ચાલતી હામ.....
હજીયે વર્ષો સુધી, આ સવાલ સાંભળીને
મારા પગ થરથરશે.
હજીયે વર્ષો સુધી, જવાબ આપતાં પહેલાં
ચહેરા ને મહોરા વચ્ચે ફસાઈ ગયેલી મારી જીભ તરડાશે.
મારી જીભ, મારી જબાન
કેટલી મોડી ખૂલેલી એ જબાન ? !
પોતાના જમાનાનો તકાજોયે નહોતી સમજતી એ જબાન !
વર્ષો સુધી એ જે ભાષા બોલતી હતી તે ભાષા
નહોતી તમારી કે નહોતી મારી પોતાની !
મુઠ્ઠીભર મહાજનોની મેલી માનતામાં ઘખાવેલી મરચાંની ધૂણી હતી
ધૂણતી હતી-ધૂંધવાતી હતી-બબડતી હતી : બ્લા-બ્લા-બ્લા.
વર્ષો સુધી જાતે જ કૂંડાળું ચિતરીને
જાતની જ આસપાસ ગોળગોળ ફરતો હતો મારો પડછાયો.
મારાથી, મારા પોતાનાથી ઊતરડાયેલો ને ઊઝરડાયેલો મારો પડછાયો
એનાં તો હતાં મોં માથું હાથ પગ એકાકાર એકાકાર;
ગતિ-મતિ-રતિ બધું જ ચક્રાકાર.....ચક્રાકાર.
આજે અચાનક,
કંઈ કેટલાંય વર્ષો પછી
એક પગ માંડ માંડ નીકળી શક્યો છે પેલા કૂંડાળાની બહાર.
અને દોસ્તો......સમજાતો જાય છે સાર કે હવે કદાચ....
બહુ મોડું થઈ ગયું છે.
પૂછી પૂછીને પાણી પીવા રહી'તી એમાં સરોવર તો સૂકાઈ ચાલ્યાં
ને નર્યાં શબ્દાળુ શમણાં જોતી'તી એમાં આંખે તો
ચામાચીડિયાંના માળા બંધાઈ ચાલ્યાં.

હોંશે હોંશે જી હજૂરી કરતી'તી તે કરોડરજ્જુના મણકા તો
કાનખજૂરા થઈને ઓ ચાલ્યા, ઓ ચાલ્યા......
ને આ કવિતા તો બની ગઈ ખાલી કાનની કરામત.
છંદ, અલંકાર, સંધિ, સમાસ, શૈલી અને સ્વરૂપનાં
ડંડાબેડી, ટાટબેડી, આડીબેડી.....બધું....બધું જ ગૂંચવાતું ચાલ્યું
ને તોય લાગે છે કે મારા પોતાના જેવું તો સાવ ના જ થવાયું !
મને ખબર છે 'એ લોકો'
મને ગાળ દેશે પિતૃહત્યાની.
પણ મેં તો બધી નાડાછડીઓ તોડીફોડીને
વહેવડાવી દીધી છે ને આ વ્હેરાઈ ચૂકેલી સાબરમતીમાં....
હવે તો ઊભી છું બસ ! આમ....તમારી સામે.
મારી આવતી કાલની કવિતા
ભાંખોડિયા ભરતી, લથડતી, ફંફોસતી
જ્યારે તમારી પાસે આવે, ત્યારે
પકડવા દેજો તમારી શમણાંગુલાબી આંગળી-
નહિ તો પછી ચિંધવાની છૂટ છે.
એટલું મળતર પણ કરી લઈશ અંકે......
ને મારી આવતીકાલની કવિતા
મારી ગઈકાલની જંજીરોને તોડી શકે તો
રાહ જોતી રહીશ એ ક્ષણના વિસ્ફોટની.
આજે તો ઊભી છું બસ..... આમ- તમારી સામે
અદાલતમાં.

૧૯૮૩ થી ૧૯૯૦ દરમ્યાન

**રચના સંદર્ભ**

'પૂર્વજો'ના પઠન પછી એ કવિસંમેલનના સંચાલક અને મારા માનીતા પૂર્વજ શ્રી સિતાંશુ યશશ્ચન્દ્રે એક તીખો તિખારો ઝેરવેલો : ''સરૂપને ખબર હોવી જોઈએ કે એ પણ કોઈકની પૂર્વજ છે''..... અલબત્ત, મને બરોબર ખબર છે. અને એ આવનારી પેઢીને કહેવા માટે પણ મારી પાસે કશુંક જરૂર છે... એ પેઢી કવિઓની હોય, કલાકારોની હોય, રંગકર્મીઓની હોય કે કર્મશીલોની હોય; સૌને આલબેલ છે !





## કોણ ?.....કોને ?.....

ઊફ ! તરસ લાગી, વળ્યો ખોબો, નમાવી ડોક....
ત્યાં તો જળ ઉપર કંઈ લીલ પ્હેરેલા મળ્યા શબ્દો.
અડાડી આંગળી જ્યાં ખેસવું અંતર
અરે ! ત્યાં ભદ્દભૂરું બમસજડબમખમઅડીખમ શબ
સપાટી પર હડ્ડ્ડ્ તરતું થયું !
.....ને સાંજના ઓળા મને ઘેરી વળ્યા.
પછી તો ફેંટ પકડી, હચમચાવી, હલબલાવી
છેક ઉપ્પરથી મને તળિયા સુધી, ને પૂછવા લાગ્યું :
''કહે કવિ ! અહીં કોણ-કોને-મારતું-મરતું રહ્યું ?
કોણ માણસજાતને આ ઘોર રાતાચોળ બળબળતા
વહેતા લોહીમાં ઝબકોળતું, તરબોળતું, રગદોળતું, ફગોળતું ?
ને એ પછી જોજન સુધી, યુગ યુગ સુધી......કહે કહે કવિ !
અહીં કોણ-કોને મારતું-મરતું રહ્યું ?
કોઈ અહીં કંઈ ખોળતું'તું પથ્થરોનો મર્મ જ્યારે........
કોઈ અહીં કંઈ પૂછતું-પડકારતું'તું ચક્રનેમિક્રમને જ્યારે.....
કોઈ અહીં કંઈ શોધતું, સંશોધતું'તું આવ-જાનો
અર્થ જ્યારે....
-ત્યારે કહે કવિ ! અહીં કોણ-કોને-મારતું-મરતું રહ્યું ?
કોઈ જોતું'તું કસુંબલ ઊગતા પરભાતની એકીટશે અહીં
વાટ જ્યારે.....
કોઈ ઊભું'તું ધરી ખોબો ને ખુલ્લા હોઠ, ફરફર પાંખ
ચાતકવત્ ને ત્યારે...કહે કવિ ! કહે કહે કવિ ! .......
કોઈ અહીં પંપાળતું'તું ભોંય, ભાષા, ભ્રમ, ભરોસો
ભાંગતી રાતોનો જ્યારે....
કોઈ અહીં સંગોપતું'તું બીજ મઘમઘ બારમાસી
સ્વપ્ન જ્યારે....
કોઈ અહીં સંકોરતું'તું શગ, અહો ! ઝગમગ કંઈ
અજવાશ ચારે પાસ અવસરવાને ત્યારે-
કહે કવિ ! અહીં કોણ-કોને-મારતું-મરતું રહ્યું !

કોણ-કોને-મારતું-મરતું રહ્યું ? કોણ-કોને-મારતું-મરતું......"
ને કવિના હોઠ ખૂલ્યા, થરથર્યા, થંભી ગયા.
વિમાસે :
નહિ કહું
નહિ નહિ કહું
નહિ નહિ જ દઉં ઉત્તર અધૂરો.
આ હું જ તરસે શ્વાસ અદ્ધર લઈ ફરું છું,
આ......મ જોને, મોં વકાસી......
ત્યાં કઈ રીતે પૂરી કરું, પૃષ્ઠો ભરી, દોરી વિંટી,
પોથી કરીને બંધ - આવી વારતા ? !
આ જુઓ ને, જળ ગયાં ઊંડાં, અતિ ઊંડાં ને
તરડાતી કલમ.
હવડ ભૂખ્ખડ સાવ કોરીકટ સપાટી પર કશું ઊપસે નહિ;
ત્યાં ચિંઘવા કોને અને ત્યાં દંડવા; કોને ખબર ?
માપવા કેવી રીતે ને શાપવાની શી અસર ?
એક શબ માટે, કહો ભૈ ! કોણ ઊડાડે અરે, નિંદર ?
અને અંદર સમંદર સાત ટાઢાબોળને
લે....કોણ ખળભળતા કરી દે સામટા ?
તૂ હી બતા !......
આ તટ ઉપર છું,
સ્થિર છું; ને સ્વસ્થ છું
ત્યાં કોણ તોળે ? કોણ બોળે ? કોણ ખરડે હાથ-પગ ?
......ને કોણ પૂછે કેમ-બેમ ? !
જેમ છું ત્યાં હેમખેમ !
એટલેસ્તો.....
કવિ ચૂપ છે.





ને પછી કહેવાય છે કે
શબ કવિને કાંધ પર લઈને ફરે છે.... ને ફરે છે.....
......એમ બસ, ફરતું રહે છે.
પ્રશ્ન પણ કરતું રહે છે :
"કોણ-કોને ?......કોણ-કોને ?.....
કોણ-કોને ?.......કોણ-કોને ?......

જૂન-જુલાઈ, ૯૩

**રચના સંદર્ભ**

કવિઓ સાથે- મારા સમકાલીનો, પૂર્વજો, અનુજો... અને મારી પોતાની અંદર ધમપછાડા મારતા કવિજીવ સાથે મારે સતત તકરાર ચાલતી રહેતી હોય છે. સમાજમાં જેમ જેમ સાંસ્કૃતિક કટોકટીની ભીંસ વધતી જાય છે તેમ તેમ મારો એ સંઘર્ષ ઉગ્ર બનતો જાય છે. શું લખવું ? શા માટે લખવું ? કોને માટે લખવું ? કેવી રીતે લખવું ? - આ અને આવા અનેક સવાલોની પટ્ટાબાજી સતત ખેલાતી રહેતી હોય છે. આ રચનાઓ પણ આ જ દ્વન્દ્વયુદ્ધનું શબ્દરૂપ છે.

૧. કોણ- કોને ? ૨ હું : કવિ - છું તૈયાર ? અને ૩. જરા તો સોચો.

## હું : કવિ - છું તૈયાર ?

જોતજોતામાં
નગર કંકર, નગર પથ્થર, નગર ખંજર, નગર નશ્તર,
નગર ખંડર, નગર તણખો, નગર ભડકો, નગર ભડથું,
નગર......આમ નગર-નગર કરતી'તી ત્યાં તો
કોશ, કોદાળી, પાવડા, કાકડા, હાથબોમ્બ ને કલમ વિંઝતાં
ટોળેટોળાં તૂટી પડે છે
અને મારી કલમ અથડાય છે ઈતિહાસનાં અસ્થિપિંજરો ઉપર.
હૂ....હૂ......કરતો વાયરો જાણે
આળસ મરડીને ઊઠતો પ્રેતધ્વનિ.
ને ધમરોળાય છે સંસ્કૃતિના અડીખમ આધારસ્તંભો.
હયાતીની આછી આછી આસ્થાની આંખોમાં એ તો
ધૂળ ઝોકતો, ન્હોર ભોંકતો, લોહી ઓકતો ઘૂમી વળે છે.
ચારેકોર.
જોતજોતાંમાં ફોડી નંખાય છે દૃષ્ટિ અને રૂંધી નંખાય છે દિશાઓને
ઊતરડાય છે ચામડી ચર્ર્ર્ર્ર્ડ માણસજાતની.
જોતજોતાંમાં ઊગી જાય છે ન્હોર ને થોર માણસજાતને.
આ કાવતરાના સાક્ષી માત્ર બનીને જ મારે રહી જવાનું છે ? !
હું : કવિ.
મારાથી ખબરપત્રી થઈને રહેવાતું નથી
અને ભાટચારણ બનીને મારે જીવવું નથી.
કચકચાવીને કંઈક કહેવું છે મારે આ કાવતરા વિશે.
પણ એ માટે તો મારે મારી કલમને કાઢવી પડે
કૂવામાંથી બહાર.
કૂવો : બાપનો કૂવો
કૂવો : બાપદાદાનો કૂવો
કૂવો : અમારે-બૈરાંઓને-બૂડી મરવાનું એક માત્ર આશ્રયસ્થાન....
તો......કૂવો કહેતાં તે આ- ને એમાંથી કાઢવી હોય કલમ
તો......એમાં નાખવી પડે બિલાડી.





અને મને ખબર છે કે હંમેશ-હરહંમેશ
બિલાડીની પાછળ કાં તો તાલીમબદ્ધ ડાઘિયા
દોડાવાય છે ને કાં તો એના મોં આગળ મૂકી દેવાય છે
દૂધ ભરેલી તાસક.
ને પછી રાહ જોવાય છે કે ક્યારે મીનીબાઈ
ચપ્ચપ્ ચાટે ને ક્યારે મૂછે પોચો પોચો પંજો
પસવારે ને ક્યારે બોલે : "મ્યાઉ મ્યાઉ, આપ કહો તે ગાઉં ગાઉં"!
ને એટલે જ....
ના જોઈએ એ બિલાડી, એ કૂવો ને એ કલમ.
ને એટલે જ આ કાવતરા અંગે કંઈ પણ કહેવું હોય તો
મારે ઘડવી પડશે નવી નક્કોર કલમ -મારાં જ કાંડાંમાંથી.
મારે જાતે જ, મારા હાથને ઘસી-છોલી-સજાવીને
કરવો પડશે ધારદાર
હું : કવિ - તૈયાર ?

પણ રહો ! કવિ !
એમ માત્ર કાંડાં કે કલમ બદલવાથી કશું નહિ બદલાય.
માત્ર હાથબદલો કર્યા પછીયે
હૈયે વાગેલા ઘા રૂઝાયા જાણ્યા છે કયારેય ?
કચકચાવીને કંઈ કહેવું હોય તો હવાડો નહિ કે
કૂવો નહિ-કૂવા તળેની ઠેઠ ભોંયને બદલવી પડે.
ને એ ભોંયના ભોરિંગને
આ લોકો કહે છે.. વ્યવસ્થા.
આજકાલ જિંગલો ને ચેનલોમાં બોલતી બબડતી
પોસ્ટરો ને પ્લેકાર્ડોમાં ચોંટતી ઊખડતી
સરઘસો ને રેલીઓમાં બરાડતી ધમપછાડતી
શોભાયાત્રા ને અપના ઉત્સવોમાં છટકતી છાકતી
ચૂંટણીટાણે ચગડોળાવતી ને આંદોલનોમાં અથડાવતી
પોલિસચોકીઓમાં પિસતી ને છાપે ચડીને ચિસતી

ને અંતે લક્કાકાંડોમાં ઘૂંટડે ઘૂંટડે પિવાતી, આમૂલ
આંતરડાંસોતી ઓકાતી રેલાતી ગંધાતી
આ વ્યવસ્થાના ભોરિંગની દાઢ કાઢવાનું
કૌવત બતાવવા હું કવિ : છું તૈયાર ? !

કવિ !
આમ તો સાલી સદી એકવીસમીના
સારાયે તારા સિતારા બતાડી દેશે આ વ્યવસ્થા,
જોતજોતાંમાં.
એણે તો પર્વતોને પલટી દીધા છે સોનાની ને હીરાની ખાણોમાં.
નદીઓને નાથી દીધી છે થર્મલ પાવર કેન્દ્રોમાં ને
માલેતુજારોના મહેલોનાં મીટરબોક્સોમાં.
જંગલોને ફટોફટ કાપીને ગોઠવી દીધાં છે
ચપોચપ ખુરશીઓની હારમાળામાં.
સમુદ્રને સાચવીને મૂકી દીધો છે કલ્ચર્ડ મોતીના
કલરફૂલ જ્વેલ્વ બોકસોમાં.
બસ,
હવે આકાશને આંબવા જતી, પરમસિદ્ધિના ચરમ સમી
આ વ્યવસ્થા નામે લિફ્ટ
બહુમાળી બિલ્ડીંગના આખરી મજલેથી
હખડખ હચમચ હચમચી રહી છે
પણ આ લિફ્ટમાં તો હું છું !
છું અને એ જાળીદાર પાંજરામાંથી
જોઉં છું આરપાર
ને જોઉં છું કે મારે જ કરવાની છે કડડભૂસ
આ વ્યવસ્થા..... જેની અંદર હું છું
છું એટલે તો જોઉં છું
ને જોઉં છું એટલે તો લખું છું
અને એટલે જ તો પામું છું પ્રશ્નો પારાવાર.





પ્રશ્નો : વંકાયેલા વિંછીના ડંખ જેવા.
જાણું છું કે એને જીરવી જઈશ તોય એ કવિતા જ હશે
અને થૂંકી નાખીશ તોયે કવિતા જ તે !
જાણું છું, ઊર્ધ્વમૂલ છે આ પ્રશ્નો.
આવે છે ઉપરથી ઠેઠ
અને એને ફેલાવવું છે ઝેર, નીચે સુધી ઠેઠ.
આ જાણકારીના જાદુને
છડેચોક પર્દાફાશ કરવા
આજની તારીખમાં
હું : કવિ- છું તૈયાર ? !

સ્વ-અર્થપ્રેરિત મંત્રો
અને સ્વ-તંત્રસંચાલિત યંત્રોના બાર્બ્ડ વાયરથી
ઘેરાયેલી જ્ઞાનેન્દ્રિયોના યુગમાં
નરી આંખે જોવું અને નરવા સાદે કહેવું
એ પોતે જ એક કર્તવ્ય બની ગયું છે; કવિ !
થંભીને, થાંભલો થઈને ખોડાઈ રહેવાને બદલે,
પાળિયો બની જઈને પૂજાવાને બદલે,
ચાલવું, ચાલતાં રહેવું એ જ એક ધ્યેય છે, કવિ !
અને ચાલતાં ચાલતાં
પગ ન તૂટે ને દોર તૂટી જાય.....
પંથ ન ખૂટે ને શ્વાસ ખૂટી જાય એવોયે જમાનો આવશે
ને તોય ?
ને તોય, ને તેમ છતાં પણ
ચાલતાં રહેવા, જોતાં રહેવા, કહેતાં રહેવા, લખતાં રહેવા
હું : કવિ - છું તૈયાર ?

ડિસેમ્બર, ૯૩

**રચના સંદર્ભ**

છઠ્ઠી ડિસેમ્બર'૯૨એ બાબરી મસ્જિદ તૂટયા પછી શરૂ કરેલી તે ૬-૧૨-૯૩એ પૂરી કરી .

# જરા તો સોચો.....

મૂંગા હોત તો ઠીક, મારા ભૈ !
આ તો મંતર-મૂંગા છે.
બ્હેરા હોત તો સમજ્યા, મોટા !
આ તો મતલબ-બ્હેરા છે.
પેઢી દર પેઢીથી ચાલે....આવા બ્હેરા મૂંગાઓની જમાત ચાલે....કતાર ચાલે...
એકમેકની પાછળ પાછળ પગલાં સૂંઘે-માથાં મૂકે;
લાળ ટપકતી લુખ્ખી ભૂખ્ખી ઊધઈ જોઈ લ્યો !
આ ઊધઈ સાલી ! ખૂણા કોરે, અણીઓ કોરે;
મિજાજ એક મરણિયો કોરે;
ક્ષર-અક્ષરની ઉથ્થલ પાથ્થલ કોતરી
કચ્ચરઘાણ જ કાઢે !......
અરે ! આ 'ઘાણ' કહ્યું, ત્યાં ઘાણી આવી યાદ !
ઘાણી સાથે બૈલ ફરંતા
અગડં બગડં ચીલે ચીલે ગોળ ફરંતા
આ 'ફરતા' કહેતાં આંખોની અંધારી આવી યાદ !
પણ આંધળા હોત તો ધૂળ નાખી'તી....
આ અંધા તો ખંધા છે !
આ અંધી-ખંધી-બ્હેરી-મૂંગી, કાણાને કાણો ના કહેતી
જમાત વચ્ચે જીવતાં જીવતાં
કયાંક માંહ્યલો મારોયે તે અટવાયાના, ખોવાયાના સગડ મળે તો ?.....
તો ?....કયાં જઈ રહેવું ?
કયાં જઈ ઊભવું ?
કાંકરિયાનાં પાણી વચ્ચે પાનીયે તે મૂકવા જેવી જગા મળે નહિ !
કવિ ! કવિ !
આ બળદશાહીમાં, ઊધઈશાહીમાં
કલમ ડૂબાડી તરતાં પહેલાં
કોકનું વાવ્યું ચરતાં પહેલાં
ખવાઈ જઈને ખરતાં પહેલાં.....જરા તો સોચો !





આ અંધી-ખંધી-બ્હેરી-મૂંગી-કાણાને કાણો ના કહેતી
ના એ ભસતી, ના એ ડસતી
ફૂંકે નહિ ને કરડે નહિ
અને છતાંયે ખસતી ખસતી આગળ વધતી.....
માટીમાં મૂળિયાં નાખીને
માથામાં ભૂરકી થઈ ભમતી
મૂળસોતું એ આયખું ગ્રસતી જમાત વચ્ચે
હાથ, કલમને સદ્ધર સાબૂત રાખવાં હોય તો ?.....
તો....
આંગળી ચિંધો !
વિંધો !
ફાડી પર્દાફાશ કરોને .....
આ અડગ અડીખમ ભલે લાગતી ભીંતો...
આ ભીંતો કોચો !
ભીંતો કોચો !
કવિ ! હવે તો કુછ ના સોચો
ભીંતો કોચો !

ઑગસ્ટ, ૯૩

## સ્વ-રૂપ

જીવી જવાનું પ્રણ છું
અક્ષરનું અવતરણ છું

શબ્દોનાં દર્પણોમાં
હું મારું વિસ્તરણ છું

પાયો બનીને ઊભી
ઘરખમ છું, વ્યાકરણ છું

વિપ્લવ વહે રગોમાં
દૂઝું છું રોજ, વ્રણ છું

કેડી કહોને ક્યાં છે ?
મંઝિલભૂખ્યાં ચરણ છું

શોધું છું હું સ્વ-રૂપ
વિસ્ફોટની હું ક્ષણ છું.

મે, ૧૯૯૪

**રચના સંદર્ભ**

આ વિભાગની છેલ્લી રચના તરીકે એક ટૂંકી બહ્રની ગઝલ મૂકું છું. કૈંક જાત વિષેની ઝાંખી..કૈંક કર્તવ્યનો અણસાર અને કૈંક હજીય બાકી રહેલી શોધ.... કેડીની શોધની વાત મારે કહેવી છે ને કહેતાં રહેવી છે... એટલું જ.



## ડુંગરા ડોલ્યા છે

માતાઓ
દીકરીઓ
સહિયરો
અને હું

## પ્રભાતિયું

જાગતી મા અને સૃષ્ટિ આ જાગતી,
　　સૂરજદાદાય પછી આંખ ખોલે.....
ખૂલતી આંખડી, ખૂલતી પાંખડી,
　　ઝૂલતાં વૃક્ષની પાંખ ફરફરે.....જાગતી મા.

મા ઊઠી, જગ ઊઠ્યું; જડ ને ચેતન ઊઠ્યું;
　　અડકતાં હાથ અજવાશ ઝલમલે.
ઝળહળી ઓસરી, ઝળહળ્યું આંગણું,
　　હળુ હળુ પગરવે સકળ ઝળહળે.......જાગતી મા.

ઘરરર ઘંટી ફરે, હલક મીઠી સરે,
　　માતની મૂઠ્ઠીથી સમય સંચરે;
હાથ પસવારતાં રણકતી ગાવડી,
　　દૂધની શેડય્ ત્યાં છલ્છલ્ છલે.....જાગતી મા.

માવડી, ગાવડી, દૂધની તાંબડી,
　　જગત ખોબો ધરી મીટ માંડે;
પળ સરી, દિન સર્યા, કૈંક જળ વહી ગયાં
　　યુગ્ યુગે વાયકા રોજ જાગે.....જાગતી મા.

### રચના સંદર્ભ

આપણાં ગ્રામવિસ્તારની એક સ્ત્રી, વહેલી પરોઢથી એનો દિવસ શરૂ કરે ને મોડી રાતે એનો દા'ડો પૂરો થાય, એ દરમ્યાન એ કેટકેટલાં કામ કરે છે ! એનાં હૈયામાં કેવા ભાવ ઊઠે છે !... ધારો કે ચૌદ-પંદર વરસની દીકરી પોતાની આ માને જોતી હોય તો કેવા ભાવ અનુભવે એ ક્લ્પનાથી આ આઠ ગીતો રચાયાં. સૅન્ટ ઝેવિયર્સમાં ચાલતી 'જાગ્રત' પ્રાયોજના અંતર્ગત એની ઑડિયોકૅસેટ તૈયાર કરવામાં આવી. આ આઠે ગીતો માત્ર એના શબ્દ દેહે અહીં મૂકું છું.

## ચકરડી ભમરડી

ચકરડી ભમરડી સમી ઘૂમી વળે મારી મા !
નાની સરખી, નાજુક સરખી, તોય તે ઘમઘમતી મા !... ચકરડી.

પગલીમાં કંકુ ઝરે, હથેળીમાં મોતી
આંખ એની ચારે કોરે ઝીણેરું કૈં જોતી
રૂડું ને રઢિયાળું એ તો કાઢે ગોતી ગોતી
ઓરડે ને આંગણે કેવી રુમઝુમતી મા ! ........ચકરડી.

આંગળીમાં ઓકળી ને નખે ઝગે ચાટલાં
ગાર કરે, ભાત પાડે, માથે જડે આભલાં
ચોકે વરસે વાદળી ને ભીંતે ટહુકે મોરલા
ઘરને ખૂણે ખાંચરે જોઉં મલકંતી મા !.......ચકરડી.

ભાઈને પંપાળતી ને બાપુને ઢંઢોળતી
વીજને ઝબકારે સૌને ચેતતી, સંકોરતી
એનો ચૂલો અખેપાતર, સૌને એ સંતોષતી
અન્નપૂર્ણા સમી ઠારી આંખ હરખંતી મા !.......ચકરડી.

સાદ કરે ત્યાં ફળિયું ગાજે, ભેગી મળે સૈયરો
એક, બે, ને ત્રણ મૂકે બેડાં માથે, કેડે ઘડો
પગલે ગરજે મે'વલો ને હૈડે હલકે ડુંગરો
ઊભી વાટે, પાણીઘાટે જાતી મલપંતી મા! ચકરડી.





## પાણી

નથી સોનલા ઈંઢોણી, નથી રૂપલાનું બેડું
માને માટીની મટુકી લઈને પાણી ભરવું વ્હેલું......

નથી જમનાનો પટ, નથી નટખટ, ના પનઘટ
માને ગાઉ ગાઉ ચાલી ચાલી, પાણી ભરવું વ્હેલું......

નથી કાનુડાનું ગાણું, નથી વનરાવનની વેણુ
માને જાતને સંભાળી, ભાળી પાણી ભરવું વ્હેલું

નથી કૂવામાં કૈં પાણી, પેલી નદિયો સૂકાણી
દૂર દૂર રે સરવાણી, તોયે પાણી ભરવું વ્હેલું.....

ટીપું છોરાં માટે લેવું, કળશ્યો ઢોરાં માટે લેવું
કાંક ન્હાવાધોવા જેવું, માને પાણી ભરવું વ્હેલું.......

કદી મે'વલો રિસાય, કદી રાજકદૈવક થાય
કદી જાત-ઘરમની લ્હાય, તોયે પાણી ભરવું વ્હેલું......

પાણી ન્હેરોમાં પૂરાય, પાણી શ્હેરોમાં વહી જાય
પાણી ઝબ્બક વીજળી થાય, તોયે માને ભરવું વ્હેલું.......

## કૂવાકાંઠે

બે સહિયરો વચ્ચે વાતચીત

બંને- અડાબીડ આંબલિયાની ડાળ, બેની મારી !
કોણે વેડી ? કોણે બાંધી પાળ ?.....

એક- કૂવાકાંઠે બળતા બપ્પોર, બેની મારી !
મૈયરિયાનું સોંણું શીળો પ્હોર....

બીજી- કૂવાકાંઠો દેતો મુંને સાદ, બેની મારી !
જળની સાખે કરવી'તી ફરિયાદ.....

એક- બાળપણું તો લીલી ઘેરી ઝાંય, બેની મારી !
બાપુ વડલો વેઠે ઊના તાપ......

એક- પીપળાને પાયે વિંટયા દોર, બેની મારી !
સૈયરું સંગે રમતાં આઠે પ્હોર.....

બીજી- પીપળાને પાયે માગી આશ, બેની મારી !
દેજો દીકરો-નાખે કાગવાશ.......

એક- દીકરી તો લખમી કે'વાય, બેની મારી !
એનાં પગલે ફૂલડાં વેરાય......

બીજી- કોણ મૂકે પિંડ ને તારે કોણ, બેની મારી -
દીકરા વણ દિ' ઊજાળે કોણ ?........

એક- આંગણ મારે ચંબેલીની વેલ, બેની મારી -
રૂમઝુમતી આવે લેવા વ્હેલ......

બીજી- આંગણ મેં તો લીંપી ગૂંપીને રાખ્યું, બેની મારી !
રાંદલમાયે તોયે દુઃખ ના કાપ્યું.......





એક- લીલુડા જ્વારે દીધા કોલ, બેની મારી !
વ્હાલમ મારો સોનચંપાનો છોડ.......

બીજી- કાચા રે સૂતર શો આ સંસાર, બેની મારી !
પરણ્યો લાવશે શોકયને કાલે સવાર......

એક- સોણું મારું આછું આછું થાય, બેની મારી !
મૈયર મારું આઘું આઘું જાય.....

બીજી- રાશ જો ને હાથેથી સરી જાય, બેની મારી !
જળ જાણે ઊંડાં ઊંડાં જાય.......

# અંનદાતા

બાપુ- જમીન મારી ને મારો પરસેવો રે લોલ
હું કે'વાઉં જગત કેરો તાત જો,
કે ખેડૂ ધરતીનો ધણી સાબદો રે લોલ.

હું રે ખેડું ને હું જ વાવતો રે લોલ,
પાળા વાળી મેં જ સિંચ્યાં નીર જો,
કે ખેડૂ ધરતીનો ધણી સાબદો રે લોલ

દીકરી- બાપુ ! ભલે જગતને જમાડતા રે લોલ,
કેમ ભૂલ્યા, સાથે મારી માત જો,
કે માતા અંનદાતા હતી પ્હેલવ્હેલી લોલ

ધારણ કરીને ધન્ય કીધલાં રે લોલ,
ધરતી માતા- માતા, ધરતી થાય જો,
કે માતા અંનદાતા હતી પ્હેલવ્હેલી લોલ.

ધરતી તો ધાન દઈ ચૂપ રહે રે લોલ,
માને કરવા સૌના સરખા ભાગ જો,
કે માતા અંનદાતા હતી પ્હેલવ્હેલી લોલ.

બટકું વ્હેંચે ને કટકું સાચવે રે લોલ,
ઉબરેથી ભૂખ્યું કોઈ ન જાય જો,
કે માતા અંનદાતા હતી પ્હેલવ્હેલી લોલ.

બાપુની ભીડ માડી ભાંગતી રે લોલ,
વળતર નહિ, ન એનો ભાગ જો,
કે માતા અંનદાતા હતી પ્હેલવ્હેલી લોલ





માડી ! તને હું એમ પૂછતી રે લોલ,
આવો અન્યા' શાને સહ્યો જાય જો,
કે તું તો અંનદાતા હતી પ્હેલવ્હેલી લોલ (૨)

મા- શાને ફરિયાદ કરે આવડી રે લોલ,
દીકરી મારી ! સાંભળ જરા સાર જો,
કે સદીઓથી આ જ રીત ચાલતી રે લોલ

આગળ ભરથાર, પૂંઠે ભામિની રે લોલ
પડછાયા-શો આપણો અવતાર જો,
કે સદીઓથી આ જ રસમ ચાલતી રે લોલ.

ઊફરા ચાલ્યે તો મારગ ભૂલિયે રે લોલ,
ચીલે ચીલે ગાડાં ચાલ્યાં જાય જો,
કે સદીઓથી આ જ રીત ચાલતી રે લોલ.

કોરી ધાકોર પાંપણ પૂછતી રે લોલ,
આંખમાં જો, અરથ શો વંચાય જો ?
કે સદીઓથી આ જ રસમ ચાલતી રે લોલ.

## અરથ

દર્પણમાં જોયું તો ચ્હેરો દેખાય નહિ, મ્હોરાં પર મ્હોરાંનો ભાર,
મારે લ્યો, પૂછવું છે જાતને જ મારી કે આ તે શો મારો અવતાર ?

કુમકુમ ઘોળીને મેં તો માગ્યું હેવાતન, ને સેંથી પૂરીને સુખ જાચ્યું,
કાજળની કોરથી આળેખ્યા ઓરતા, ને ઘુમટો ઢાંકીને મંન રાચ્યું

કીડિયાંના દોરે મેં તો બાંધ્યું'તું આયખાને, ચૂડીને ચિત્ત મારું સોંપ્યું
નાકની તે નથ કીધી નેકીલી- ટેકીલી, ગજરે ગુમાન મેં તો રોપ્યું

પગલાં પૂર્યાં'તાં મેં તો ઝાંઝરની જાળમાં ને દશે આંગળીએ વેઢ શોભે,
હાથ હવે ફંફોસે માંહ્યલામાં માંહ્યલો, ને પાણી પોક્યાં છે ઠેઠ મોભે.

છેદી'તી નાથવાને કૂણેરી કાય; હવે ખેસવું શેં ફોગટ આધાર ?
જાતને જાવા દીધી પાણીના મૂલે મેં માંગી ભવભવનો ભરથાર !

કઠપૂતળી જેમ દોર સોંપી દીધા મેં તો, એકલાં પડી જવાની બીકે;
મન ફાવે શણગારે, મનફાવે ધૂતકારે, મન ફાવે પ્રેમ કરે-પિંખે !

મારી આ કાય કોની ? મારી ?.....કે એની ?....કે સોનારૂપાનું હવડ ગામ ?
પામવો અરથ મારે અસ્ત્રીની જાતનો; ઊંચું તાક્યાની મુંને હામ.





## મન થાતું મને પૂછવાનું

દીકરી- ઢાંકોઢૂમો કરી, કમાડ વાસી
ફાનસની ઝીણી વાટ સંકોરી
પાંગથે મેલી ઓઢણી, એની
લંબાતી કાયને રોજ હું જોતી.

થરથર ભીંતો, ડગમગ છાયા
હાંફતી છાતી, થાકતી કાયા
તોય હજી છે કામ અધૂરાં
દહાડો ખૂટયો અને ખૂટી ગૈ વેળા
મનમાં વિમાસે પડી પડી એ :
કયારે થશે ? કયારે થાશે એ પૂરાં ?......

જોઉં છું એને આમ જ રહેતી; હસતી-રોતી-વેઠતી-જીવતી.
બાથ ભરીને, હાથ ભરીને, ઘરની માયા ઘૂંટડે પીતી....

કયારેક થાતું એમ, કે એની કદર કોઈ ના જાણે;
કોઈ ન પૂછે -કેમ છે- એનું મંન કોઈ ના પામે !

કોઈ ન પાડે તાલી, એને કોઈ ન હૈડે ચાંપે;
નથી કોઈ સરપાવ કે એને ઈનામ કોઈ ના આપે !

પારણાં-દોરી એણે હિંચોળી, શીખવી એણે પરથમ બોલી;
નથી ગઈ નિશાળ કદી તોયે, એણે ભણાવી જીવન પોથી !

એ શું સમજે ? એ શું જાણે ? એને ના કોઈ વખાણે;
તોયે હસતાં હસતાં આખ્ખા ઘરનો ઢસરડો એ તાણે !

પૂછતું એને કોઈ ન પહેલાં, સૌ કોઈ એને ચીંધે;
'ઠીક છે, એ તો એ જ કરે ને'- કહીને કાળજું વીંધે !

વેળા-કવેળા ખડે પગે એ ઊભી ઘરની ઓથે;
એનાથી તો ખોરડું ઊભું, નહિ કબૂલે એ પોતે !

ઘરમાં એનો એકડો નથી, બાકીનાં છોને મીંડાં !
એના ઉના ઉના નિસાસે, પડજો ભીંતમાં છીંડાં !!!

મન થાતું મને પૂછવાનું કે : શાને તારા આ હાલ ?
વાંક બાપુનો કે પાપ આ કોનાં ? તારે માથે પસ્તાળ ?!

વણપૂછયે એણે પારખી લીધું
દીકરી કેરું મંન..
કેમ નહિ ?- હું તો એની જ માટી
એનું જ તન-ઉત્પન્ન !

હળવેથી મને સોડમાં ખેંચી,
બચ્ચી ભરી, મીટ માંડી;
અમીભર્યા હાથ માથે પંપાળતી
વારતા નવતર માંડી....એણે વારતા નવતર માંડી.





# વારતા

મા- વારતા મારા હાથની માંડું; થાતું દલમાં એમ....
ડાબો-જમણો બેય તે મારા - ભેદ બે વચ્ચે કેમ ?

ડાબો પૂછે જમણાને : ઠીક આવ્યો લાગમાં આજ;
સાચ્ચેસાચ્ચું કહે્જે- ઘરમાં કોણ ચલાવે રાજ ?

આમ જુઓ તો જમણા જેવું અસ્રી કરતી કામ;
તોય તે જગમાં જમણે હાથે સ્હોય મરદનું નામ.

જમણો પૂજે, જમણો ખાતો, જમણો લેતો લ્હાવ;
ડાબો છેટો, ડાબો હેઠો, ડાબો ઝીલતો ઘાવ.

ડાબો વાણો, જમણો તાણો, તરછટ પોત વણાય;
ડાબો ઝાલે, જમણો વાઢે; મબલખ મોલ લણાય.

ડાબો પકડે પાટી, જમણો માંડે અક્ષર સાચા;
ડાબો મેલે ઈંટ તો જમણો ચણે ખોરડાં ઊંચાં.

દીકરી મારી ! હૈડે ધરજે એક અમૂલી વાત;
જોયેં બન્ને હાથ- રોટલા ઘડવા દિ' ને રાત.

રાજ ન જોયેં, પાટ ન જોયેં; જોયેં છે સંગાથ,
રૂડાંરૂપાળાં કામ જ થાશે; હોય હાથ બે સાથ.

તાલી પડે બેઉ હાથથી, તાલે તાલે મસ્તી રેલાય;
હોયં જો બંને સાથ તો જીવનગીત મધુરાં ગવાય.

૮ માર્ચ, ૧૯૯૪

## સપનામાં

એક દિ' સપનામાં મેં તો લીલુડા ડુંગર દીઠા જો !
ખળખળતી નદિયું રે, સાહેલી ! મારા સપનામાં.....
સાસરિયે મેલ્યો પાય ને ડુંગર ડોલ્યા જો !
ભડભડ લાગી લ્હાય રે, સાહેલી ! મારા સપનામાં.

ભોળી પારેવડીને પીંખે શકરો બાજ જો,
વહુવારુ લાચાર કે સસરે લૂંટી લાજ જો !
પરણ્યો બન્યો છે પારકો, ને કાપ્યું નાક જો
ટળવળતી નહીં રહું રે, સાહેલી ! હવે સાસરામાં.....

આંખ છતે તોય આંધળી પુરુષજાત જો,
બાપને છાવરે બેટો ને ઢાંકે લાજ જો !
ગામ રે ગજવીને હુંયે કાપું બેઉનું નાક જો !
જીવતેજીવ નહીં જઉં રે, સાહેલી ! હવે સાસરામાં.......

ચોરે કીધું ને મેં તો ચૌટે નાખી રાડ જો,
કોરટે કીધી ફરિયાદ ને ગજવ્યા પ્હાડ જો !
અસ્ત્રીની જાત હવે રહેશે નહિ નિરાધાર જો !
આવો અન્યાય નહીં સહું રે, સાહેલી ! હવે સાસરામાં....

જુલાઇ, ૮૬

### રચના સંદર્ભ

'૮૪-'૮૫-'૮૬માં ISRO ના KSP કાર્યક્રમો અંતર્ગત મહિલાઓ અને ન્યાયતંત્ર વિશે એક શ્રેણી આવેલી - 'ન્યાય-અન્યાય'. તેના નિર્માણ બહેન દિનાઝ કલવાચવાલા ઉપર એક પત્ર આવ્યો, જેમાં ઈડર વિસ્તારમાં એક શ્રમજીવી યુવતી મંજુલા ઉપર એના સસરાએ અત્યાચાર કર્યા પછી, એના પતિ અને સાસુએ મંજુલાનું નાક કાપીને એને કાઢી મૂકેલી એનું બયાન હતું. 'ન્યાય-અન્યાય' ની નિર્માતા-ટુકડી ઇડર પાસે આવેલા વેરાબર ગામે પહોંચી ગઈ. મંજુલાના કેસની તપાસ આદરી, એને અદાલતમાં ન્યાય મળે એવી તજવીજ કરી, મંજુલાને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં પ્લાસ્ટિક





સર્જરી કરાવી. મંજુલાના પિતાનું ક્યારનુંય અવસાન થયેલું- એની સાથે એની વિધવા મા જ હતી, જેણે આખી ઘટનામાં ખાસ્સી ટક્કર ઝિલી હતી. ISRO ના કાર્યક્રમોમાં આ સફળતાના દસ્તાવેજ તરીકે 'ડુંગરા ડોલ્યા છે' નામે દસ્તાવેજી કાર્યક્રમ તૈયાર થયો, નિર્માણ ટુકડીમાં ગીતકાર તરીકે પહેલથી તે છેવટ સુધી સાથે રહેવાની મને તક મળી હતી. એ TV કાર્યક્રમમાં આ બે ગીતો મૂકેલાં. પહેલું ગીત મંજુલાની વેદનાની વાસ્તવિક વાત કરે છે અને બીજું ગીત, અંતે મંજુલાએ સર કરેલા સંઘર્ષનું વિજયગાન છે, જે ત્યાર પછી તો ઘણી મહિલા-શિબિરોમાં અને મીટીંગોમાં ઉલટભેર ગવાતું રહ્યું છે.

## ડુંગરા ડોલ્યા છે

(હો મોરલી ચાં વાજે છે-નો ઢાળ)

અમે ઈડરિયો,
હાં હાં ઈડરિયો, ઓહો ઈડરિયો ગઢ જીતશું રે,
હે કે ડુંગરા ડોલ્યા છે !
અમે મારગડો
હાં હાં મારગડો, ઓહો મારગ શોધી લેશું રે,
હે કે ડુંગરા ડોલ્યા છે !
ભલે ઊંચા ડુંગર
ભલે કંકર પથ્થર
અમે કેડીઓ, હાં હાં કેડીઓ, ઓહો કેડીઓ કોતરશું રે,
હે કે ડુંગરા ડોલ્યા છે !
અમે જલતી ચિંગારી
ભલે ઘાંટી અંધારી
અમે સુરંગ રે, હાં હાં સુરંગ રે, ઓહો સુરંગ ચાંપી દેશું રે,
હે કે ડુંગર ડોલ્યા છે !
અમે રસ્તો અમારો
અમે દીવડો અમારો
અમે છાંયો અમારો, ઓહો છાંયો અમારો ઉછેરશું રે,
હે કે ડુંગરા ડોલ્યા છે !
અમે જાતે ઝૂઝીશું
અમે પંડે લડીશું
અમે જીવતર રે ! હાં હાં જીવતર રે ! ઓહો જીવતર
હોમી દેશું રે, હે કે ડુંગરા ડોલ્યા છે !
અમે પથ્થર ફોડીને ફૂલ ફોરમશું
અમે પરસેવો સિંચી વેલ વાવલશું
અમે રગત રેડીને રંગ રેલવશું
હે કે ડુંગરા ડોલ્યા છે !
ચલો ઊઠો ને બેનો ! હવે જાગો ને બેનો
. હવે નવો સૂરજ, હાં હાં નવો સૂરજ, ઓહો
નવો સૂરજ પેટવશું રે....હે કે ડુંગરા ડોલ્યા છે !





## હમ સબ બહનેં

લૂટતીં, જલતીં, કટતીં, મરતીં- હમ સબ બહનેં કહતીં હૈં
હાં હાં બહનેં કહતીં હૈ - હો હો બહનેં કહતીં હૈં :
સબકી મુશ્કિલ એક હૈ
ઔર સબકી હાલત એક હૈ
એક હી ગમકો ઝેલતી હૈં, સબ એક હી હાલમેં રહતીં હૈં
હમ સબ બહનેં સાથ મિલેંગીં
કૌમવાદકો ટાલેંગીં
ખત્તમ કરકે છોડેંગીં.

ગલી ગલીસે આયેંગીં હમ હર નુક્કડસે આયેંગીં
ગાંવ ગાંવસે આયેંગીં, હમ શહર શહર સે આયેંગીં ....હમ સબ બહનેં.

અસલી દુશ્મન પકડેંગી હમ અસલ બાતકો સમઝેંગીં
જાગેંગીં, જગાયેંગીં ઔર સબકો યે સમઝાયેંગીં.....હમ સબ બહનેં.

અપનેપે ભરોસા હૈ તો દૂજેકો ભી ચાહેંગીં
નફરતકો ના પાલેંગી, હમ પ્યાર કે ફૂલ ખિલાયેંગીં......હમ સબ બહનેં.

જાત-ધરમકે ઝઘડે છોડ, મેહનતકા ગાના ગાયેંગીં
ઝૂટકા ભાંડા તોડ-ફોડકે દુનિયા નયી બનાયેંગીં.....હમ સબ બહનેં.

ઈઝ્ઝત ના ગંવાયેંગીં, અબ ઈસ્મત ના ગંવાયેંગીં
સીના તાનકે જીયેંગીં હમ, હક્કકી રોટી ખાયેંગીં
હમ સબ બહનેં સાથ મિલેંગીં
કૌમવાદકો ટાલેંગીં
કૌમવાદકો મારેંગીં
ખત્તમ કરકે છોડેંગીં.

એપ્રિલ, ૧૯૯૩

### રચના સંદર્ભ

છઠ્ઠી ડિસેમ્બર - '૯૨, બાબરી મસ્જિદ તૂટયા પછી આખા દેશમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં. અમદાવાદના શ્રમજીવી વિસ્તારોમાં જ્યાં આજ પહેલાં બન્ને કોમો વચ્ચે સંપ હતો ત્યાં પણ કરપીણ હત્યાઓ થઈ. સ્ત્રીઓ પર બળાત્કાર થયા. સુરતમાં તો આડો આંક વળી ગયો. અમદાવાદમાં હિન્દુ-મુસ્લિમ શ્રમજીવી બહેનો સાથે કામ કરતી 'સંચેતના' સસ્થામાં હિરેન ગાંધી અને મેં એક નાટ્ય શિબિરનું સંચાલન કર્યું. શેરીનાટકની આખી પ્રક્રિયા દરમિયાન બન્ને કોમોની બહેનો વચ્ચેની તંગદિલી ઘટતી ગઈ અને અંતે, આંબેડકર જ્યંતિના દિવસે અમદાવાદના ચોકમાં આ શેરી નાટક બહેનોએ રજુ કર્યું : "હર બાર કિસીભી દંગેમેં હમ ઔરત હી બેઈઝઝત કયોં ?" પ્રસ્તુત નાટકના અંતે આ ગીત ગવાયું ને પછી તો વારંવાર, ઠેરઠેર ગવાયું.





# એક નવો અધ્યાય

અમે જાગીએ, અમે માગીએ;
કયાં છે સાચો ન્યાય ?
ગયા જમાના અબળાના એ
સમય હવે બદલાય
  -હવે ન સ્હેશું આ અન્યાય !
બંધન આપ્યાં, બેડી આપી;
આપ્યાં વચનો મીઠાં,
પડછાયાની પદવી આપી,
શમણાં સઘળાં જૂઠાં;
તમે બનાવી સીતા-રાધા,
તમે રચી સાવિત્રી !
કઠપૂતળીની જેમ નચાવી,
મન ફાવે તે ચિતરી !
ધરતીમાતા કહી ઘમરોળી
હવે સહન નહિ થાય !
ગયા જમાના અબળાના એ
સમય હવે બદલાય
  -હવે ન સ્હેશું આ અન્યાય !
તમે જલાવી એ ના બોલી !
ધુત્કારી પણ જીભ ન ખોલી !
જે કાયાએ જન્મ દીધો' તો
એને વિંખી-પીંખી-
હાં-હાં-તમે લગાવી બોલી !
ન્યાય તણી ઓ દેવી !
છો ને આંખે બાંધે પાટા;
હાથ ત્રાજવું રાખ્યું છે તો
ન્યાય હવે દે તોળી !
આજ ખૂલી છે આંખ અમારી;
અર્થ હવે સમજાય !

ગયા જમાના અબળાના એ,
સમય હવે બદલાય
-હવે ન સ્હેશું આ અન્યાય
હવે ન કહેશો દેવી અમને
હવે ન કહેશો દાસી !
સભાન થઈને, સ્વામાન સાથે
જીવવાને અભિલાષી
હવે માગવી ભીખ કદી ના
પાલવ નહિ પથરાય !
ગયા જમાના અબળાના એ
સમય હવે બદલાય
-હવે ન સ્હેશું આ અન્યાય !
પ્રશ્ન બનીને અમે ઉઠશું,
હક્ક બનીને અમે ઝૂઝશું,
જવાબ આપો-અમે પૂછશું;
હિસાબ આપો-અમે માગશું !
અમે અમારી વ્યથાકથા
સૌ હાથ અમારે લખશું;
કંઠ અમારા ખૂલ્યા ખૂલશે;
મૂંગા નહિ રહેવાય !
દૂર ગગનમાં લાલ કસુંબલ
ઉજાસ જો દેખાય.....
આવો સાથ મળીને રચીએ
એક નવો અધ્યાય....

મે, ૧૯૮૪

**રચના સંદર્ભ**

-ટી. વી. શ્રેણી 'ન્યાય-અન્યાય' જે સ્ત્રીઓને અસરકર્તા કાયદાઓ અને તેનીઅધૂરપો વિશે માહિતી આપતી હતી તેના 'શીર્ષક-ગીત' તરીકે આ ગીતની રચના થવા પામી.





# સરખી સાહેલી

સરખી સાહેલી અમે સાથ સાથ ઘૂમશું
શેરીમાં સાદ કહીશું રે લોલ
કેટલા જમાનાથી વેઠી છે વેદના
આવડો જુલમ નહીં સહીશું રે લોલ..... સરખી.

ઘરખૂણે કેદ કર્યા, ઘરકૂકડી નામ દીધાં
નીકળ્યાં જો બહાર ત્યારે પળપળ બદનામ કીધાં
એવા અપમાન નહીં પીશું રે લોલ.......સરખી.

કુળની મર્યાદા ને, ધર્મોની જાળમાં
રુઢિ રિવાજ અને ઘરની જંજાળમાં
કેટલા દિવસ હવે રહીશું રે લોલ...... સરખી

આપણાં દુઃખોને હવે આપણે જ ફેડવાં
ટક્કર ઝીલવી છે હવે આંસુ ના રેડવાં
વજ્જર હૈયાનાં અમે થઈશું રે લોલ..... સરખી.

સાથે મળી ને અમે શમણાં ઉછેરશું
સદીઓ પુરાણાં આ બંધનને તોડશું
ખળખળતી નદીઓ થઈ વહીશું રે લોલ....સરખી

૧૯૮૫

**રચના સંદર્ભ**

'ન્યાય-અન્યાય'ના શીર્ષકગીત પછી બહેનો માટે ગીતો લખાવવા 'અવાજ' અને અન્ય સંસ્થાઓએ પણ માંગ કરી. હું સંસ્થાઓના પરિચયમાં આવતી ગઈ. બહેનોના પ્રશ્નો સાથે સંડોવાતી ગઇ અને ગીતો લખાતાં ગયાં. આ ગીત વડોદરાની 'સહિયર' સંસ્થાએ 'સંસ્થાગીત' તરીકે અપનાવ્યું અને રમતું રાખ્યું. એ અને એની સાથે મૂકેલાં ગીતો/ગરબા એજ પ્રયાસો અને સંડોવણીની ફલશ્રુતિ છે. ગામેગામને રાષ્ટ્રિયસ્તરે ભરાતાં મહેલા સંમેલનોમાં ગવાતાં આ ગીતોમાં બહેનો સ્વેચ્છાએ ઉમેરા-વધારા કરતી રહે છે એ મારે માટે ઉત્સાહજનક ઘટના બનતી રહી છે.

## ૮મી માર્ચનો ગરબો

(છલકાતું આવે બેડલું-એ રાગ)

દર વરસે આવે આઠમી,
દર વરસે કરવી વાત જો-મારી સાહેલી, સૌ સાંભળજો !
આ વરસે આવી આઠમી,
નવતર પાડીશું ભાત જો-મારી સાહેલી, સૌ સાંભળજો !
દૂધપીતી થાતી'તી પ્હેલાં,
હવે ગર્ભ તણો છે ઘાત જો- મારી સાહેલી, સૌ સાંભળજો !
'પથરો'ને 'સાપ તણો ભારો'
એમ સમજે મા ને બાપ જો- મારી સાહેલી, સૌ સાંભળજો !
ભણતર-ગણતર બસ, નામનું
મને રાખી છે પછાત જો- મારી સાહેલી, સૌ સાંભળજો !
મને શીખવી ત્યાગ તણી વાતો,
મારી હણી લીધી તાકાત જો-મારી સાહેલી, સૌ સાંભળજો !
મને ઘેટાં-ચાલ ચલાવી બહુ,
કંઈ સાંકળ નાખી સાત જો-મારી સાહેલી, સૌ સાંભળજો !
બચપણમાં બાપ તણો ડર છે,
પછી ખાઉં ધણીની લાત જો-મારી સાહેલી, સૌ સાંભળજો !
ઘડપણમાં દીકરાનાં ઠેબાં
મારે જીવનભર આઘાત જો- મારી સાહેલી, સૌ સાંભળજો !
મને 'દેવી' કહીને ધૂત્કારી,
સળગાવી કહીને 'માત' જો- મારી સાહેલી, સૌ સાંભળજો !
જો સ્હેજ ચીલો ચાતરિયો તો,
બસ, લોક કરે પંચાત જો- મારી સાહેલી, સૌ સાંભળજો !
કંઈ રોજ સૂણું મ્હેણાં-ટોણાં,
"અજવાળી તોયે રાત" જો- મારી સાહેલી, સૌ સાંભળજો !
મારી ગણતરી ના થાય કદી-
જો થાય તો શું શું થાય-જો-મારી સાહેલી, સૌ સાંભળજો !
મુજ શ્રદ્ધા, શક્તિ, હિંમતથી
દુનિયા કેવી બદલાય જો-મારી સહેલી, સૌ સાંભળજો !

૧૯૮૬





## અચકો મચકો કારેલી

જૂથ-૧ (સવાલ) -તમે કિયાં મલકનાં રહેવાસી ? - અચકો મચકો કારેલી
જૂથ-૨ (જવાબ) -અમે આ જ મલકનાં રહેવાસી - અચકો મચકો કારેલી ,

સવાલ- તમે શા માટે અહીં આવ્યાં જી ?- અચકો.
જવાબ- અમે નવો સંદેશો લાવ્યાં જી - અચકો.

સવાલ- તમે કયાં કરશો ઉતારા જી ? - અચકો.
જવાબ- અમે ઘર-ઘરમાં વસનારાં જી - અચકો.

સવાલ- તમે નાવણ કરશો શાં શાં જી ?- અચકો.
જવાબ-અમે હૈયાં કરશું ઉજળાં જી !- અચકો.

સવાલ- તમે ભોજન કરશો શાં શાં જી ! - અચકો.
જવાબ-અમે પ્રેમભાવનાં ભૂખ્યાં જી ! - અચકો.

સવાલ-તમે દેવ કિયાં પૂજનારાં જી ?- અચકો.
જવાબ-અમે માણસને ભજનારાં જી ! -અચકો.

સવાલ-તમે કિયાં ગાણાં ગાશો જી ? - અચકો.
જવાબ-અમે સંપનાં ગાશું ગાણાં જી !- અચકો.

સવાલ-તમે કામ તે શાં કરનારાં જી ? - અચકો.
જવાબ- અમે હક માટે ઝૂઝનારાં જી- અચકો.

સવાલ-તમે જાણતલ શું જોનારાં જી ?- અચકો.
જવાબ-અમે શમણાંનાં જોનારાં જી !- અચકો.

જૂથ-૧-આવોને સંગે રહીશું !- અચકો.
જૂથ-૨ જગને સંગે બદલીશું જી ! - અચકો.
જૂથ-૧ પછી દેશવિદેશ ઘુમીશું જી !- અચકો.
જૂથ-૨ સમતાનું ગીત ગજવશું જી !- અચકો.

૧૯૮૬

## બંધન

(મોરલી તે ચાલી રંગ રુસણે-ઢાળ)

કેવાં કેવાં બંધન મને બાંધ્યાં રે, સાહેલડી
કેવાં કેવાં બંધન મેં તો સહ્યાં રે, સાહેલડી.
આજે કોઈની વારી હું તો નહિ રે વળું રે- (૨)
જો જે કેવાં બંધન મારાં તૂટે રે, સાહેલડી....

જનમી તો પગે નાંખી રૂપેરી ઝાંઝરી,
કેડમાં કંદોરો, કંઠે સોનાની હાંસડી,
હાથ પગે નાકે કાને હીરલા મોતીથી મઢી.
નાથવાને અંગે અંગ છેદયાં રે, સાહેલડી......

હુતુતુતુ ખેલતી'તી, આપી દીધાં દોરડાં,
ખૂંદવા'તા ડુંગરા તો સોંપી દીધાં ખોરડાં
ઉઠ કે'તાં ઉઠતી'તી, બેસતી'તી બેસ કહેતાં,
ધસમસ ધોધ મારા રુંધ્યા રે, સાહેલડી.....

ગઢમાં પૂરીને ઝીણી જાળીઓ મેલાવી'તી,
ઘુમટે ઢાંકીને મને સુંદરી બનાવી'તી,
ઓરડે ગોંધીને પછી હિંડોળે ઝૂલાવી'તી,
ચાવીઝૂડો સોંપી દ્વાર વાસ્યાં રે, સાહેલડી....

નીચી આંખ, હળવી ચાલ, શિયળની શી પૂતળી !
વ્રત, ઉપવાસ, ગોર્યો, ત્રીજ ને ફૂલકાજળી,
કુળની મર્યાદા મારે ઈશ્વરની આણ વળી,
હૈયે મારે પાપ-પુણ્ય લાદ્યાં રે, સાહેલડી....

કહે છે દેવી-પતિવ્રતા-માતા કહી પૂજા કરે,
રાધા કહી ભક્તિ કરે, સીતા કહી સતી ગણે,
કરી અપમાન, જૂઠાં માનપાન પદવી દે,
ચ્હેરો ભૂંસી મ્હોરાં પહેરાવ્યાં રે, સાહેલડી....





તમે કોણ ઘડનારા, પૂછવો સવાલ મારે,
કોણ હું, એંધાણી મારી આપવી છે આજ મારે,
કહેવી છે સાચી વાત, જગના મંડપમાં મારે,
સાચાં ગીત, મારાં ગીત ગાવાં રે, સાહેલડી....

જંજીરો તોડીને સ્નેહ સાંકળો ઘડાવશું,
હેત પ્રીત ન્યાયથી આ જગને શણગારશું,
પિંજરું ખોલીને આભ આંગણે ઉતારશું,
જો, જો કેવાં બંધન મારાં તૂટે રે, સાહેલડી......

૮ માર્ચ '૮૬

## બીજો પગ પણ......

સિન્ડ્રેલા !
આ શું ? અટકી કેમ ગઈ ?
આ જો,
તારો એક પગ તો હજી ઉંબરની અંદર જ છે !
બહાર આવતાં કેટલી વાર ?
ભલને, આ બંને કાંટા બાર પર એકઠા થાય,
ભલેને, તું બહાર જ રહી જાય
ને બંધ થઈ જાય આ જડ ને જડબેસલાક બારણાં.
ગુમાવવાં પડશે તો આ તારી સોનેરી મોજડી
અને ખોટુકલા વેશ-વાઘા જ ને ?
સો વોટ ?
આ લટિયાં ઝટિયાં ને
આ લબડતાં ચિંથરાં જ તો છે તારી વાસ્તવિકતા.
આ ઉઘાડા પગ અને ઊંડી ઊતરી ગયેલી આંખો જ તો છે
તારો વર્તમાન.
ચાર દીવાલોની અંદર
ઘરખૂણે ચૂલાની આગળ કે
સાત પડદાની પેલી પાર પણ
તારી હકીકત તો એ જ હતી....એની એ જ.
અલબત્ત, એ લોકોએ
એમની પ્રતિષ્ઠા સાચવી રાખવા
આપ્યાં હતાં તને ફૂલ ગુલાબી ફરાક
પણ એ તો ક્યારે ?.....
-જ્યારે એ લોકો શીખવાડે એ તું શીખે,
એ લોકો બોલાવે એમ તું બોલે,
ચલાવે તેમ ચાલે અને એ લોકોને
ગમે તેમ (ગમેતેમ નહિ) રહે.....તો !
જો......તો
જો.....તો





તો-તો-ને તો જ તને મળે આવાં તેવાં
અભયવચન.
એ લોકોએ દોરેલી લક્ષ્મણરેખાની અંદર
એ લોકોએ મૂકેલા ઘડિયાળના ટકોરે
એ લોકોએ આપેલી ચાવીના તાલેતાલે જ
જો જીવવાનું હોય તારે
તો પછી બોલ !
કઈ બાજુ જવું છે તારે ?
એટલું તો ચોક્કસ કે અંદર તો તું એકલી જ હોઈશ.
પણ બહાર તો હશે અનેકાએક સિન્ડ્રેલાઓ.....
કોઈક કાગળ વીણતી, તો કોઈક શાક વેચતી,
કોઈક વાવતી, તો કોઈક લણતી,
કોઈ ભણાવતી ને વળી ભણતી,
કોઈક કોદાળી સાથે તો કોઈક ખાલી હાથે,
લાકડાં વીણતી કે છોકરાં જણતી,
રાંધતી, સાંધતી કે રસ્તા બાંધતી....
ઉઘાડપગી, ચિંથરેહાલ સિન્ડ્રેલાઓ જ સિન્ડ્રેલાઓ....
અલબત્ત,
હવે કાંઈ એમને માટે કે ન તો તારે માટે
કોઈ સોનાપરી આવવાની નથી
કોઈ જાદુઈ લાકડી અડવાની નથી
કે કોઈ રૂપાળા રાજકુમારની રાહ જોવાની નથી.
ને એય સાચું કે
એક દિવસ તો આ એ લોકોનાં આપેલાં
ચિંથરાંયે નહિ રહે તારી પાસે
અને એ જ તો હશે તારો અનાવરણ વિધિ !
પછી તો તારા શ્વાસ ને તમારા એકમેકના નિઃશ્વાસ ઓઢીને જ
જીવવું પડશે તારે.

પણ તારા નામે કહેવાતી
ગળચટ્ટી પરીકથાની પાંખો તો કાપવી જ રહી, કયારેક....
ને તારી આજુબાજુ વિંટળાયેલા કોશેટામાંથી જ
કાઢી કાઢીને તારે તાર
વણવો જ પડશે સાવ પોતાનો જ પહેરવેશ.
અને ત્યારે એ નહિ હોય છૂપાવા માટેનો, છૂપાવવા માટેનો કે પછી
છટકવા માટેનો છદ્મવેશ !
તો પછી ?
ચાલ,
જો.......સંભળાય છે ?
એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, અગિયાર અને
ખેંચી જ લે હવે તો
બીજો પગ પણ ઉંબર બહાર......

ઓક્ટોબર, ૧૯૮૮

**રચના સંદર્ભ**

અમરેલીના કવિ શ્રી રમેશ પારેખ અને હર્ષદ ચંદારાણાએ એમના કાવ્ય-સામયિક 'મુદ્રાંકન'નો કવયિત્રી વિશેષાંક કાઢવાનું વિચાર્યું. મને અતિથિ સંપાદક તરીકે આમંત્રણ આપ્યું. સો એક જેટલી કવયિત્રીઓને વાંચવા-માણવાની તક મળી -કેટલી રોમાંચક ઘટના ! એ અંકમાં મૂકવા નિમિત્તે આ કાવ્ય રચાયું. 'ભારતીય ભાષા પરિષદ'નાં વિશેષાંક માટે હિંદીમાં પણ એનો અનુવાદ થયો.





## હું પૂછું છું - કેમ ?

દીકરો વ્હાલો, દીકરી નહીં,
હું પૂછું છું કેમ, રે ભાઈ, હું પૂછું છું કેમ ?
સદીઓ જૂનો ભેદ રાખીશું,
આપણે એમનો એમ ? કેમ ? આપણે એમનો એમ.
....કેમ ?
એક જમાનો એવો દીકરી દૂધ પીતી થઈ જાતી
આજે માના પેટમાં જનમ પહેલાં એ ગૂંગળાતી
....કેમ ?
દીકરો જન્મે પેંડા વહેંચો દીકરી હોય જલેબી,
માને ભોંઠપ, બાપને માથે દીકરી બોજા જેવી.
......કેમ ?
દીકરો રમે ગિલ્લીદંડા દીકરીને ઘરકામ,
દીકરો રળી ઘર ઉજાળે, દીકરી પારકે ઠામ.
......કેમ ?
પારકી થાપણ, સાપનો ભારો, દીકરી ગરીબ ગાય
એનાં ઝાઝાં જતન શાનાં, દોરો ત્યાં એ જાય.
......કેમ ?
જેટલાં માનાં, એટલાં બાપનાં, છૈયાં સરખાં બેનાં
એમ છતાંયે માને માથે, આટલાં વૈતરા શેનાં,
......કેમ ?
સરખી કરે મહેનત બન્ને, સંગમાં કરે કામ.
એક ને મળે ઝાઝું વેતન, એક ને છે કમ દામ,
......કેમ ?
ઓરત-મરદ એક ગાડીનાં પૈડાં બે કહેવાય.
એક ઊંચુંને એક છે નીચું, કેમ કરી ચલાય ?
......કેમ ?
જીવતર સૌને માટે સરખું, સુખ દુઃખ સૌનાં સરખાં.
મરદ માણે જીવન, અસ્ત્રી વેઠે દુખડાં સઘળાં,
......કેમ ?

દીકરો દીવો, દીકરો જીવો, ઘરનો મોભી એજ !
એમ કહીને છીનવી લીધાં દીકરી કેરાં તેજ ! -કેમ ?

દીકરી ઝાંખી, તેલ વિનાની જ્યોતિ-થરથર થાય !
માંડ જીવે ત્યાં ઉઝરે કયાંથી ? લૂખું સૂકું એ ખાય -કેમ ?

દીકરો ભણી ઘર ઉજાળે, દીકરીને ઘરકામ !
ભણેગણે તોય એનું થાનક કહેવાય પારકું ઠામ ! -કેમ ?

ભણતરથી ઘડતર કયાં થાતું ? કેવળ અક્ષરજ્ઞાન ?
ઝૂઝવા સંજોગોની સામે કયાં છે તીર-કમાન ? -કેમ ?

ચૂલો-ઊંબર-ચાર દીવાલો-એની એ ઘટમાળ !
પાંખો કાપી, પિંજર આપ્યું ! પાથરી રેશમ-જાળ ! -કેમ ?

એક જ વાડી, એક જ ક્યારી, અલગ તોય ઉછેર !
બીજ વાવીને મૂળિયાં માંહી રેડી દીધું ઝેર ! - કેમ ?

એક કળીથી ફૂલ ખીલે છે, ઝાઝાં ફૂલનો બાગ,
તોયે આ સુંદર સૃષ્ટિમાં નારીનો ના ભાગ ! -કેમ ?

કૈંક યુગોથી ચાલે જગમાં પુરુષ કેરૂં રાજ !
આવો, સાથી ! સાથ મળીને સમતા લાવશું આજ
હવે સમતા લાવશું સાથ.....
જો કે એનાં પ્હેલાંયે એક બાકી રહે છે કામ !
શોષણ, ભૂખમરો, બેકારી રાખશું એમનાં એમ ? -કેમ ?

બધાં દુઃખોનું મૂળ ગરીબી, રાખશું એમની એમ ? -કેમ ?
વર્ગભેદની આ દીવાલો રાખશું એમની એમ ? -કેમ ?

હું પૂછું છું: કેમ ?





**રચના સંદર્ભ**

આમ તો આ ગીત પેલા 'ડુંગરા ડોલ્યા છે' કાર્યક્રમ માટે રચેલું - કેટલીક કડીઓ જ..... પણ પછી કેટલાંક વર્ષો બાદ બહેન દિનાઝે સમાજમાં સ્ત્રી-પુરુષ ભેદભાવની પાછળ રહેલાં મનોવલણોના ઊંડાણમાં ઊતરે ને ઊતારે એવી છ ભાગની TV શ્રેણીનું નિર્માણ કર્યું : "હું પૂછું છું - કેમ ? " એ શ્રેણી માટે આ ગીત રચ્યું.

## લડાઈ : ઉંબરની આ તરફ, પેલી તરફ અને.....

સવારના સાડા પાંચ
એલાર્મ રણકી ઊઠે છે રોજેરોજ
શંખ ફૂંકાય છે
નોબતો ગડગડે છે
અને શરૂ થઈ જાય છે લડાઈ : ઉંબરની આ તરફ-રોજેરોજ.
પછી તો પગ નીચે બસ, પૈડા જ પૈડાં
હાથમાથુંઆંખકાન જાણે મશીનમશીનમશીન.
દિવાસળીનો પહેલો ઝબકાર ભપ્
અને ચૂલો જાય ને સ્ટવ આવે, સ્ટવ જાય ને ગેસ આવે કે પછી
ક્યાંક વગર કાંડીનું ઈલેક્ટ્રીક ઓવેન પણ આવી જાય-આવતીકાલે;
મારે તો સવારથી સાંજ, સાંજથી રાત ને રાતથી મધરાત
સતત સળગતા જ રહેવાનું ને ભવોભવ ? !
સચવાતી મરજીને મરજાદની કદર તો કરકસરપૂર્વક જ કરાય
પણ વેંત સરખું વાંકું પડે તો વહુની વગોવણીનું વલોણું તો વારે ને તહેવારે.
એટલેસ્તો....પાટલો હોય કે પ્લેટફોર્મ-
અહીં કટકે કટકે કપાતી રહી છું,
ઝીણું ઝીણું સમારાતી રહી છું,
જાત ઘસી નાખી છે આ ચાર દીવાલોની અંદર, ફરજની ફર્શ ઉપર
ઘસાતી ગઇ છું,
ઓગળતી ગઈ છું, અલોપ થતી ગઈ છું-દૂધમાં સાકરની જેમ
પણ તક મળતાં જ, થૂ કરીને થૂંકી નાખતાં
એ લોકો
લગારે અચકાતા ખચકાતા નથી.
જીવતર ખારું કોનું ? : મારું કે એમનું ?
ના.
વળતર નથી માગતી વૈતરાનું,
પગાર નથી જોઈતો મારે પ્રેમનો;
પણ ઊભાં રહેવા-ટટ્ટાર ઊભા રહેવા
ભોંય માગું છું સમથળ





આ ઘરમાં-ઉંબરની આ તરફ-એટલીસ્ટ !
......ને સવાર પછી બપોર.
સ્હેજ પૉરો ખાઈ લઉં છું,
સંતાડીને રાખેલું મારું પિયર પંપાળી લઉં છું પળવાર.
ખૂણામાં ખોસી રાખેલી બૅગના તળિયેથી કાઢીને
પીળાં પડી ગયેલાં કવરોમાંનો કોકરવરણો તડકો ઓઢી લઉં છું ઘડીભર.
આડી પડી પડી
અકળાઉં છું, અમળાઉં છું મનોમન....
મારી માને આમ જ, સંતાડીને વાંચવી પડતી'તી 'સરસ્વતીચન્દ્ર'
અને મારે ભાગે આવ્યું સાત પગલાંનું આકાશ-ને તેય સંતાડીને ?......
ખૈર, લો, આ નમતા બપોર અને બાબુલાલની પડી બૂમ દૂધની.
ચા....લો
ફરી પાછી ભપ્ દિવાસળી અને....
આમ ને આમ
ખાણાંના ખેલમાં ને ખેલમાં
દિવસ પૂરો અને રાતની શરૂઆત.
પાનાં ફાટતાં જાય છે-ભીંતે લટકાવેલા કેલેન્ડરનાં
કાંટા ખસતા જાય છે-ભીંતે લટકાવેલા ઘડિયાળના.
કોઈએ ક્યારેય ધ્યાન આપ્યું ખરું કે સમય બદલાતો જાય છે ? !
પણ પાનાં તો ફાટતાં જાય છે, કાંટા તો ખસતા જાય છે,
કેમ કે, કેલેન્ડર છે- ભીંત ઉપર છે.
　　ઘડિયાળ છે-ભીંત ઉપર છે
　　ભીંત છે-અને ઘરમાં છે
　　ઘર છે- અને ભીંતમાં છે
ભીંત અને ઘર, ઘર અને ભીંત........અને.....અને......અને......
બસ.
આમ જ દિવસોના દિવસો પૂરા અને રાતોની રાતોની શરૂઆત.
પણ આજે તો મારે કરવી જ છે આ રાતની વાત;

કેમ કે એ મને કયારેય પૂછવામાં નથી આવી.
મને કયારેય પૂછવામાં નથી આવ્યું અને હું સહેતી આવી છું
કૈં કેટલાય બળ વગરના બળાત્કાર અને માણવી પડી છે
મન વિનાની માઝમ રાતો.
કોઈએ કયારેય સમજવા નથી માગી મારા મનની ભાષા
અને જ્યારે જ્યારે મેં બોલવા મન ખોલ્યું છે ત્યારે ત્યારે
એ લોકો કહે છે, 'ચૂપ ! આ તો ઉંબર બહારની વાત !'
એટલેસ્તો
રોજેરોજ ગરગડીએ વિંટાતી રહી છું ગોળગોળ
ને તીણા કિચૂડાટ સાથે
ઊંડે ઊંડે અંદર
અંધારિયા ભમ્મરિયા હવડ કૂવાને તળિયે
ઠેઠ તળિયે રોજેરોજ
પછડાતી રહી છું ને લોહીલુહાણ થતી રહી છું રોજેરોજ.
રોજેરોજની આ લડાઈમાં
ટપકેલાં ને નહિ ટપકવા પામેલાં લોહીના ટીપાંને,
ટપકેલાં ને નહિ ટપકવા પામેલાં આંસુથી ધોતાંધોતાં
ધોળી ફૂલ જેવી રાખ્યે જાઉં છું આ પથારી.
ઓશિકાના કવર ઉપર
મારે જ હાથે ગૂંથેલાં રંગીન ફૂલો તો હવે સપનામાંયે નથી ડોકાતાં.
ડમરૂ ને ડાકલાંની ડુમ ડુમ ડુમાક ડુમ ડુમ ડુમાક ડુમ ડુમ ડુમાક અને
અડધી રાતે
અધૂરા રહી ગયેલા
બ્લેક એન્ડ વ્હાઈટ
મોનોટોનસ સ્વપ્નમાંથી જાગીને
ઉઘાડીફટ્ટાક આંખે
ચત્તીપાટ પડી હોઉં છું ત્યારે થાય છે કે
ખુદ મારો
ખુદ મારા ઉપર કેટલો અધિકાર ?.....





અને મારામાંનું
કો'ક જણ
ત્યારે મુઠ્ઠીઓ વાળીને દોડી જાય છે, ધસી જાય છે, નાસી છૂટે છે
ઉંબરની બહાર-પેલી તરફ-સડેડાટ.

ઉંબરની બહાર-પેલી તરફ
વળી પાછા ફૂંકાતા શંખ અને ગડગડતી નૉબતો વચ્ચે
મને તો એમ કે
અહીં બસની લાઈનમાં કે દોડતી ટ્રેનોની ધક્કામુક્કીમાં
વાગતી કોણીઓ અને નજરોની અણીઓ જ સામી મળશે
પણ મેં તો જાણ્યું કે અહીં તો
ઊભા મોલ વચ્ચે કે વાડમાં પાડેલા છીંડાની ફાચરમાં
ભરાઈ ગયેલી ઓઢણીના લીરા જ નહિ;
પોલિસચોકીના ફલેપડોરની પાછળ રહેંસાતાં લોહીભીંના પીંછડા જ હવે તો
હાથમાં આવે છે.
મને તો એમ કે
અહીં ઠંડી ક્રૂર ઓફિસોનાં ચમકતાં ટેબલોની પાછળથી
સરકતા સુંવાળા સુગંધી પંજાના ગલીચ નહોર જ ભોંકાતા હશે
પણ અહીં તો જોતજોતામાં
અડધી અડધી ક્ષણોના અંતરે ખોડાઈ ગયેલાં
જાહેરાતી જીવનધોરણોમાં
એક પછી એક મારાં વસ્ત્રો
ઊતારવામાં આવે છે.....શરમશરમશરમ
અને ડરની મારી હું ઘૂસી જાઉં છું કો'ક અંધારિયા સિનેમા હોલમાં
તો અહીં પણ, સામેના પડદા પર
પળે પળે વિંધાતું જોઉં છું મારા માનસસરનું મોતી.
વહશી, ઉન્મત, ઊછળતાં અંગોપાંગોની કાળીધબ્બ છાયાઓમાં
જાતને જોતી જોતી કપાઉં છું ને કરપાઉં છું કળીએ કળીએ.
ડહોળાયેલાં આ દર્પણોને મારે ફોડી નાખવાં છે.

મુક્કી વિંઝું છું આ...મ
ને ખણણણ....ઘચ્ચ્ !
જોઉં છું તો મારો જ હાથ
મારા જ ખભાથી અલગ-અલાયદો-લોહનિંગળતો મારો જ હાથ
આવી જાય છે મારા હાથમાં.

તરફડું છું
છળી મરું છું વિકૃત વરવા વર્તમાનથી
અને ભરાઈ જાઉં છું ભૂતકાળના કોચલાની કૂંણીકૂંણી હૂંફમાં !
ચાલોને, આપણે કાચબો-કાચબો રમીએ....
ચાલોને, આપણે શહામૃગ-શહામૃગ રમીએ....
-અરે ! પણ આ શું ?
અહીં પણ ફૂંકાતા શંખ અને ગડગડતી નૉબતો ? !
અરે, અહીં તો અસ્સલ ને ઓથેન્ટિક, ઓરિજનલ અને ઈન્ડિજીનસ
રણભેરીઓથી ઘેરાયેલાં, મોકળાં મેદાનો અને રચાતી રહેલી વ્યૂહરચનાઓ.
અહીં તો હું
જૌહર, સતીત્વ, વનવાસ અને અગ્નિપરીક્ષાને નામે
હરાતી રહી છું ને હણાતી રહી છું હોંશેહોંશે !
પણ જોઉં છું તો અહીં હું એકલી નથી....
હું ક્યાંય, ક્યારેય, કદીય એકલી નહોતી, એકલી નહિ હોઉં ને એકલી નથી.
અહીં તો
હજારોહજાર વર્ષોથી હજારોહજાર નારીઓની વણઝાર વહી આવી છે
મારી હારોહાર...હણાતી, દુણાતી, દુભાતી હાડોહાડ.
અમારી ગઈ કાલ એટલે તો જાણે એક અનંત યુદ્ધકથા.
કોણે કહેલું કે યુદ્ધસ્ય કથા રમ્યા ? !
કહેનારે કદી અમારો વિચાર કર્યો હશે ?!
જીત અને હારની હિંસક હરોળ પછી હરોળ....
અને જીત પછીની પ્રતિહિંસાનો કાળમીંઢ વાવંટોળ...





સપડાઈએ છીએ.....
જકડાઇએ છીએ....
ફંગોળાઈએ છીએ....
છિન્નભિન્ન થતાં જઈએ છીએ ક્ષણેક્ષણે....યુગે યુગે
કોઈક યુગમાં અમે હતાં ઈન્દ્રાણી,
તો ક્યારેક મંદોદરી;
કોઈ કાળે કુરુકુળની કુળવધૂઓ તો ક્યારેક સાત સમંદરની પાર
કકળતી ટ્રોયનગરની વિધવાઓ પણ અમે જ.
અરે પૂરી પચ્ચાસ પચ્ચાસ શિશિરો વીતી ગઈ છે
હિરોશિમા-વિસ્ફોટને
છતાંય અમારા અકાળે ગળી ગયેલા ગર્ભોને
હાથમાં લઈને હજીયે રવડીએ છીએ અમે
આ યુદ્ધખોર સંસ્કૃતિની શેરીઓમાં.
કહેવાતા અખંડ ઉપખંડની તિરાડોની આ તરફ ને પેલી તરફ
મૂળસોતી ઊખડેલી મારી મા-જણી બહેનોની વ્યથાકથાના
અક્ષરોની શાહી હજી તો લોહીભીની ગંધાય છે
ત્યાં તો
આમ ભોપાલની ગલીએ ગલીએ ભટકતી થઈ ગઈ છે
અમારી આહત, અંધ, વંધ્ય વંશાવલિઓ.
અમે.. ગઈ કાલે પણ
અમે...આજે પણ
અમે અત્યારે પણ
ઊભેઊભાં ને આખેઆખાં ચિરાતાં જઈએ છીએ
અમદાવાદ ને હૈદ્રાબાદમાં,
દિલ્હી, કાનપુર ને મેરઠમાં,
ભિવંડી, મુંબઈ અને સુરતમાં સરે આમ !
લાગે છે કે હવે તો પગ નીચેની ધરતી
આપોઆપ ખસવા લાગી છે.....

પણ ના.
અમારે સમાઈ જવું નથી સીતાની જેમ.
અમારે જીવવું છે અને ઝૂઝવું છે.
અમે હવે જાણીએ છીએ કે ઉંબરની અંદર નહિ, કે સાવ બહાર પણ
નહિ : ચોતરફ ચાલે છે એક જુદી જ લડાઈ, સદીઓથી
અમને ખબર છે
આ લડાઈ પેલી ખોટુકલી માણસખાઉ લડાઈઓને હંમેશને માટે
ખતમ કરી નાખવાની લડાઈ છે.
આખરી લડાઈ-અનોખી લડાઈ.
ક્યારેક એ લડાઈ કોક એકલદોકલ લડયા કરતું હતું
તો ક્યારેક મુઠ્ઠીભર મરજીવાની મંડળી
માથે કફન બાંધીને નીકળી પડતી'તી.
પણ આજે
અને અલબત્ત, આવતી કાલે તો અચૂક
અમે અનેક હોઈશું, અનેકાનેક હોઈશું
આ લડાઈમાં.
જાતે મળીને
સાથે મળીને ઝૂઝતાં હોઈશું
અને જીતીશું ત્યારે જ જંપીશું- આ આખરી લડાઈ -અનોખી લડાઈ.
અમે સમજીએ છીએ કે
આ લડાઈમાં પણ લોહી રેડાવાનું છે, આંસુ રેલાવાનાં છે અને
આપણે કંઈક ગુમાવવાનું પણ છે.
પણ
અમને વિશ્વાસ છે કે એમાં જો કંઈ પણ ગુમાવવાનું હોય તો તે
અમારી આ જંજીરો જ હશે :
જંજીરો-અન્યાયની
જંજીરો-અસમાનતાની
જંજીરો-અપમાનની





જંજીરો-અજ્ઞાનની
જંજીરો-અત્યાચારની
જંજીરો-જુઠ્ઠાં મૂલ્યોની
જંજીરો-ખોટ્ટાં સપનાંની....
અને એટલે જ
ઉંબરની બહાર આવી ગયેલાં અમે સૌ
બોલાવીશું એમને પણ
-જે હજી અંદર રહ્યાં રહ્યાં જ
મરતાં રહે છે રોજેરોજ-બહાર આવવાની બીકે,
    લોહી વહેવાની બીકે,
    કશુંક ગુમાવવાની બીકે.
અમારે
એમને અને તમને સૌને
આટલું જ કહેવાનું છે કે, આવો ! ઉંબરની બહાર....
આપણે આ લડાઈમાં જો કંઈ ગુમાવવાનું હોય તો તે
આપણી જંજીરો જ.

૨૮-૨૯ જાન્યુઆરી, ૧૯૯૩

# આપણા હાથની વાત

સંઘર્ષ
એકતા
સંગઠન
અને ક્રાંતિ

## સાખી ૧

હે જી..... સદીઓ જૂની, યુગો પુરાણી
ચાલ બદલવી આજ હવે,
હે જી, સુણજો સાથી ! સાથે રહેજો,
વાત બદલવી આજ હવે,-રે જી રે.. (૨)
હે જી જાગ્યા ત્યાંથી સવાર ગણજો,
હક ન મળે તો ઝૂંટવજો;
જાગો- ઊઠો-માથું ઊંચકો
દીવે દીવો પેટવજો -રે જી રે....(૨)

## સાખી ૨

હે જી....સૌને રોજી રોટી મળશે
જીવતરનો હક સાંપડશે !
જાત ધરમના ભેદ ભૂંસાશે,
ધરતી સૌની માત હશે, રે જી રે...... (૨)
હે જી......નીડર બનીશું, અડગ રહીશું,
સમજણનાં ફૂલ ફોરમશું,
એક-અતૂટ-અખંડ બનીને,
નવલો ઉત્સવ ઉજવશું-રે જી રે..... (૨)

## અગનપંખી

હાં હાં રે !
અમે પંખીડાં આગનાં ને ખાકનાં
કે ખાકથી ચિરાગનાં રે અગનપંખી, અગનપંખી, અગનપંખી
ધખે હૈયે ધગધગતા અંગારા,
તરફડતાં અંધારાં રે અગનપંખી, અગનપંખી, અગનપંખી

આગ ભીતર નવસર્જનની ધધકે કે જ્યોત એક ભભકે
એ જ્યોતમાં જ જાતે ઝંપાવશું;
પછી સંકોરી રાખને, સમેટી, ને સપનાં સંકેલી
નવજીવનની આરત જગાવશું,
પછી પીંછે પ્રગટશે દીવા, કૈં અગનઘૂંટ પીવા રે અગનપંખી (૩)
આ જૂના કલેવર ઊતારવાં ને નવલાંને ધારવાં રે અગનપંખી (૩)

નહિ ચાલે જીરણ જૂનાં માળખાં કે ખખડધજ્જ ડાળખાં
એને મૂળસોતાં છેદવાં ઉછેદવાં;
નહિ ચાલે આ જુગજૂની રીતો ને ભેદ કેરી ભીંતો
આ ભેદભાવ ભાંગવા ને ભેદવા
પરિવર્તનની સળવળતી ચેતનાનાં, ભડભડતી ઝંખનાનાં અગનપંખી (૩)
જાત હોમીને પામવાની આશા, છે ક્રાન્તિની ભાષા રે અગનપંખી (૩)

જૂઠાં જીવતરની આજ કરી હોળી, દિશાઓ નવી ખોલી
ને ઠેરઠેર મારગ નવલા ખૂલ્યા,
નવું પામ્યાં ગગન, નવો પામ્યાં મરમ
નવસર્જન વિસર્જનથી સાંપડયાં,
હવે અંધારાં ઓસર્યા છે કાળાં, છોડીને ઊડો માળાઃ હો અગનપંખી (૩)
અરે, જાતરા હજી છે બહુ લાંબી, થોડીક બસ આંબી, હો અગનપંખી (૩)

૧૯૮૭





## નવલું પરભાત

ઊગે છે ઊગે છે નવલું પરભાત, હવે
વીતી છે રાત, નવી માંડીશું વાત (૨)

પરસેવો સીંચીને પથ્થર પીગળાવ્યા
બુંદ બુંદ લોહી કરી લીલાછમ બાગ બન્યા
મહેનતનાં ફૂલોની નવલી છે ભાત, ઊગે છે......

રસ્તે, મકાનોમાં, શેરીઓ, દુકાનોમાં
વાડીમાં આંગણમાં, ખેતરમાં, ખાણોમાં
ઝાઝા હાથોનું રૂપ કેવું રળિયાત. ઊગે છે.......

જાગ્યા ને જાગીશું, ઝુઝીશું, જીવીશું,
આજથી જ હક્ક બધા એક એક માંગીશું
સાથે મળીને અમે દઈશું રે સાદ. ઊગે છે.......

૧૯૮૫

**રચના સંદર્ભ**

અમદાવાદની નારીવાદી સંસ્થા 'અવાજ'ના વાર્ષિકોત્સવ માટે લખેલું સમૂહગીત, જે સર્વ સાધારણ હાકલગીત તરીકે ગવાય છે.

## કોણ ?

આપણા તે ગામમાં અંધારું ઘોર ભાઈ !
 દીવડો પેટાવશે કોણ ?.....
સો સો સદીઓથી સાવ પડતર આ ભોંયમાં
 ફૂલડાં ખિલાવશે કોણ ?.......-આપણા.

વહેમ-વમળ ઊંડેરાં, ભેદભાવ ઝાઝેરા
અભણ, અજ્ઞાનીનાં જીવતર ફોગટ ફેરા
આપણી જ ભૂલથી ભૂલાં પડેલાં,
 હવે મારગ બતાવશે કોણ ?......-આપણા.

ઠેરઠેર ગંદકી ને ઘેરઘેર માંદગી
ઠેરઠેર ગંદવાડ, ઘેરઘેર મંદવાડ
આદતનું જોર કેવું જબ્બર પુરાણું
 એ આદત બદલાવશે કોણ ?......-આપણા.

બાધાઓ આંધળી ને માનતાઓ પાંગળી
ભૂતપ્રેત ડાકણની છોડીને આંગળી
માનવતા નામે જે સાચો ધરમ,
 એના મંતર ભણાવશે કોણ ?........-આપણા.

મહેનત હો આપણી ને બરકત હો આપણી
શોષણ મિટાવવાની શક્તિ હો આપણી
કોણ રે વધાવશે નવલો સમાજ ?
 નવો સૂરજ ચમકાવશે કોણ ?.....-આપણા.

સમજીશું આપણે ને બદલીશું આપણે
હેત-પ્રીત-સંપ-ખંત ખીલવશું આપણે
આપણા સિવાય બીજું, શગને સંકોરીને
 જીવતર અજવાળશે કોણ ?.....-આપણા.

મે, ૧૯૮૫





## પાંદે પાંદે મશાલ જો ને......

પાંદે પાંદે મશાલ જો ને, ઝળહળતી છે સાથી મારા !
જંગલ જંગલ નવી ચેતના સળવળતી છે સાથી મારા !

સદીઓથી જંગલનાં ભેરૂ, સદીઓથી કુદરતનાં છોરૂ
અમે ઝાડવાં સાથે જીવતાં, લોહીમાં નદીઓ ખળખળતી છે, સાથી મારા !

અમે ન મૂંગાં ઢોર કદી કંઈ, અમે ન મૂરખ, ચોર કદી કંઈ
અમે તો તાતાં તીર-કામઠાં, નસ નસ જો ને, થનગનતી છે, સાથી મારા !

જીવવાનો અધિકાર અમારો, રળવાનો અધિકાર અમારો
મળે નહીં તો છીનવી લઈશું, એ જ પ્રતિજ્ઞા ધગધગતી છે, સાથી મારા !

જંગલ-જમીન અમે ખેડશું; વેતન-બઢતી લઈને રહેશું,
જીવતરની સૌ સવલત સાથી ! અમને ક્યારે ! ક્યાં મળતી છે, સાથી મારા !

આ તે કેવી આઝાદી છે ? આ તે કોની આઝાદી છે ?
આદિવાસીની જાત રે આજે, શ્વાસને સારુ ટળવળતી છે, સાથી મારા !

લાઠી-સીટી, રેન્જર-પોલિસ, શોષણ, હત્યા, ભૂખભરી ચીસ
હવે વેઠવો જુલ્મ ન સ્હેજે, નજર નજર અહીં બળબળતી છે, સાથી મારા !

હોય સહુને સુખ જ્યાં સરખાં, હોય સહુને હક જ્યાં સરખા
એવી દુનિયા, આપણી દુનિયા; કાલ સવારે સાંપડતી છે, સાથી મારા !

આવો સાથી ! સાથ મળીશું; એક-અતૂટ-અખંડ રહીશું
પૂર્વપટ્ટીના ખૂણે ખૂણે ધરતી આજે ધમધમતી છે, સાથી મારા !

ફેબ્રુઆરી, ૧૯૯૨

## રચના સંદર્ભ

'દિશા' સંસ્થા લગભગ એક દાયકાથી સમગ્ર ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં જનજાગ્રૃતિ અને ન્યાય-સંપાદનનું કામ કરે છે. '૯૨માં આખીય પૂર્વપટ્ટીઓના આદિવાસીઓએ જંગલ જમીન ખેડવા માટે, જંગલ પેદાશ ઉપર પોતાનો હક્ક રાખવા માટે અને અન્ય પ્રશ્નોની રજૂઆત કરવા માટે વિશાળ રેલી કાઢેલી; 'પાદેપાંદે' અને 'જાગી છે' - બંને ગીતોમાં આદિવાસીઓના પ્રસ્તુત પ્રશ્નોની રજુઆત છે. બંને ગીતો આ રેલીમાં ગાવાનાં હાકલ ગીતો છે.

'૯૩માં 'દિશા' એ વળી પાછી પેલી ઝૂંબેશ ઉપાડી. દાહોદમાં આદિવાસીઓની જંગી જાહેર સભામાં 'દિશા' ના મધુસૂદન મિસ્ત્રીએ 'આપણે' ગીત લલકારીને સંબોધનની શરૂઆત કરેલી.





# જંગલનાં છોરૂ

જંગલનાં છોરૂ છીએ આપણે
ડુંગરનાં ભેરૂ છીએ આપણે

ખડતલ ખડક છીએ, ખળખળતાં વ્હેણ છીએ
માટીની મ્હેંક મીઠી આપણે........

આપણી તાકાત છૂપી, આપણા જ હાથમાં
વનનાં માલિક છીએ આપણે......

જીવતર સીધાં સાદાં, રોટલાના તોય વાંધા
શાને કંગાળ છીએ આપણે ?......

કોઈનો વિકાસ કેમ ? આપણો વિનાશ કેમ ?
સીધા સવાલ છીએ આપણે......

જુલ્મોથી ડરશું નહિ, ધાક-ધમકી સ્હેશું નહિ
તીર ને કમાન છીએ આપણે.....

વેઠયું : ના વેઠશું, જાગ્યાં- જગાડશું
ન્યાયનો પોકાર છીએ આપણે......

આપણે તે કોણ અલ્યા ! આદિવાસી બંકડા
હિંમત-વિશ્વાસ છીએ આપણે.......

એકથી અનેક થશું, વન વન ઘૂમી વળશું
હક્કની લડત છીએ આપણે.....

ફેબ્રુઆરી, ૧૯૯૩

## જાગી છે

જાગી છે, જાગી છે, જનતા આજે જાગી છે !
પૂર્વ-પટ્ટીમાં જો ને સાથી !
ઝાળ આ કેવી લાગી છે......જાગી છે.

ડુંગર જાગે, જંગલ જાગે, પછી તો ગામેગામ જાગશે
દાંતાથી તે ડાંગ લગી જો,
મશાલ કેવી દાગી છે.....જાગી છે.

જંગલ-જમીન, રોજી-રોટી
સિંચાઈ-પાણી, વેતન-બઢતી
જીવતર માટેની સૌ સગવડ
વનવાસીએ માગી છે.....જાગી છે.

અત્યાચારના ગયા જમાના
શોષણ ને અન્યાયના દહાડા
હવે ન સ્હેશું; હવે તો કહેશું :
આ કેવી આઝાદી છે ?.....જાગી છે.

ફેબ્રુઆરી, ૧૯૯૨





## સાંકળ

અરે, આવોને સાથી સહુ સાથ
સાંકળ બનાવજો સાબદી.....
એકલ દોકલ જો હોય, ઝટ્ટ થાકી જાય છે
સંગાથે સૌનાં અહીં સટ્ટ કામ થાય છે
ઝાઝાં કરે ઝાઝેરાં કામ...... સાંકળ.

એક એક બુંદથી સમદર છલકાય છે
એક એક કંકરથી ડુંગર ખડકાય છે
એકને બીજાનો આધાર..... સાંકળ.

સાંઠકડી એકલી તો રાંકડી ને બાપડી
ભારો ભેગો કરો તો શક્તિ શી સાંપડી
સાંઠીઓથી ભારો બંધાય....... સાંકળ.

એકલી જો આંગળી તો આંધળી ને પાંગળી
પાંચ મળે આંગળી તો મુઠ્ઠી વળે ફાંકડી
મુઠ્ઠીમાં છુપાયો ઉપાય..... સાંકળ.

સંગાથે હેત વધે, સંગાથે પ્રીત વધે
સંપ મહીં શક્તિ મળે, હિંમત-વિશ્વાસ વધે
સંગઠન છે જીવનનો સાર........ સાંકળ.

મે, ૧૯૮૫

**રચના સંદર્ભ**

નડિયાદસ્થિત 'મેલેરિયા રિસર્ચ સેન્ટર'ના ઉપક્રમે મેલેરિયા નાબૂદી ઝૂંબેશ માટે રચેલું સમૂહગીત.

## નવયુવાનોને

(બિરાદર ગદરના ક્રાંતિગીત પર આધારિત )

ઘરદીવડા તમે આજના
કાલે સૂરજ બનજો જી !
કાલે સૂરજ થઇને સાથી
ઝાકમઝોળ કરજો જી !

સારા આ સંસારમાં,
ધનના કારાગારમાં
કેદ કરોડો માનવબાળ
શોષણ પારાવારમાં !

હવે કલમનાં શસ્ત્ર સજાવો
એક બનીને અલખ જગાવો
થનગનતા યૌવનને હાકલ-
સમતાનું અહીં રાજ લાવો !

દીન દલિતનાં આંસુ લૂછો
દુઃખિયાંનાં દુઃખ જઇને પૂછો
દુનિયાની દીવાલો પરથી
ભેદભાવના અક્ષર ભૂંસો !

માનવમાત્ર સુશિક્ષિત હો
માનવમૂલ્ય સુરક્ષિત હો
મુક્તિ અપાવે એ છે વિદ્યા
મુક્ત, અભય તમ ચિત્ત હો..... ઘરદીવડા.

નવે. ૧૯૯૪





## માનવશક્તિની આરતી

જય માનવશક્તિ ! બોલો, જય માનવશક્તિ !
આખા જગમાં વ્યાપી, આખા જગમાં વ્યાપી,
જય જય જનશક્તિ !......બોલો, જય માનવશક્તિ !

પ્રચંડ તારી કાય; ખળભળતો લાવા...તું ખળભળતો લાવા....
તને રૂંધવા થાતા, તને રોકવા થાતા,
કૈં કાવાદાવા....હા! માનવશક્તિ !

આરંભથી સત્તા સ્વારથના સર્પે દંશ દીધો... (૨)
કુળ, કબીલા, ટોળી, ચામડી કાળી-ધોળી,
ભેદ પ્રથમ કીધો.....હા! માનવશક્તિ !

પછી પાડિયા વર્ણ, શ્રમનું નામ લઈ...હા, શ્રમનું નામ લઈ....
શ્રમજીવીને તોડયા, સામ-દામથી ફોડયાં,
વર્ણવ્યવસ્થા કહી... હા! માનવશક્તિ

ખંડ કર્યા ઉપખંડ; દેશને પ્રદેશમાં તોડયા,.....(૨)
હદ સરહદના વાડા, ભાષાભેદ અખાડા,
શસ્ત્રાસ્ત્રો છોડયાં......હા! માનવશક્તિ !

સલામતીને નામે વળગણ ધરમનાં બહુ સરજ્યાં....(૨)
અફીણ દઈ મૂઢ કીધાં, સ્વર્ગ-નરક દઈ દીધાં,
ભોળાં જન ભરખ્યાં.....હા! માનવશક્તિ !

નાત-જાતનાં તૂત, થર પર થર કીધા.....(૨)
છૂત-અછૂતના વાડા, ઊંચનીચના ખાડા,
આજ લગી કીધા...હાય માનવશક્તિ !

કણકણ થઈને વિખરાતી આ માણસજાતને રોક... તું માણસજાતને રોક....
ઉગામ મુઠ્ઠી તારી, ઉઘાડ હિંમત તારી
તું ધગધગતો ધોધ....જય માનવશક્તિ !

તારી પાસ છે હાથ, છલકતા જોમ-ઝમક-જુસ્સો....છે જોમ-ઝમક-જુસ્સો
કચડાયેલાં તનમન, વેર ઝંખતાં તનમન;
કાળઝાળ ગુસ્સો.... જય માનવશક્તિ !

તારે પક્ષે શ્રમજીવી છે; લાખ્ખો નરનારી.....
બાળમજૂરનાં ટોળાં, અભણ નિરક્ષર ભોળાં
લેશ ન લાચારી....જય માનવશક્તિ !

ભલે રેલતાં રક્ત, છોને જીવન હોમાતાં....છો જીવન હોમાતાં...
પ્રાણ આહૂતિ દેશું, છેક લગી ઝૂઝીશું
કુરબાની ગાતાં.... જય માનવશક્તિ !

ભલે આંગળી પાંચ, એની મુઠ્ઠી વાળીશું.....હા મુઠ્ઠી વાળીશું....
આજ સુધી છો અટક્યાં, આજ સુધી છો ભટક્યાં,
સાટું વાળીશું....હવે જગને બદલીશું.....હવે ક્રાંતિ પેટવશું, જય માનવશક્તિ !

માનવશક્તિની 'આરતી' જે ભાવે ગાશે, હા જે કોઈ ગાશે......
અંધારાં કંઈ ટળશે, બળ ને હિંમત મળશે,
મુક્તિ સાંપડશે.... જય માનવશક્તિ !

૭ ઓક્ટોબર, ૧૯૮૬





# ક્રાંતિનો ગરબો

('મા પાવા તે ગઢથી'-એ ઢાળ)

સખી ! ધગધગતા લોહીથી પ્રગટી છે, આ ક્રાંતિ રે !
એણે સાંભળ્યા પીડિત ચિત્કાર, હોજી ક્રાંતિ રે !

એ તો આંસુ, પસીનાથી નિપજી છે, આ ક્રાંતિ રે !
સુણ્યો જ્યાં જ્યાં જંજીર ઝણકાર, ત્યાં ત્યાં ક્રાંતિ રે !

એક નાની ચિંગારી - શી હૈયામાં, ઝગમગ જલતી,
મચાવશે હાહાકાર, હો જી ક્રાંતિ રે !

સૌ ભૂખ્યાં દુખ્યાંની સાહેલડી છે, આ ક્રાંતિ રે !
નોંધારાનો આધાર; હો જી ક્રાંતિ રે !

ક્યાંક ખેતરમાં લીલીછમ લહેરાતી આ ક્રાંતિ રે,
કૈંક ઝૂકી ગયા જમીનદાર, હો જી ક્રાંતિ રે !

ક્યાંક કારખાને સાંચેથી નીકળી છે, આ ક્રાંતિ રે,
એણે માલિકને કીધો પડકાર; હો જી ક્રાંતિ રે !

એણે સહ્યો નથી અન્યાય, માથું ઊંચક્યું,
એ તો ન્યાયનો લાવી પોકાર હોજી ક્રાંતિ રે !

એ તો લાલ લાલ કાળ ઝાળ, ઓપતી ચંડી ક્રાંતિ રે !
ભડભડતી અગન કેરી ઝાળ, ઝળહળ ક્રાંતિ રે !

એનાં હાથે હથિયાર-લોહિયાળ-ખૂનખાર ખણખણતાં રે,
કરે પળમાં સંહાર પારાવાર, આ તો ક્રાંતિ રે !

એના પગલે સત્તાધારી કંપતા, આ ક્રાંતિ રે !
એના નામથી ધ્રૂજ્યા જુલમગાર, હોજી ક્રાંતિ રે !

ભૂંડા પરધાનો, ભ્રષ્ટાચારી ભાગિયા કે આવી ક્રાંતિ રે !
અહીં કાયરના શા ભાર ? આવી આવી ક્રાંતિ રે !

ઉઠો ! ભૂખ્યાં-દુખ્યાં-ને દુભાયલાં, કે આવી ક્રાંતિ રે !
હવે સહેવા નહિ અત્યાચાર, આવી આવી ક્રાંતિ રે !

સહુ સાથે મળીને ઝીલશું ટક્કર; ઝૂઝીશું;
રગેરગમાં હવે લલકાર; આવી આવી ક્રાંતિ રે !

૨૪ સપ્ટેમ્બર, ૧૯૮૬





## અગનઝાળ

બિ. ગદ્દરના એક ક્રાન્તિગીતનો મુક્તાનુવાદ

અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !
ભૂખ્યાં આ પેટની અગનઝાળ !
આંસુની ધારાની અગનઝાળ !
કકળેલાં હૈયાંની અગનઝાળ !
કાળઝાળ ભડભડતી અગનઝાળ !--

આ છે ધરતીનો પોકાર !
આ છે જંગલનો લલકાર !
હવે આખરી હો ફેંસલો,
નહીં બુઝાવા તૈયાર !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !

અમે વેર - વેર લેશું !
હવે સ્હેજે ના જંપીશું !
ચલો ક્રાન્તિના પંથે,
ખતમ જુલ્મને કરીશું !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !

ખેતરમાં હળ છે સાથે
નહેરોમાં જળ છે સાથે
આ બીજનો પોકાર છે
મજદૂર ! રહેજો સાથે !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !

જુઓ, ભઠ્ઠીઓ જલે છે
ને ચાકડાં ફરે છે
આકાશ ડમરુ બાજે,
અંધાર થરથરે છે !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !

આવી ગયો છે અવસર !
કંપે છે ધરા થરથર !
કચડાયેલાંઓ ! જાગો-
શોષણનું માગો વળતર !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !

ભલે સામે મોટો અજગર !
આપણ કીડીનું લશ્કર !
એ એકલો શું કરશે ?
ભાંગીને ભુક્કો ભર્ભર્ !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !

ઓ સાથી ભગતસિંગના !
સિપાહી અસલ જંગના !
કેસરિયાં કરવા ચાલો,
ઘેઘૂર રક્તરંગનાં !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !

ઈતિહાસને બદલીશું !
દુશ્મનનાં દળ હણીશું !
જનવાદી ક્રાન્તિ કેરાં,
અજવાળાં પાથરીશું !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !

૧ મે, ૧૯૮૭ (મે દિન)





# હવે પલટશું પાસા

નગર નગરની કથા છે; સુણજો :
ગામ ગામની ગાથા,
રે સાથી ! ગામ ગામની ગાથા

શોષણ, અત્યાચારની ભાષા
લાચારી, અન્યાય, હતાશા
સદીઓથી ચોપાટ બિછાવી
હવે પલટશું પાસા..... રે સાથી.

સડો છુપાયો છેક મૂળમાં,
વિષધર ઝેરી રાજકુળમાં;
દંડાતાં નિર્દોષ ને નિર્બળ
નારીનાં સન્માન ધૂળમાં.
અહીં કપટ છે,
ત્યાં મક્કારી,
રોજ કોઈની
ફરે પથારી;
ખૂન - લૂંટ - ચોરી - ગદ્દારી,
પળપળની છે મારા મારી.
કોણ કરાવે આ તોફાનો ?
કોની દાનત સાવ નઠારી ?
કોની મહુવર વાગે અહીંયાં ?
કોણ નચાવે ? કોણ મદારી ?
પકડી પાડો મીઠી કટારી,
જો જો રહે ના છટ્ટકબારી !
આ જ સમય છે,
આ જ વખત છે -
પરિવર્તનની હો તૈયારી.......
પરિવર્તનની હો તૈયારી.... નગર નગરની.......

ભણતર જૂઠું, જીવતર ઝાંખું, બુધ્ધિ ઉપર મોટું તાળું,
ભેદભાવની ભીંતો ચોગમ, તોય ગુલાબી શમણું ભાળું :
એક એક જણ માથું ઊંચકે
એ જ દિવસની આશા..... રે સાથી !

બહુ સહ્યાં અપમાન, હવે ના અમે સહીશું;
ગણી ગણીને આ જ તો સાથી ! બદલો લેશું.
હાથ ચડ્યાં હથિયાર લઇને લડશું - ઝૂઝશું,
સ્વમાન સાથે જીવશું નહિતર ખપી ખૂટશું;
ગણાય છો ને ઘડીઓ
છો ને મળતા જાસા.....
હવે પલટશું પાસા !

અંત નથી આ શરૂઆત છે, જનમનની આ રજૂઆત છે;
પડાવ પહેલો પહેલો સાથી ! હજી તો લાંબી લાંબી વાટ છે,
ઘોર નિરાશા ભેદી ઊગશે
લાલ કસુંબલ આશા......
રે સાથી ! લાલ કસુંબલ આશા.

જુલાઇ, ૧૯૮૭

**રચના સંદર્ભ**

આ સંગ્રહની પ્રસ્તાવનારૂપે આપેલી મારી કેફિયતમાં જેનો સંદર્ભ છે તે 'રાજપરિવર્તન' નાટક માટે આ લાંબી રચના કરેલી; જેના ખંડો પ્રસ્તુત દ્રશ્યોમાં પ્રયોજેલાં.





## જગ - સ્વતંત્રતાનું ગાન

જાગો, જાગો ! ભૂખ્યાં - દુ:ખિયારાં !
હવે સજ્જ કરો હથિયાર !
ક્યાં સુધી સહીશું સાથી !
આ જુલ્મ ને અત્યાચાર ...... જાગો.

આપણા રક્તના ટીપે ટીપે
દિશ દિશ રેલશે રંગ;
સદીઓ પુરાણાં બંધન
સાથે કરીશું ભંગ !
અરે, યુધ્ધ હજી છે બાકી,
સાથે લડીશું જંગ !
ગાઓ ગગનભેદી આ ગર્જન;
જગ - સ્વતંત્રતાનું ગાન ........ જાગો.

સપ્ટેમ્બર '૮૭

**રચના સંદર્ભ**

જગતભરનાં સામ્યવાદીઓનું સંઘગાન -Internationals. - મેઘાણીભાઇએ પણ 'યુગવંદના'માં પોતાની રીતે એનો ભાવાનુવાદ આપ્યો છે - અહીં, સંઘગાન તરીકે ગવાય છે એટલા જ અંશનો મુક્ત ભાવાનુવાદ મૂકીને સંગ્રહનું સૂચક રીતે સમાપન કરું છું..... અંતે એટલું જ કહીશ કે 'અંત નથી - આ શરૂઆત છે'.

‘હું સરળ લખું છું
અને સરળતા શરમજનક નથી’

- બર્ટોલ્ટ બ્રેખ્ત

સંવેદન સાંસ્કૃતિક મંચઃ ‘આપણું સાહિત્ય’ પ્રકાશન શ્રેણીઃ પુસ્ત